
મે, ૨૦૧૪

# પાવન હૃદય દૂત

મૂળ સામયિકની સ્થાપનાઃ ૧૯૧૧
વાર્ષિક લવાજમ ₹ ૧૦૦/-



પોપ જોન પોલ દ્વિતીય

પોપ જોન ૨૩મા

## શ્રીસભાના નવા સંતો

સ્વભાવે પ્રેમાળ અને ધાર્મિક, કુશળ વહીવટકર્તા,
કવિ, લેખક, યાત્રા-પ્રવાસ આયોજક, સેવાભાવી
એવા અમારા વ્હાલા પિતાજી

# શ્રી આલ્ફોન્સ મેકવાન (આર.ડી)

## B.A., L.L.B.ની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે



શ્રી આલ્ફોન્સ મેકવાન (આર.ડી)





પ્રભુએ મુજ પે કરી ભલાઈ,
બદલો હું શુ આપું?
એનો બદલો હું શું આપું.

દયા કૃપાળુ પ્રભુ હે, મુજ પર દયા તમારી રાખો
કરૂણાસાગર, અપરાધો મુજ સહુએ ભૂંસી નાખો.

**પ્રાર્થના, પ્રેમ અને શુભેચ્છા સહ,**

**સિસ્ટર પ્રજ્ઞા મેકવાન**

| પ્રકાશ - મીનલ | આનંદ - શિલ્પા | રશ્મિન - નીતા |
|---|---|---|
| કૃતાર્થ, ઉમંગ | દેવાંશ | કોરલ, સમષ્ટિ |

"શ્રદ્ધા" ક્રિસમસ પાર્ક, પાધરિયા, આણંદ - ૩૮૮૦૦૧

**Mob: 97376 42397**

**"બાળક તો ઈશ્વરનો આશીર્વાદ છે."**

*Many Many Happy Returns Of The Day*
*To Dearest Samip & Jeyul*



*Happy Birthday*

## SAMIP

**Birth date**
**08/05/2013**

**Sachin (Papa)**
**Minal (Mummy)**



પરમપિતાની અસીમ કૃપાથી પ્રાપ્ત થયેલ અમારા
પુત્રો સમીપ અને જેયુલના જન્મદિન નિમિત્તે અમારા
પરિવારના દરેક સભ્યની પ્રેમભરી શુભેચ્છા.



## JEYUL

**Birth date**
**05/05/2002**

**Jayeshbhai (Papa)**
**Manjulaben (Mummy)**

:: શુભેચ્છકો ::

જોન - શાંતા (દાદા-દાદી)
જયંતિભાઈ - પુષ્પાબેન (નાના-નાની)
રંજનબેન જોનભાઈ ખ્રિસ્તી (નાની)

ડૉ. રાકેશકુમાર - ડૉ. જ્યોતિબેન (ફુઆ-ફોઈ)
મુકેશકુમાર - જયવંતિબેન (ફુઆ-ફોઈ)
રૂપેશકુમાર-શૈલાબેન (ફુઆ-ફોઈ)

માર્વિન, જેનીલ, ખંત, જેયુલ અને રેન્સી (ભાઈ-બહેન)



પરમ આદરણીય

# ફાધર પરીઝાની

## ૯૮મી જન્મજયંતિએ શુભેચ્છા

**જન્મ : ૧૩-૦૫-૧૯૧૭**

**ઈસુસંઘમાં પ્રવેશ : ૦૧-૧૦-૧૯૩૩**

નિરામય આયુષ્યની અણનમ સદી પૂરી કરે
તેવી ઈશ્વરને પ્રાર્થના.

**ફાધરો, બ્રધરો, સિસ્ટરો અને ધર્મજનો.**



પ્રવેશ જાહેરાત

પ્રવેશ જાહેરાત

# Loyola Training Centre

ઈન્દિરા નગર પાસે, લોયોલા રોડ, નડિયાદ - ૩૮૭૦૦૨ ફોન નં: (૦૨૬૮) ૨૫૫૮૫૬૫

**ફક્ત બહેનો માટે** | **સેક્રેટરિયલ કોર્ષ (F.O.M.)** | **સંસ્થાકીય કોર્ષ**

સ્પોકન ઇંગ્લિશ કોમ્પ્યુટર્સ (D.C.A.), સેક્રેટરિયલ પ્રૅક્ટિસ તથા એકાઉન્ટિંગના સમન્વય ધરાવતો બહેનો માટેનો સંસ્થાકીય કોર્ષ "ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ (સેક્રેટરિયલ કોર્ષ)

પ્રવેશ માટેની લાયકાત: ધોરણ ૧૨ પાસ

વય મર્યાદા ૨૧ વર્ષ સુધીની બહેનો માટે

કોર્ષની મુદ્દત: ૧૦ માસ (જૂન - ૨૦૧૪ થી માર્ચ - ૨૦૧૫)

**પ્રવેશની વિગત:**

- પ્રવેશ મેળવવા ઈચ્છતી બહેનોએ **તા. ૧૫-૫-૨૦૧૪ થી તા. ૧૦-૬-૨૦૧૪** સુધીમાં સંસ્થાની ઑફિસે કામકાજના સમય દરમ્યાન રૂબરૂમાં પ્રવેશ ફોર્મ ભરીને પરત કરવું.
- ઈન્ટરવ્યૂના આધાર પ્રવેશ આપવામાં આવશે.
- ચાલુ વર્ષે ધોરણ-૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીનીઓ પણ પ્રવેશ ફોર્મ ભરી શકશે.

## સંસ્થાકીય કોર્ષ (ભાઈઓ/બહેનો માટે)

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત |
|---|---|---|
| English *with* Computers<br>(Diploma in Computer Application | ૧૦ - માસ<br>(જૂન ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૫) | ધોરણ ૧૨ પાસ |

**પ્રવેશ મેળવવા તથા ફોર્મ ભરીને પરત કરવાની તા: ૧૫-૫-૨૦૧૪ થી તા. ૧૦-૬-૨૦૧૪**

**વિશેષતા:** ઇંગ્લિશ શીખવા માટે ઇંગ્લિશ લેંગ્વેજ લેબ તથા કમ્પ્યુટર શીખવા માટે અલગ કમ્પ્યુટર લેબ દ્વારા વિદ્યાર્થી દીઠ અલગ-અલગ અને પર્સનલ કમ્પ્યુટર

પ્રવેશ મેળવવા દરેક વિદ્યાર્થીએ હોસ્ટેલમાં રહેવું ફરજિયાત છે.

:: વધુ માહિતી માટે ઉપર દર્શાવેલ સરનામે સંપર્ક કરવો. ::

Publisher's Name

Jerry Leo Sequeira, S.J.
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Place of Publication

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Printer's Name

Jerry Leo Sequeira, S.J.
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Printing at

Anand Press
P.B. No. 95, Gamdi - Anand - 388001, Gujarat

Editor's Name

Dr. Thomas Parmar
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat



**માનદ્ તંત્રી:**
ડો. ફાધર વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
ડો. થોમસ પરમાર (મો: ૯૮૨૫૩૮૪૬૨૩)

**સહતંત્રી:**
રાજુલ આઝાદ (મો: ૯૯૨૪૮ ૯૮૫૯૪)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, ડો. પ્રીતિ રાઠોડ,
ફ્રાન્સિસ કાનીસ, ફાધર રિચર્ડ લોપીસ,
ફાધર આરસકુમાર રાયપ્પન,

**જાહેરાત અને પ્રસાર**
જયંતીભાઈ આર. પરમાર

**લવાજમ**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



અંક: ૫ વર્ષ: ૨૦૧૪

પાવન હૃદય
દૂત


# અનુક્રમણિકા


**તંત્રીની કલમે**

પ્રસન્ન દામ્પત્ય-કુટુંબ અને સમાજની શાંતિનું બીજ ❊ ડો. થોમસ પરમાર ૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૯

શશીકાંત આર. પરમાર ❊ સુરેન્દ્ર આસ્થાવાદી ❊ સવિતાબહેન પરમાર
❊ કૃણાલ અતુલ પટેલિયા ❊ કલ્પેશ સોલંકી 'કલ્પ'

**તમારો પત્ર** ૧૦

યોગેશ પી. જોષી ❊ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ❊ જેકબ સીલ્વેસ્ટર મેકવાન
❊ શાંતિલાલ મેકવાન ❊ ઈગ્નાસ કે. પરમાર

**લેખો**

શુભસંદેશનો આનંદ ❊ સંકલન: ફાધર એન્ડ્રુ સિલ્વેરા, એસ.જે. ૧૨
દાંપત્યજીવનની ગરિમા ❊ ઈન્દુ રાવ ૧૫
આવ્યો મે મહિનો, દિલ મારું રાચે... ❊ સિસ્ટર વિજયા ઓ.પી ૧૮
હું એક મા છું ❊ વિમળા બાસીલ પરમાર ૨૦
મારે જીવવું છે ❊ ડો. આર. કે. પરમાર ૨૧
વિશ્વ તમાકુ નિષેધદિન ❊ બકુલ મેકવાન ૨૨
જીવનને એક વિશેષ 'વિશેષણ'વાળું બનાવીએ ❊ દોમિનિક ડાભી ૨૪
હવે કાલથી વેકેશન ❊ આઈ. ડી. પરમાર ૨૬

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૯-૩૨

વિશ્વ કામદારદિન ❊ ઈશ્વર વાઘેલા ૩૪
મે મહિનાનો પ્રાર્થના હેતુ ❊ બ્રધર જેસુ રાજ ૩૬
જીવનમાં દુ:ખ શા માટે આવે છે? ❊ પટેલિયા અલ્પેશકુમાર કનુભાઈ ૩૯
મે – જૂન મહિનાના શાસ્ત્રપાઠો ❊ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૪૦

**પંખીની પાંખે (સંપાદક: રાજુલ આઝાદ)** ૫૨


**આવરણ:** ધર્મસભાએ બે વડાધર્મગુરુઓ (પાવનપિતા પોપ) – જોન ૨૩મા અને જોન પાઉલ બીજાને સંત તરીકે જાહેર કર્યા છે. આ બંને વડાધર્મગુરુઓને સંતની શ્રેણીમાં મૂકવાની વિધિ (Canonize) તા. ૨૭ એપ્રિલ, ૨૦૧૪ના રોજ રોમ ખાતે થવાની છે. પોપ ૨૩મા જોન શ્રી સભાના ઈતિહાસમાં મહાન કાર્યો કરી ગયા. એમનું સૌથી મહત્ત્વનું કાર્ય એ એમણે બોલાવેલી કેથલિક શ્રીસભાની ૨૧મી - વેટિકન બીજી - વિશ્વસભા છે. પોપ જોન પાઉલ બીજાના કાળમાં ધર્મના જ નહિ, રાજકારણના પ્રવાહો બદલાયા. ધર્મસભામાં નવાં દ્વાર અને નૂતન બારીઓ ઉઘડી. શુભસંદેશ અને સંસ્કૃતિને એમણે ભારે સાહસિકતાથી સમરસ કરી બતાવ્યા. ધર્મસભા આ બંને વડાધર્મગુરુઓની ઋણી રહેશે. આ બંને આપણા વડાધર્મગુરુઓને સંતની શ્રેણીમાં મૂકવામાં આવી રહ્યા છે ત્યારે આપણા સૌ માટે તે આનંદ અને ગૌરવની બાબત છે.


(સંત પદની વિધિનો અહેવાલ અને ફોટા આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.)

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ

## શાસ્ત્રવાણી

"વિવાહિતોને મારી આજ્ઞા છે કે – મારી નહિ પ્રભુની આજ્ઞા છે કે પત્નીએ પતિથી જુદા ન થવું; પણ જો તે જુદી થાય જ, તો તેણે કાંતો અપરણિત રહેવું અથવા પતિ સાથે સમાધાન કરી લેવું; અને પતિએ પત્નીને છૂટાછેડા ન આપવા." (કરિંથ ૭:૧૦-૧૧)

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧

### કાર્યાલયનો સમયઃ

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### જાહેરખબરના દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૯,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૯,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૬,૦૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૩,૦૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૫૦૦ |
| ટચુકડી | : | રૂા. ૫૦૦ |

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICICI 0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**



# તંત્રીની કલમે...

# પ્રસન્ન દામ્પત્ય-કુટુંબ અને સમાજની શાંતિનું બીજ

એક કુટુંબ બનાવો સહુનું,
એક કુટુંબ બનાવો.

આ ભજન આપણે દેવળમાં અનેકવાર ગાતા હોઈએ છીએ. તેનો ઢાળ ખૂબજ કર્ણપ્રિય અને તેના શબ્દો ઘણાં હૃદયસ્પર્શી છે. વારંવાર તે ગાવું અને સાંભળવું ગમે છે. ૧૫મી મેના રોજ આંતરરાષ્ટ્રિય કુટુંબદિન છે ત્યારે ભજનની આ પંક્તિઓ સાચે જ તે દિવસને બરાબર બંધ બેસે છે. આ પંક્તિઓમાં કુટુંબને એક બનાવવાની પ્રભુને પ્રાર્થના કરવામાં આવી છે. આજના જમાનાને જોઈએ તો આ પ્રાર્થના વ્યાજબી છે; કારણ કે આપણા આજના જમાનામાં કુટુંબો તૂટી રહ્યાં છે, વિભક્ત થઈ રહ્યાં છે. કુટુંબ એટલે એક જ ઘરની છત્રછાયા નીચે રહેતાં અને એક રસોડે જમતાં પતિ-પત્ની, સંતાનો અને દાદા-દાદીનો પરિવાર. ક્યારેક આશ્રિત તરીકે અપરિણીત કે નિ:સંતાન વિધવા દીકરી કે નિરાધાર સગાં પણ તેમાં રહેતાં હોય. આપણી ભારતીય સમાજ વ્યવસ્થામાં તો સંયુક્ત કુટુંબની પરંપરા છે. બધાંયે સાથે જ રહેવાનું. દીકરા મોટા થાય, પરણે ત્યારે તેમનો સંસાર પણ એક જ ઘરમાં ચાલે. સંપથી હળીભળીને આનંદથી રહેતું કુટુંબ જાણે કે ઈશ્વરની હરિયાળી વાડી સમાન છે. જુદાં જુદાં રંગબેરંગી ફૂલોથી વાડી કેવી રળિયામણી લાગે છે! તે જ રીતે જુદા જુદા વિચારો અને ટેવો ધરાવતી વ્યક્તિઓ વડે કુટુંબરૂપી વાડી પણ રળિયામણી લાગે છે. વાડીને સુંદર બનાવવામાં જેમ દરેક ફૂલ અને છોડનો ફાળો હોય છે, તેમ કુટુંબને પણ આનંદિત અને વિકસિત બનાવવામાં દરેક વ્યક્તિનો પણ નાનો-મોટો ફાળો હોય છે જ. વ્યક્તિ કુટુંબ વડે ઘડાય છે, અને કુટુંબ પણ વ્યક્તિ દ્વારા ઘડાય છે. એકનું ઘડતર એ બીજાનું પણ ઘડતર છે અને એકનું પતન એ બીજાનું પણ પતન છે. આમ વ્યક્તિ અને કુટુંબનો વિકાસ કે પતન પરસ્પર અવલંબિત છે. નોકરી-ધંધા કે ભણતરની જવાબદારીઓની વ્યસ્તતાને લીધે બપોરનું ભોજન સાથે ન લેવાય તે સ્વાભાવિક છે, પણ રાત્રીનું ભોજન કુટુંબના બધા જ લોકો સાથે લે તેનાથી એકબીજાની વધુ નજીક આવી શકાય છે. જમતી વખતે દરેક, પોતાના આખા દિવસના બનેલા બનાવો, અનુભવો કે આવેલા વિચારોને વ્યક્ત કરે છે. મનને ખુલ્લું મૂકવાનો મોકો મળે છે. આનાથી ઘરની, સમાજની કે જગતની ઘટનાઓ વિશે ચર્ચા કરવાની તક મળે છે. શ્રવણ અને વક્તૃત્વની જાણે કે તાલીમ મળે છે. જમ્યા પછી પ્રાર્થના કર્યા બાદ, સૌ સૂવા માટે જાય ત્યારે પૌત્ર કે પૌત્રી દાદા-દાદી પાસેથી વાર્તા સાંભળવાનો આગ્રહ રાખે છે. દાદી-દાદી પણ હોંશથી પૌત્ર-પૌત્રીને 'એક હતો રાજા અને એક હતી રાણી'ની વાત સંભળાવે છે. બાળક પણ એ વાર્તા સાંભળતાં સાંભળતાં પોઢી જાય છે. આ છે એક આદર્શ કુટુંબ. આવા આદર્શ કુટુંબમાં શાંતિ હોય જ. કુટુંબમાં જો શાંતિ સ્થપાય તો સમાજમાં પણ શાંતિ એની મેળે આવશે. ક્રમશ: એ શાંતિ રાષ્ટ્રમાં પણ ફેલાશે.

કુટુંબ અને સમાજની શાંતિના પાયામાં પ્રસન્ન દામ્પત્ય છે. પતિ-પત્ની વચ્ચે જો એકરાગ હશે, પ્રેમ, લાગણી હશે, એકબીજાને સમજવાની શક્તિ હશે તો તેઓ વચ્ચે પ્રસન્નતા - આનંદની સ્થાપના થશે. દંપતિ પ્રસન્ન હશે તો કુટુંબમાં પ્રસન્નતા આવશે અને કુટુંબ જો પ્રસન્ન હશે તો સમાજમાં પણ પ્રસન્નતા આવશે. સોનગઢ આશ્રમના કારાણી સાહેબ કવિ નાનાલાલના સાહિત્યના અચ્છા અભ્યાસુ; તેઓ કહેતા, 'વિશ્વશાંતિનું બીજ પ્રસન્ન દામ્પત્યમાં છે.' પ્રસન્ન અને સત્વશીલ દામ્પત્ય સમાજને અને વિશ્વને કેટલું બધું આપી શકે? કવિ નરસિંહ મહેતા અને કવિ નાનાલાલની બંનેની પત્નીઓનું નામ માણેકબા હતું. બંનેનું દામ્પત્ય સમૃદ્ધ હતું. તેથી તો નરસિંહ પાસેથી તત્ત્વચિંતનથી પૂર્ણ કવિતાનો વારસો મળ્યો, અને કવિ નાનાલાલે પણ પોતાની કૃતિઓથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું. કવિ નાનાલાલે ગૃહિણીને 'સંસ્કૃતિનું પુષ્પ' કહીને બિરદાવી છે. એક જગ્યાએ તેઓ કહે છે:

અહો મહાભાગ તળાવ તીર
અહો મહાભાગ હુંયે લગીર
જેવી તમારાં જળમાં વનશ્રી,
તેવી જ મારા ઉરમાં કુલશ્રી

અહીં કવિએ પત્નીને કુલશ્રી અર્થાત્ કુળની શ્રી તરીકે ઓળખાવી છે.

ગાંધીજી અને કસ્તુરબાનું દામ્પત્ય જીવન અનોખું હતું. ગાંધીજી કસ્તુરબાને 'બા' કહીને સંબોધતા હતા એ આપણે સૌ કોઈ જાણીએ છીએ.

તેમના આ સંબંધોમાં હિમાલય જેવડી ઊંચાઈ જોવા મળે છે. કસ્તુરબાના મૃત્યુ વખતે ગ્લાન વદને બેઠેલા ગાંધીજીની મનોવેદનાને કોઈ સિદ્ધહસ્ત ચિત્રકાર પણ આલેખી ન શકે તેવી હતી. આ દંપતીના મિત્ર હિરેસ એલેક્ષઝાન્ડર નોંધે છે કે, "બા અને બાપુ એક ઘરમાં હોય, પાસપાસેના ઓરડામાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહિ, પણ આપણને આખો વખત લાગ્યા કરે કે, બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે."

મેં અનેક પ્રસન્ન અને અપ્રસન્ન દંપતીઓ જોયાં છે. પણ આપણે માત્ર પ્રસન્ન દંપતીઓની જ વાત કરીએ. દેવળમાં કેટલાંક પતિ-પત્નીઓને સાથે જ જોઉં છું. પ્રાર્થનામાં તન્મય થઈને ભક્તિરસના પિયાલા પીને થયેલો આધ્યાત્મિક સંતોષ તેમના મુખ પર જોવા મળે છે. મારા ઘર આગળના રોડ પરથી સવાર-સાંજ વોકિંગ માટે નીકળતાં સિનિયર દંપતીઓને જોઈને મન ઘણું જ હરખાય છે. બંને વચ્ચેના ઐક્યનાં દર્શન થાય છે. જાણે કે made for each other - એકબીજા માટે સર્જાયાં ન હોય!

મારા એક મિત્રના પ્રસન્ન દાંપત્યજીવનનો હું સાક્ષી છું. તેમના ઘેર અવારનવાર મારે જવાનું થતું. બન્ને હંમેશાં જુદાજુદા વિષયો પર ચર્ચા વિચારણા કરતાં હોય. ઉતરાયણના દિવસે હું તેમના ધાબા પર અચૂક હોઉં. પત્ની ફીરકી પકડે અને મિત્ર પતંગ ચગાવે. પતંગ કપાઈ જાય એટલે મિત્ર તડૂકી ઊઠે. 'તું ફીરકી બરાબર પકડતી નથી એટલે પતંગ કપાઈ જાય છે.' પત્ની પ્રત્યુત્તર વાળે, 'ફીરકી મારે જ પકડવાની? તારો ભાઈબંધ શા કામનો?' હું તરત જ જવાબ વાળતો કે, 'હું કંઈ ફીરકી પકડવા નથી આવ્યો.' આવી મીઠી રકઝક ચાલે. પત્ની નીચે જતાં રહે અને થોડીવારમાં નાસ્તો લઈને આવે, ફરીથી પાછા ફીરકી પકડી લે. ત્યારે મને થતું કે પતિ-પત્ની વચ્ચેના સંબંધ પતંગ અને ફીરકી જેવા છે. બંને સાથે હોય તો જ જીવનરૂપી ઉતરાયણની મઝા માણી શકાય. એકલી પતંગ કે એકલી ફીરકીથી ઉતરાયણ ન ઉજવાય. આકાશમાં ક્યારેક તમે ચંદ્ર અને શુક્રના તારાની યુતિ જોઈ હશે. પતિ-પત્નીના સંબંધ પણ ચંદ્ર અને શુક્રની યુતિ જેવા હોય છે. ક્યારેક નજીક તો ક્યારેક દૂર. એકવાર પત્નીની તબિયત બગડી, કોમામાં સરી પડ્યાં અને વેન્ટીલેટર પર મૂકવા પડ્યાં. અને અંતે મૃત્યુ પામ્યા. મિત્રની ગ્લાનિ મે તેમનાં મોં પર દીઠી. મને પ્રશ્ન થયો કે, હવે ઉતરાયણે મિત્રની ફીરકી કોણ પકડશે? બંને વચ્ચેનો 'તુંકારો' મને ખૂબ ગમતો, કારણ કે એમાં પતિપણાનો ભાવ ઢંકાઈ જતો, અને માત્ર બંને વચ્ચેનો મિત્રભાવ જ જોવા મળે.

આવાં પ્રસન્ન દામ્પત્યો, કુટુંબને અને સમાજને પણ પ્રસન્ન બનાવે છે. જાણીતા ચિંતક અને 'પ્રબુદ્ધ જીવન (૬૨ વર્ષથી ચાલતું જૈન સામયિક)ના તંત્રીશ્રી ડો. ધનવંત શાહ આ બધાંને 'દામ્પત્ય તીર્થો' તરીકે બિરદાવે છે. હિન્દી ફિલ્મ 'બરફી'ની હીરોઈન ઈલિયાના ડિક્રૂઝ તેના પ્રેમસંબંધ વિશે પૂછતાં જણાવે છે કે, "મારી પ્રાઈવેટ લાઈફ એ પ્રાઈવેટ જ છે. મારા માટે મેરેજ જરૂરી નથી. હું માનું છું કે, એ ઓવરડેટેડ છે. હું ઈચ્છું છું કે, મારો પાર્ટનર મને કમિટેડ રહે, પરંતુ જસ્ટ મેરેજ કર્યાં હોવાને લીધે જ મારી પડખે રહે એમ હું ઈચ્છતી નથી." (Ahmedabad Times, તા. ૨૭-૦૩-૨૦૧૪). ઈલિયાનાની જેમ ઘણાં યુવાનો એમ ગૌરવથી કહેતા હોય છે કે, "મને આવાં પરંપરાગત લગ્નોમાં વિશ્વાસ નથી." આ છે આજના યુવાવર્ગની લગ્ન વિશેની દૃષ્ટિ. પ્રસન્ન દામ્પત્યો આવી દૃષ્ટિ ધરાવતા લોકોને લગ્ન જીવનનો સાચો માર્ગ ચીંધે છે. 'દૂત'માં લગ્નનાં ૨૫, ૪૦ કે ૫૦ વર્ષ પૂરાં થયાની આવતી જાહેરાતો આ લોકોએ જોવી અને વાંચવી જોઈએ. તે બધાં પરંપરાગત લગ્ન જ હતાં. આજે લગ્નપ્રથા ઝડપથી તૂટતી જઈ રહી છે, છૂટાછેડાની સંખ્યા વધી રહી છે. લીવ ઈન રિલેશન (લગ્ન કર્યા વિના સાથે રહેવું તે)નો પવન ફૂંકાઈ રહ્યો છે. આની પહેલાં 'મૈત્રી કરાર'ની પ્રથા પ્રચલિત થઈ હતી. અત્યારે ઈન્સ્ટન્ટના જમાનામાં ઈન્સ્ટન્ટ લગ્નો થાય છે, અને ડિવોર્સ પણ ઈન્સ્ટન્ટ થાય છે. એનું કારણ લગ્નની પવિત્રતા અને ગંભીરતાને સમજવામાં આવી નથી. ડો. ધનવંત શાહ લગ્ન સંસ્થાની સમજણ આપતાં જણાવે છે કે, "પરાપૂર્વથી પ્રચલિત અને સર્વ સંસ્કૃતિ દ્વારા સ્વીકૃત લગ્ન પરંપરા એક સામાજિક શિસ્ત છે, પશુતાથી તે બચાવી પ્રભુતા બક્ષે છે, રસની એ પાળ છે, વિશ્વાસનો એ હિમાલય છે, ભવિષ્યમાં આવનાર બાળજીવનું એ કવચ છે, અન્યોન્યની હૂંફ છે, એમાં સમર્પણની સુગંધ છે, તે પ્રેમનું સર્વોચ્ચ શિખર છે, એના ઉલ્લાસમાં વિકાસ છે, એક બીજાની અપૂર્ણતાની એ અનુપૂર્તિ છે અને અંતે એ દિવ્યતાની સહયાત્રા છે." લગ્નની પવિત્રતાને પોંખતાં કવિ નાનાલાલ જણાવે છે કે,

લગ્ન પ્રાણ વિકાસનું વ્રત છે
સ્વર્ગપંથનું પગથિયું છે
માનવ બાળનો ધર્મ્ય માર્ગ છે
પરણવું તે તો પ્રભુતામાં પગલાં માંડવાં.

યુવક-યુવતીઓ લગ્નની આ ગંભીરતા અને પવિત્રતા સમજીને લગ્નજીવનનો પ્રારંભ કરે તો દામ્પત્ય જીવન પ્રસન્ન થવાનું જ, તેમાં શંકાને કોઈ સ્થાન નથી. મે-જૂન મહિનો એટલે લગ્નગાળો. અનેક યુવક-યુવતીઓ લગ્નના પવિત્ર બંધનથી બંધાશે ત્યારે તેઓ લગ્નની પવિત્રતા અને ગંભીરતા ધ્યાનમાં લે અને અમલમાં મૂકે. જો આમ થશે તો સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ ઘટશે, અને પ્રસન્ન દામ્પત્યો જોવા મળશે. આવાં પ્રસન્ન દામ્પત્યો દ્વારા જ કુટુંબ અને સમાજમાં શાંતિ લાવી શકાશે.

— થોમસ પરમાર

dr.thomasparmar@gmail.com

(**આધાર:** પ્રબુદ્ધ જીવન, માર્ચ - ૨૦૧૪નો
તંત્રી લેખ, 'દામ્પત્ય તીર્થો - લગ્ન સંસ્થા,'
ડો. ધનવંત શાહ)

# કાવ્યધારા



### સમય થઈ ગયો

જોતજોતામાં તો બાળપણથી જુવાની,
ઘડપણનો થઈ ગયો સમય!
સપના કંઈક સાકાર કરવાનો
સમય થઈ ગયો...

બાળપણના મિત્રો —
સાથે રમતા, ગાતા, ખાતા,
એ ક્યાંક જતા રહ્યા —
કોણ જાણે ક્યાં?

એમને ફરી એકવાર મળવાનો
સમય થઈ ગયો...
ક્યાં છે સમય
મળવાનો, વાત કરવાનો,
જોવાનો, બોલાવવાનો ને
સાથે ખાવાનો?
એ વિચાર કરતાં કરતાં જ
ઘડપણનો સમય થઈ ગયો...

વાતો જૂની ભૂલાવી ચાલી,
મળ્યા ત્યારે
કબરમાં જવાનો સમય થઈ ગયો...

— શશીકાંત આર. મેકવાન

### મહાનતાની મૂરત — મા !

બાલુડાનાં દિલ બહલાવે મા,
આંખેથી અમૃત વરસાવે મા.
મીઠલડો મધુરસ છલકાવે મા,
મમતાથી મનડાં મલકાવે મા!

અશ્રુ બાળકનાં લૂછનારી મા,
પળે પળે ખબરો પૂછનારી મા,
શિશુ હસે ત્યારે ઝૂલનારી મા,
ભૂલકાંની ભૂલને ભૂલનારી મા!

શોધું અવ ના મળે વહાલી મા,
મૂકી અમોને ગઈ છે ચાલી મા,
માતૃદિન આવ્યો છે મારી મા,
કેમ કરી ઊજવાશે મારી મા!

— સુરેન્દ્ર આસ્થાવાદી

### રઘવાયો માણસ

હાંફળો ફાંફળો દોડતો માણસ,
સમયને નાથવા મથતો માણસ!

ધર્મસ્થાનોમાં શિર ઝૂકાવતો,
પ્રેમ આસ્થાને ઢૂંઢતો માણસ!

શહેરની ઝાકમઝોળે અંજાતો,
સપનાંની રાખ ફંફોસતો માણસ!

નીતિ-રીતિને નેવે હડસેલી,
મૃગજળ પાછળ ભાગતો માણસ!

રઘવાયો બની કાંક શોધતો રહેતો,
રાત અજંપાની ઓઢતો માણસ!

— સવિતાબહેન પરમાર

### જિંદગી એનું નામ

સંબંધોની પવિત્ર માયાજાળમાં
વીંટળાઈને જીવવું - એનું નામ જિંદગી!

જીવવાની અદા સાથે મજા તથા સજા
માણતા રહેવું - એનું નામ જિંદગી!

દિલથી દિલનો તાર બાંધીને
યાદોને વાગોળવી - એનું નામ જિંદગી!

ધર્મને અતુલ્ય કર્મથી
બજાવવો - એનું નામ જિંદગી!
પુનિત આત્મામાં રહીને
સ્વર્ગમાં જવાની ઈચ્છા - એનું નામ
જિંદગી!

માતા-પિતાના પ્રેમસાગરનો
અનુભવ જે કરાવે - એનું નામ જિંદગી!

— કૃણાલ અતુલ પટેલિયા

### રાત છે

સાવ નોખી વાત છે,
ફૂલ જેવી જાત છે!

ચાંદ વિના ચાંદની,
આજ જુદી રાત છે!

છો, હવે નોખા તમે,
એજ મારી ઘાત છે!

ઝાંઝવાને થાય છે,
કોક મુલાકાત છે!

એ રહે એકાંતમાં,
જાત મારી બાદ છે!

— કલ્પેશ સોલંકી 'કલ્પ'

**સરનામું:**

**ડો. સિલાસ પટેલિયા**

૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony,
ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા
વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮

# તમારો પત્ર




**(૧)**

જાન્યુ-ફેબ્રુ-૨૦૧૪ના અંકમાં રાજુલ આઝાદનો ઈન્ટરવ્યૂ લેખ - વિશાળ હૃદયનાં ઉઘાડાં દ્વાર પરથી નામદાર પોપશ્રીનું આધ્યાત્મિક જ્ઞાન, સાદગી, નમ્રતા અને ડહાપણભર્યું વ્યક્તિત્વ ઉપસી આવે છે. સમજદારી સૂચવતો લેખ તેના જ શબ્દોમાં - "પ્રભુને મળવાનો સમય અને સ્થળ તમે નક્કી કરતા નથી, તેથી તમારે તેનો ભેટો થવા અંગેની સમજણ રાખવી પડે." પ્રભુના માર્ગને માટે નાનકડું વાક્ય અતિ મહત્ત્વનું રહ્યું. જોન ફિલિપ મેકવાનનો લેખ 'સુલેમાનથી મારીચો' ઉત્તમ તો રહ્યો છે, પણ અંતમાં તેમણે કરેલી રજૂઆત ઈસુને ક્રૂસે જડવાની બાબતમાં લેખકે કુરાનનું ટિપ્પણ - અલ્લાહે મોકલેલા કોઈપણ પયગંબર કે નબીને તેવું થયું નથી-વાક્ય પ્રભુ ઈસુ ખ્રિસ્તને બંધબેસતું લાગતું નથી, કારણ કુરાનમાં તેના જ પયગંબર વિશેની વાતને ઈસુની (જે બાઈબલમાં આલેખાયા છે) કથાને બીજા કોઈપણ ગ્રંથના આધારે મુલવી શકીએ નહીં જ. માર્ચ, ૨૦૧૪ના તંત્રીની કલમમાં અમારી બાજુના પોરબંદર વિસ્તારનાં ખ્રિસ્તી લેખિકા એસ્તરબાઈ ખીમચંદનો લેખ વાંચી આનંદ થયો. લેખક થોમસ પરમારે વર્ષો પૂર્વેના બનાવને પણ ધ્યાનમાં લઈ તેની માહિતી આપી છે. તે અતિ મહત્ત્વનું પગલું ગણાય. ખરેખર લેખકશ્રી પ્રત્યે માન ઉપજી જાય છે. માસવાર આવતા શાસ્ત્રપાઠો ખરેખર ખ્રિસ્તી સામયિક 'દૂત' માટે મહત્વનાં અંગ સમાં બની રહે છે. માર્ચ માસના મહત્ત્વના દિવસોને અનુરૂપ લેખો પસંદ કરવા બદલ તંત્રીશ્રીને દાદ આપવી ઘટે. કાવ્ય વગેરે સુંદર રહ્યાં.

— યોગેશ પી. જોષી (અમરેલી)

**(૨)**

માર્ચ ૨૦૧૪ના પા.હૃ.દૂતના મુખપૃષ્ઠ ઉપર પવિત્ર યોસેફનું ચિત્ર ખૂબ રળિયામણું લાગ્યું. માર્ચની ૧૯મી તારીખે માતા ધર્મસભા સંત યોસેફનો તહેવાર ઉજવે છે. શ્રી જોન ફિલિપ અનુવાદિત 'સંત યોસેફની ધાર્મિકતા' લેખમાં ઈસુના પાલકપિતા સંત યોસેફ માટે સુંદર વાત રજૂ કરી છે. ધર્મસભામાં માતા મરિયમ પછી સંત યોસેફનું સ્થાન યોગ્ય ગણાય, કારણ પવિત્ર યોસેફ ઈસુના પાળક પિતા તરીકેની જવાબદારી સ્વીકારે છે. તેમના આજીવિકાના કાર્યની કદરરૂપે પવિત્ર યોસેફને કામદારોના મુરબ્બી કામદાર તરીકે સ્થાપેલ છે, અને તે માટે ૧લી મેના રોજ પવિત્ર યોસેફને ફરીથી યાદ કરવામાં આવે છે. સાથે તંત્રીની કલમમાં 'ગુજરાતનાં પ્રથમ ખ્રિસ્તી લેખિકા એસ્તરબાઈ ખીમચંદ' દ્વારા તંત્રીશ્રીએ નારીની વિશિષ્ટ શક્તિનું દર્શન કરાવ્યું છે. ડો. થોમસ સાહેબને અભિનંદન.

વળી 'મંદબુદ્ધિવાળાં' બાળકોની માતાનું સન્માન લેખમાં જયંતિભાઈએ, સિસ્ટર એલ્સા તથા દૂતના તંત્રીશ્રી તેમજ શ્રી વિજયભાઈ સાથે થયેલા વાર્તાલાપ દ્વારા મંદબુદ્ધિવાળાં બાળકોનું ગૌરવ વધાર્યું છે. બુદ્ધિમતાની ખામીને કારણે એવાં બાળકોની અવગણના થઈ શકે નહિ. એક નહિ ને બીજા પ્રકારની ઈન્દ્રિય દ્વારા ઈશ્વર એવાં બાળકોને વિશિષ્ટ શક્તિ આપતા હોય છે. ત્રણેય મહાનુભાવોને અભિનંદન.

અન્ય લેખો-કાવ્યો વગેરે આવકાર્ય છે. કિશોર મિત્ર દ્વારા શ્રી રાજેશ ક્રિશ્ચિયન બાળકોનું ઘડતર કરવામાં અમૂલ્ય ફાળો આપી રહ્યા છે. આભાર. અંતમાં નમ્ર સૂચન. શ્રદ્ધાંજલિ જાહેરાતોમાં સરનામાનો અભાવ ખૂટે છે. દૂર થાય તો સારું.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

**(૩)**

"ઉઘાડી આંખે દીઠું એક સપનું..." (દૂત, માર્ચ ૨૦૧૪) લેખ દ્વારા ચિ. સિલ્વીયા સિક્વેરાની શિક્ષણક્ષેત્રે સાધેલી સિદ્ધિઓની જાણ વાચકગણને કરવા માટે શ્રી રાજેશ ક્રિશ્ચિયનને અભિનંદન. Well done, Sylvia ! આપણા સમાજનાં આવાં રત્નોનો પરિચય કરાવતા રહો એવો રાજેશભાઈને મારો આગ્રહ છે.

સિલ્વીયાબેનનું એડ્રેસ ન હોવાને લીધે મારો અભિનંદનપત્ર રાજેશ ક્રિશ્ચિયનને મોકલવો પડ્યો. પહોંચાડવા માટે તમારો આભાર.

સ્મિતા બકુલ મેકવાનને તેમના વિશિષ્ટ સંશોધન સંપન્ન (Well-researched) લેખ- 'જલ એજ જીવન' માટે અભિનંદન. આ વિષય ઉપર તેમણે ઊંડાણથી અભ્યાસ કર્યો હોય એમ લાગે છે. તેમણે જે આધુનિક પર્યાયોનાં સૂચન કર્યાં છે તે અપનાવવાને યોગ્ય છે. ગયા મહિને જ મેં અખબારોમાં વાંચ્યુ હતું કે, આગામી દસ વર્ષમાં દક્ષિણ પૂર્વ એશિયામાં અને ખાસ કરીને ભારત, ચીન

અને બાંગ્લાદેશ વગેરે દેશોમાં બ્રહ્મપુત્રા નદીના જળના હક સંબંધી તકરાર અને જોરદાર યુદ્ધની સંભાવના છે.

સિ. રેશ્મા મેન્યુઅલ મેકવાનનો લેખ 'ગર્ભથી ગગનને આંબતી શક્તિ', સારા આશયવાળો હોવા છતાં માત્ર સામાન્ય લેખ રહી ગયો. થોડા રીયલ લાઈફ કે કાલ્પનિક ઉદાહરણ સાથે કાંઈ વ્યવહારું સૂચનો કર્યાં હોત તો લેખ વધુ રસપ્રદ અને ઉપયોગી થયો હોત. તો પણ તેમણે લખવાની કરેલી પહેલને બિરદાવું છું. તેમના તરફથી વધુ વિચારાત્મક લેખોની અપેક્ષા રાખું છું.

— જેકબ સીલ્વેસ્ટર મેકવાન (મુંબઈ)

**(૪)**

તપઋતુના મધ્યાન્તરે માહે એપ્રિલ-૧૪નો પાવન હૃદયદૂત મળતાં, પ્રથમ મુખપૃષ્ઠ પર કંડારેલ કાટકુવા મુકામે સ્થાપિત વેદનામૂર્તિ માતા મરિયમના ખોળામાં કંડારેલ પ્રભુ ઈસુના મૃતદેહને નિહાળતાં હૃદય વલોવાઈ ગયું. સુંદર, ગંભીર, વેદનાયુક્ત અને લાગણીસભર મુખપૃષ્ઠ પ્રસિદ્ધ કરવા બદલ અભિનંદન.

પાવન હૃદયદૂતની અન્ય વાંચન સામગ્રીમાં પોપ ફ્રાન્સિસ - માનવતાની મહેંક લેખ ખૂબજ સ્પર્શ્યો; આજના ભૌતિક યુગમાં સંન્યસ્તવર્ગ ઘણી બાબતમાં ઊંડા ઉતરતો જાય છે. લોકનિંદા - ટીકા-ટિપ્પણીઓથી વગોવાતો જઈ રહ્યો છે, ત્યારે નામદાર પોપ ફ્રાન્સિસ વિષેના સ્વાનુભવને રજૂ કર્યા તે વિચારો સમયોચિત્ત અને અંગૂલિનિર્દેશ સમા જણાયા. હજુ કાંઈ બહુ મોડું થયું નથી. જાગ્યા ત્યારથી સવાર માની જે કાંઈ સ્વીકારવા યોગ્ય છે તે સ્વીકારીશું તો લેખકનું લેખન સાર્થક ગણાશે. ફ્રા. વર્ગીસ પોલને અભિનંદન. એક ભલા નિષ્ઠાવાન ચાકરની વિદાય, કવિ પ્રકાશ જલાલ, વિજય પ્રકાશ સોલંકીનો લેખ હૃદયસ્પર્શી જણાયો. ફ્રા. સુસાઈના જીવનની હૃદયદ્રાવક ઝાંખી કરાવવા બદલ લેખકને અભિનંદન.

અન્ય લેખોમાં સોચ બદલો, દિશા બદલો અને દશા બદલો, લેખ હૃદયપરિવર્તને માટે સૂચક જણાયો. 'તપઋતુ બારે માસ' લેખ સમયોચિત જણાયો. મનન-ચિંતન કરી વાગોળવા જેવો ખરો. શક્ય હોય તો મહદ્અંશે અમલમાં મૂકી શકાય તો ભયો ભયો. શ્રી જયંતિ આર. પરમારને અભિનંદન. છેલ્લે, પુનરુત્થાન અને આશા તેમજ સજીવન થયેલો પ્રભુનો દેહ એ બંને લેખ સ્વીકાર્ય જણાયા અને પ્રેરણાદાયી, અસરકારક અને અંગૂલિનિર્દેશ કરનાર બંને લેખકોને અભિનંદન.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

**(૫)**

મનુષ્ય એક એવો જીવ છે તેના મનમાં અનંત સામર્થ્ય છુપાયેલું છે મોટાભાગના મનુષ્યોને તેની જાણ હોતી નથી. તેવી જ રીતે વિશ્વની પ્રજાની મુળભૂત એકતા આમ જોતાં ઈશ્વરાભિમુખ છે. દરેક ધર્મનો લક્ષાંક એક સરખો છે. અન્ય ધર્મોનું ચિંતન કરીએ તો ખ્રિસ્તીધર્મને લગતું શિક્ષણ પણ એકજ છે અને તે બધા સત્યો ઈસુખ્રિસ્ત તરફ દોરવામાં આવે તો ઘણુંજ મદદરૂપ અને સહાયરૂપ પણ થઈ શકે તેમ છે. તેથી તંત્રીશ્રીના ૨૦૧૪ના એપ્રિલના અંકમાં ધર્મસભાના બિનખ્રિસ્તી ધર્મો સાથેના સંબંધો વિશેના તંત્રીલેખમાં આપણા કેથલિક સમાજને તથા બીજા અન્ય ધર્મના સમાજને અનુરૂપ થાય તેવો લેખ છે તંત્રીશ્રીનો આભાર. તેમજ દૂતનું મુખપૃષ્ઠ દુઃખની દરિદ્રતા અને માતાના પુત્ર પ્રત્યેના પ્રેમનો સંદેશો આપતાં ચિત્રના દર્શન કરાવ્યા છે.

'પોપ ફ્રાન્સિસ - માનવતાની મહેંક'માં ફાધર વર્ગીસ પોલે જણાવ્યું છે કે વિશ્વભરના બધા લોકો વચ્ચે વિશ્વબંધુતત્વની ભાવના જગાડી અને એ દિશામાં ચાલીને સૌ લોકો માટે ધર્મકોમના ભેદભાવ વિના આપણે એ પંથને અનુસરીએ. આભાર, ફ્રા. વર્ગીસ પોલનો.

જયંતિભાઈ આર. પરમારના લેખ - 'તપઋતુ બારેમાસ'માં માણસના દિલની વાત કરી છે તે અત્યંત અને લોકપ્રિય છે. મનુષ્ય ખાઈને પચાવી બળવાન બને છે, કમાઈને બચાવી ધનવાન બને છે અને વાંચીને યાદ રાખી વિદ્વાન બને છે. ઉપદેશ સાંભળી આચરણ કરી ધાર્મિક બને છે. દૂતમાં આવતાં લેખો અને સમાચારો નિરાશા અને નિર્બળતાના કારણે ભાગી પડેલા માનવોને બેઠાં કરવાનું કામ 'દૂત' કરે છે અને શ્રદ્ધાને દૃઢ બનાવે છે.

— ઈગ્નાસ કે. પરમાર (ખડગોધરા)


**DARJEELING PROVINCE WELCOMES YOU**

વહાલા મિત્રો,


ધો.૧૨, B.A. અને B.Sc., પછી શું? આ બધી ડિગ્રીઓ પછી વિકલ્પો તો અનેક હશે પણ, શું તમે અનોખો વિકલ્પ લેવા માંગો છો? પુરોહિત બની ઈશ્વરની સેવા કરવા માંગો છો? જો તમે પુરોહિત બની દાર્જિલિંગ પ્રાંતમાં સેવા આપવા ઈચ્છતા હોય, તો દાર્જિલિંગ પ્રાંત આપ સૌનું હાર્દિક સ્વાગત કરે છે. આવો, એક નવી હાકલની ખોજ કરીએ.

**સંપર્કઃ**

Fr. Bijay K. Kindo SJ
Prabhu Jisu Residence, Post
Box – 3, Matigara – 734010
Dist- Darjeeling, West Bengal
Mo. No: 08145808805

# શુભસંદેશનો આનંદ

✍ ભાવાનુવાદ-સંકલનઃ એન્ડ્રુ સિલ્વેરા, એસ.જે.



૨૪ નવેમ્બર, ૨૦૧૩ શ્રદ્ધાવર્ષનો અસ્તાચલ અને 'શુભસંદેશના આનંદનો' ઉદયાચલ.

'શુભસંદેશનો આનંદ' એ પોપ ફ્રાન્સિસે પ્રગટ કરેલું પ્રથમ પરિપત્રક. ધર્મસભાનું શિક્ષણ અને જીવન માણસ પોતાના વ્યવહારુ આચરણ સાથે વણી લઈને, જીવન કઈ રીતે જીવાય તેમજ વર્તમાન સમયની પરિસ્થિતિઓના સંદર્ભમાં આજે શુભસંદેશ નવી રીતે પ્રગટ કરવાનો અભિગમ કેવો હોય એ અંગેનું આ પથદર્શનીય સંદેશપત્રક છે. મુખ્ય મુદ્દાઓઃ (૧) ધર્મસભાની મિશનરી વિચારધારા અને પ્રૈષિતિક કાર્યોના અભિગમોમાં નવા ફેરફારો. (૨) પાળકોના પ્રલોભનો. (૩) શુભસંદેશ પ્રગટ કરવાનું મિશન ગૃહસ્થ ધર્મજનો અને સંન્યસ્ત પ્રભુ ઈસુના એક અને અખંડ પરિવાર તરીકે એકાત્મભાવથી કરશે. (૪) પ્રવચનો પૂર્વ તૈયારી કરીને જ કરવાં પડશે. (૫) શાંતિ અને સામાજિક ન્યાય, અન્ય ધર્મો-પંથો સાથે સુસંવાદ. (૬) ધર્મસભામાં ગૃહસ્થ અને સ્ત્રીઓનું સ્થાન. (૭) પર્યાવરણનું જતન (૮) કૌટુંબિક માવજત, વિકાસ અને સ્થૈર્ય.

## ધર્મસભાના મિશનરી કાર્ય માટેની આધ્યાત્મિકતા :

ધર્મસભાના પરંપરાગત પ્રૈષિતિક કાર્યના વિશ્વદર્શનનો તાગ મેળવવો પડશે. પ્રૈષિતિક કાર્ય ક્રાંતિકારક અને અસરકારક રીતે કરવા માટે, ધર્મસભાના માળખાગત સ્વરૂપ અને પ્રૈષિતિક વિચારધારામાં જડમૂળથી પરિવર્તન લાવવું પડે. એની જીવંત સાક્ષી પોપ પોતે જ પોતાના વિચાર, વાણી અને કર્મ દ્વારા આપી રહ્યા છે.

સાક્ષાત્ પ્રભુ ઈસુમાં મૂર્તિમંત થતો પ્રેમ, કરુણા, દયા-માયા, ક્ષમા અને શુભસંદેશને પ્રગટ કરવાનો ભર્યોભર્યો આનંદનો અનુભવ, સુવાર્તિકના વર્તનમાં સાક્ષીરૂપે પ્રતીત થાય. 'જે અમે જોયું છે સાંભળ્યું છે તેની જ અમે તમારી આગળ ઘોષણા કરીએ છીએ... જેથી આપનો આનંદ પરિપૂર્ણ થાય' (૧ યોહાન ૧:૧-૪). શુભસંદેશ પ્રગટ કરવાનો ભર્યોભર્યો આનંદ સુવાર્તિકના વાણી, વર્તન અને કર્મોમાં પ્રગટ થવો જોઈએ. શુભસંદેશની ઘોષણા કરવાના ભર્યાભર્યા આનંદનો ચેપ, સુવાર્તિકોના સંપર્ક-સત્સંગમાં આવતા લોકોને થાય એને જે પ્રૈષિતિક કાર્ય કહેવાય. પ્રભુ ઈસુના ઉત્કટ પ્રેમ, દયા, કરુણા, ક્ષમા, નમ્રતા અને આનંદનો અનુભવી જ ઉસ્ફૂર્ત રીતે સુવાર્તિક કાર્યના પડઘા પાડી શકે. આપણા સહૃદયી અંતરમાં પ્રભુ ઈસુના આગમનથી ભર્યો ભર્યો આનંદ સંચાર કરે છે અને આખુંય અંતરંગ આનંદથી ઉભરાઈને, સર્વત્ર એ આનંદનું ઉસ્ફૂર્ત પ્રસારણ કરે છે.

શોષક અર્થતંત્રમાં અને ભૌતિકતાની નાગચૂડમાં ફસાઈ ગયેલા માણસે પ્રભુ ઈસુ સાથે નવેસરથી સુસંવાદ કરીને, ઈસુ સાથે સુમેળ સાધીને એમના અનહદ પ્રેમ, ક્ષમા અને કરુણાનો લ્હાવો લેવો જોઈએ. કરુણા અને ક્ષમાશીલતા એ જ ઈશ્વરનો પ્રેમ કરવાનો તરીકો છે. એટલે જ માણસે ઈશ્વરના ક્ષમાશીલ પ્રેમનો સાક્ષાત્કાર કરીને, જીવનનો સદાબહાર અને આત્મિક આનંદ માણવો જોઈએ. મૌલિક સૂઝબૂઝથી શુભસંદેશના ભર્યાભર્યા આનંદથી પ્રૈષિતિક કાર્ય કરવાના અવનવા માર્ગો અપનાવવા જોઈએ. લોકોને કંટાળો આવે એ રીતે ઈસુને રજૂ ન કરશો. પ્રૈષિતિક કાર્ય રગેરગમાં મિશનરી અભિગમથી પ્રસ્તુત થાય એ માટે પરંપરાગત અને માળખાગત પાળકીય નીતિધોરણોમાં પરિવર્તનો લાવવાં પડશે.

## સામાજિક વિષમતા :

આજનું અર્થતંત્ર અન્યાયી, ભ્રષ્ટ, ગરીબોનું શોષણ કરતું અને નિર્દય છે. આજનો માણસ ભૌતિકતાના ભરડામાં ફસાઈ ગયો છે. ઈશ્વર અને માનવતાને ખસેડીને એણે પોતાને પૈસાના વળગાડમાં ફસાવી દીધો છે. પરિણામે માણસે ઊભી કરેલી અસમાનતામાં એક છેડે શ્રીમંતો તો બીજે છેડે ચહેરા વગરના ગરીબો મૂકાઈ ગયા છે. જાડી ચામડીના ગણતરીબાજ રાજકારણીઓએ અને મૂડીવાદીઓએ અર્થતંત્રની સંરચના જ એવી રીતે કરી છે કે ગરીબોની નાગરિક તરીકે બાદબાકી કરવામાં આવી છે. તેમની દયનીય અને અમાનુષી હાલત જોઈને તેમના પેટનું પાણીયે હાલતું નથી. માણસ ભોગવાદી બની ગયો છે. યેનકેન રીતે પૈસો મેળવીને અને પૈસો કમાઈને મઝા જ કરવાની છે અને એની સજા છેવાડાના ગરીબોને ભોગવવી પડે છે. ભૌતિકવાદના કારણે માનવતાનાં અને નૈતિકતાનાં મૂલ્યો ઘસાઈ રહ્યાં છે. વિવેકબુદ્ધિ ગીરવે મૂકાઈ ગઈ છે. અંતરઆત્માની આંતરસૂઝ જડ થઈ છે. ગરીબો માટે હૃદયમાં કોઈ આસ્થા જ રહી નથી. એટલે જ ધર્મસભાના અને સર્વ ખ્રિસ્તીજનોનાં અંતરનાં બારણાં દીનજન, શોષિત અને પીડિત માટે ખુલ્લાં રાખજો. માણસ યુદ્ધો પણ નર્યા સ્વાર્થ માટે જ કરે છે. શસ્ત્રોનું વેચાણ કરાવવા યુદ્ધો લડાવવામાં આવે છે. એમાં ગરીબોના ભોગ લેવાય છે અને અન્યાય પણ ગરીબોને જ થાય છે. એટલે જ શાંતિ અને ન્યાય માટે લડવું એ દરેક ધર્મનું કર્તવ્ય છે.

## ધર્મસભા ગરીબ છે અને ગરીબો માટે છે :

એટલે જ ગરીબ, વંચિત, નબળા, દૂબળા, શોષિત, ઘર વગરના, નિર્વાસિત, સ્થાળાંતરિત, આદિવાસી, ગર્ભપાતના ભોગ બનતાં બાળકો અને અત્યાચારનો ભોગ બનતી સ્ત્રીઓ માટે સક્રિય થઈને કંઈક નક્કર કરો. ધર્મસભામાં કેટલાક ક્ષેત્રે સત્તા કેન્દ્રિત કરવામાં આવી છે અને ભગવાનના નામે પણ આડેધડ રીતે પૈસો કમાવવામાં આવી રહ્યો છે. ધર્મસભાની સત્તાકેન્દ્રિય આંટીઘૂંટીઓ, વહીવટીય પ્રક્રિયાઓ અને અમુક બાબતો પ્રત્યેની સૈદ્ધાંતિક અક્કડતાના લીધે એ એના અસલ મિશનથી દૂર ગઈ છે. એનું અસલ મિશન છે લોકોનો ઈસુ સાથે મેળ-સુમેળ કરાવવો, ઈસુ વગર જીવતા અને ખોવાયેલા લોકોને ઈસુ પાસે લાવીને, તેમના જીવનમાં ઈસુ-મિલનનો ખરો આનંદ લાવવો.

ખુદ પાળકો સ્વકેન્દ્રિ અને વ્યક્તિગત જીવન જીવી રહ્યા છે. પાળક તરીકે પોતાની અસલ ઓળખ ગુમાવી રહ્યા છે. તેમનામાં લોકો પ્રત્યેની અનુકંપા, ઉમળકો, ખંત, પ્રેમ, હૂંફ, સમજદારી અને દયામાયાનો અભાવ જોવા મળે છે. બધું જ સારું ચાલે છે એના ઓઠા હેઠળનું ધર્મસભાનું રોજિંદુ વ્યવહારું જીવન હકીકતમાં ધર્મસભાના શ્રદ્ધેય જીવનને ઉધઈની જેમ કોતરી રહ્યું છે. અદેખાઈ-ઈર્ષ્યાના ભક્ષ્ય બનીને એકબીજાનું ભક્ષણ કરી રહ્યા છે. એમની વચ્ચે કંઈ કેટલાયે આંતર-યુદ્ધ થઈ રહ્યા છે. આપણે આવી રીતે અંદરોઅંદર આપણાં સ્વાર્થ માટે લડતા હોઈએ તો લોકો આગળ શુભસંદેશ કઈ રીતે પ્રગટ કરીએ? ધર્મગુરુઓને વધુ પડતું કેન્દ્રસ્થાન આપીને, આપણે ધર્મજનોને અને સ્ત્રીઓને નિર્ણય-પ્રક્રિયામાં સહભાગી કરતા નથી.

હિંમત હારીને હાથ ઊંચા કરીને બેસવાથી કશું થાય નહિ. ઊઠો, કમર કસો અને તમારા અંતરના કરુણાદીપને પેટાવીને, કરુણાક્રાંતિની મશાલ લોકો આગળ ધરીને લોકો માટે આશાદીપ બનો. સારા હોવાની માત્ર સ્વસલામતીવાળી અને ઈશ્વરકૃપાથી બધું જ સારું છે નો દેખાડો કરવાની આત્મસંતોષી આધ્યાત્મિકતા છોડી દો. ભલા! લોક-જવાબદારીની પાળકીય જવાબદારીમાંથી છટકીને, કહેવાતાં આધ્યાત્મિક ઐશ્વર્યમાં ગળાબૂડ થઈને ઈશ્વરની ઈચ્છા પૂરી કરતો હોઉં એવી ભ્રાંતિથી જીવતો હોઉં તો સમજી લેજે કે આ બધું તું તારી જ ઈચ્છા અને ઉપભોગ માટે કરી રહ્યો છે. અમુક પદાધિકારીઓ માને છે ધર્મસભામાં અમને માનસન્માન અને પ્રતિષ્ઠિત હોદ્દાઓ મળ્યા છે. ગુરુતાગ્રંથિથી ચગી જઈને તેઓ માનવા લાગે કે અમે તો બીજાઓ કરતાં ચડિયાતા છીએ. તેઓ ધર્મસભામાં જાણે કે શોભાના ગાંઠિયાની જેમ એવી અદબથી વર્તે છે. અસલમાં શુભસંદેશનો સીધો સંબંધ માત્ર લોક-જરૂરિયાતો સાથે જ હોય અને એ બાબતે લોક-આસ્થાનું આચરણ એ જ એમનું ખરું પાળકીય કર્તવ્ય છે એ વાત તેઓ ભૂલી જાય છે.

ધર્મસભામાં આવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય તો એ અન્યાય સામે કઈ રીતે લડી શકે? કઈ રીતે સામાજિક ન્યાય, એકતા, આત્મીયતા, બંધુભાવ, અસમાનતા અને માણસાઈ વિશે બોલી શકે? એટલે જ ધર્મસભા અને એના પદાધિકારીઓ અને સર્વ ધર્મજનો પારદર્શિત અને ગરીબાઈનું સાદગીભર્યું જીવન અપનાવે તો જ તેઓ પ્રભુ ઈસુની જેમ અધિકારથી બોલી શકે અને સાચા અર્થમાં પ્રૈષિતિક કાર્ય કરી શકે. એ સિવાયનું બધું જ ક્રિયાકાંડ કે દેખાડો જ કહેવાય. ખુદ ધર્મસભા કર્મકાંડીય ઉપાસનાવિધિઓ, અવાસ્તવિક અને તાત્ત્વિક ફિલસૂફી અને ઈશ્વરવિદ્યા, બાહ્ય દેખાવ કરતી પ્રતિષ્ઠામાં અને ભપકાસભર સમારંભોમાં રચીપચી રહે છે. એ આંતરિક રીતે ખોખલી બની ગઈ છે. ધર્મગુરુઓને વધુ પડતું મહત્વ મળે છે તો ધર્મજનો અને સ્ત્રીઓ બાજુએ રહી જાય છે. તેમને મધ્યપ્રવાહમાં લાવવાની જરૂર છે.

**સર્વધર્મ સુસંવાદ :** સર્વ ધર્મ સુસંવાદ ધીરજ ન્યાય, શાંતિ, બંધુભાવ અને માનસન્માનથી કરવો જોઈએ. મુસ્લિમો અને યહૂદીઓ પ્રત્યે નફરત નહિ પણ આદરભાવથી વર્તન રાખવું. એક ધર્મના લોકો બીજા ધર્મના લોકોની હેરાનગતિ કરે એ અનુચિત છે. ઈસ્લામે પણ ખ્રિસ્તી ધર્મના લોકોના ધર્મ-સ્વાતંત્ર્યને અવકાશ આપવો જોઈએ. શુભસંદેશની ઘોષણા માત્ર કોઈ એક નહિ પણ દરેક સંસ્કૃતિની અભિવ્યક્તિ અનુસાર થાય. વિવિધ લોકભક્તિઓનો સવિશેષ અભ્યાસ શુભસંદેશ-પ્રચાર માટે કરવો જોઈએ. ધર્મપંડિતો અને ધર્મના વિદ્વાનોએ સમજી લેવું જોઈએ કે ધર્મસભા અને એની ઈશ્વરવિદ્યા ધર્મપ્રચાર માટે છે, નહિ કે માત્ર ડેસ્ક-રિસર્ચ (ખુરશી-ટેબલ પર બેસીને કરાતું સંશોધન) માટે.

પ્રવચનો ટૂંકા અને ટચ હોય. પ્રવચનમાં લેક્ચર કે ભાષણબાજી અસ્થાને છે. ભક્તોના હૃદયોને સ્પર્શે એવી હૃદય-સોંસરી વાત કરો. હોઠથી નહિ પણ હૃદયથી બોલજો. ઉપદેશ, શિખામણ, તાત્ત્વિક અને નીરસ શૈલીને ટાળજો. પૂર્વતૈયારી કર્યા વગર પ્રવચન આપનાર અપવિત્ર હોય. એ અપ્રમાણિક અને બેજવાબદાર હોય. પ્રવચન વાંકદેખું, નીરસ, નિરાશાવાદી નહિ પણ લોકોને આશાનાં કિરણો દેખાડે એવું વિધાયક હોય. શુભસંદેશક લોકો માટે હરહંમેશ ઉપલબ્ધ, હૂંફાળો, સંવાદ-પ્રિય, ધીરજ રાખનાર, ઉષ્માભર્યો આવકાર આપનાર અને કોઈનો ન્યાય ન તોળનાર અને સહૃદયી હોય.

પ્રૈષિતિક કાર્ય અને માનવ-વિકાસ સંલગ્ન એટલે પરસ્પર સાથે જોડાયેલા છે. માણસના જીવનને અસર કરતી બધી બાબતો ઉપર પોતાના અભિપ્રાય, વિચારો અને મંતવ્ય વ્યક્ત કરવાનો અધિકાર પાળકને છે. કોઈ એવું કહી ન શકે કે ધર્મ એ માણસની અંગત કે અંતર્ગત વાત છે અને એટલે જ માનવી જીવનને સ્પર્શતી બાબતો ઉપર પોતાનું મંતવ્ય વ્યક્ત કરીને એણે હસ્તક્ષેપ ન કરવો જોઈએ. અન્યાય સામેની લડતમાં ધર્મસભા તટસ્થ અને મૂંગી ના રહી શકે. ગરીબોના પક્ષમાં બોલવું એ ધર્મસભાનું અસલ ધર્મકર્તવ્ય છે; માત્ર સામાજિક જવાબદારી નથી. એટલે જ હું કહું છું કે ધર્મસભા ગરીબ છે અને ગરીબો માટે છે. ગરીબો પાસેથી આપણે ઘણું ઘણું શીખવાનું છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે અમને એવા રાજકારણીઓ આપો, જેમનાં અંતઃકરણ ગરીબ લોકોની દુર્દશાથી અવસ્થ થઈને

અનુકંપાથી વલોવાઈ જતાં હોય. કોઈ સમાજ એવું ધારતો હોય કે તેઓ ગરીબોનો ખ્યાલ રાખ્યા વગર જીવી શકે છે તો તેઓ કડડભૂસ થઈને પાયમાલ થશે.

તમારા ચાર જીવનની સલામતીમાંથી અને આત્મસંતુષ્ટ જીવનશૈલીને છોડીને, સમાજના ગરીબ, વંચિત, નબળા, દૂબળા, બેઘર, વ્યસનગ્રસ્ત, નિર્વાસિત, આદિવાસી, મૂળ નિવાસીઓ, એકલવાયા અને ત્યજી દીધેલા વડીલો અને સ્થળાંતરિત લોકોને પ્રેમથી અપનાવો. ચરસ, ગાંજા અને દારૂ જેવી નશીલી વસ્તુઓની હેરાફેરીના વિષચક્રમાં અને ગુલામીમાં ફસાયેલા લોકોને ઉગારવા કંઈક કરો. આવી ભયંકર બાબતોનું માર્કેટિંગ કરતા પરિબળો સામે અવાજ ઉઠાવો. સ્ત્રી અત્યાચારની ભોગ બનતી સ્ત્રીને મુક્ત કરવા કંઈક નક્કર કરો. ગર્ભપાતના કારણે જન્મ ન લઈ શકતાં બાળકો માટ કંઈક કરો. માનવજાતના સર્વાંગી કલ્યાણ માટે માણસો, માણસાઈના દીવા બને અને માનવ વિકાસ અને જતન માટે માનવી ચેતનાને પ્રકાશિત કરે એ જ સાચો માનવધર્મ કહેવાય. ગરીબી-નિવારણનો સાચો રસ્તો પકડો. એક બાજુ તમારા હોદ્દાઓને ચીવટથી વળગી રહીને, બીજી બાજુ ગરીબો માટે કામ કરવાના ખોટા દંભ, તેમને ખુશ કરવા, શાંત પાડવા, અને રીઝવવાના ક્રિયાકાંડો કરવાથી કોઈ ફરક પડવાનો નથી. એમના માટે સાચી ખંત રાખીને, સતત અને ધીરજપૂર્વક કામ કરશો. સંઘર્ષ કરતા સમાજને સ્થૈર્ય આપતું સંગઠન કરો. ગરીબી નિવારણની પોકળ વાતો છોડો અને એમની સાથે રહીને, એમના માટે નક્કર કંઈક કરતા રહો. વૈશ્વિકીકરણના લીધે દુનિયામાં થઈ રહેલાં પરિવર્તનો વિશે સ્થાનિક માણસને પરિચિત કરીને બેઉ વચ્ચે મેળ બેસાડો.

પવિત્ર આત્મા પ્રેરિત પ્રૈષિતિક કાર્ય એ સ્નાનસંસ્કારની દીક્ષા લેનાર સૌ પ્રૈષિતોની જવાબદારી છે. તેઓ સતત પવિત્ર આત્મા પ્રત્યે અંતર ખુલ્લાં રાખીને, એમની પાસેથી હિંમત લઈને અવનવી રીતે અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગોમાં શુભસંદેશની આનંદભેર ઘોષણા કરે છે. શુભસંદેશની ઘોષણાના બે પાસાં છેઃ એક બાજુ ઈસુ માટે અનહદ પ્રેમ અને બીજી બાજુ લોકો માટે અનહદ પ્રેમ. ઈસુનો પ્રૈષિત એવો હોય, જે માણસની વેદનાઓને ઈસુની સંવેદનાથી સ્પર્શતો હોય. બીજાઓની ભલાઈમાં ખુદની ભલાઈ અને આનંદને માણનાર જ ખરો મિશનરી કહેવાય. ગરીબો પ્રત્યે સંનિષ્ઠ થઈને કમસે કમ એકાદ માણસને સારું અને સુખી જીવન આપનાર માણસનું જીવન કૃતાર્થ કે સાર્થક થયું ગણાય. આખરે પ્રૈષિતિક કાર્યનાં પ્રેરક માતા મરિયમને પોપ પ્રાર્થના કરે છે. કરુણામય માતા મરિયમ, મમતા અને પ્રેમની ક્રાંતિની ચિનગારી પ્રગટ કરીને, ધર્મસભાના મિશનરી કાર્યને પ્રજ્વલિત કરે છે. ●

(મૂ.લે.: પોપ ફ્રાન્સિસ)

# આણંદ કૅથોલિક કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિમિટેડ
રજી. નં. ૭૮૬

# ગામડી - આણંદ

સ્થાપના
તા. ૨૧-૦૪-૧૯૧૪

## સભાસદ જોગઃ શતાબ્દી ઉજવણીમાં આમંત્રણ

શતાબ્દી
તા. ૨૧-૦૪-૨૦૧૪

સુજ્ઞ સભાસદ ભાઈ-બહેનોને પાસ્ખાપર્વની શુભેચ્છા પાઠવતાં સહર્ષ જણાવવાનું કે આપણી મંડળીએ તા. ૨૧-૦૪-૨૦૧૪ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કરી ૧૦૧માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. ત્યારે આ મહા ઐતિહાસિક પ્રસંગની ભવ્ય ઉજવણી માનનીય મહાધર્માધ્યક્ષશ્રી સ્તાનિસલાઉસ ફર્નાન્ડીસના એસ.જે. (ગાંધીનગર મહાધર્મપ્રાંત)ના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ છે. મુખ્ય મહેમાન પદે અમદાવાદ ધર્મપ્રાંતના પ્રાંતપતિ રેવ. ફાધર ફ્રાન્સિસ પરમાર એસ.જે. રહેશે. વિશેષમાં, અમદાવાદ, વડોદરા, રાજકોટના માનનીય ધર્માધ્યક્ષશ્રીઓ અને અન્ય મહાનુભવો અતિથી વિશેષ પદ શોભાવેશે. આ શુભ પ્રસંગે મંડળીના તમામ સભાસદ ભાઈ-બહેનોને સમારંભમાં હાજર રહેવા અમારું ભાવભીનું આમંત્રણ છે. ઉજવણીનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

## ભવ્ય ઉજવણી તા. ૧૮-૦૫-૨૦૧૪ રવિવાર

**સમયઃ** સવારે ૯.૪૫ થી બપોરે ૧.૦૦ **સ્થળઃ** સેંટ ઝેવિયર્સ સ્કૂલ ગ્રાઉન્ડ, ગામડી-આણંદ

| | | |
|---|---|---|
| શ્રી અશોક જે. મેકવાન | શ્રી કાંતિભાઈ આર. મેકવાન | શ્રી અરવિંદભાઈ ડી. મેકવાન |
| સેક્રેટરી | વાઈસ ચેરમેન | ચેરમેન |

તથા સમગ્ર વ્યવસ્થાપક સમિતિ અને કર્મચારી ગણ

**નોંધઃ** આ પ્રસંગમાં ભાગ લેવા મંડળીનું ઓળખપત્ર લાવવું ફરજિયાત છે.
સમારંભના અંતે સુરૂચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.



# દાંપત્યજીવનની ગરિમા

✍ ઈન્દુ રાવ

એક લગ્નપ્રસંગમાં ઘણાં વર્ષો પછી એક દાદી (આશરે એંશી વર્ષની ઉંમરે) મળ્યાં. એમની ખબર-અંતર પૂછતાં દાદી હસતાં-હસતાં કહે, "બેટા, સાચું કહે, તારા દાદા આ ઉંમરેય હજી સુધર્યા નથી. ગુસ્સો તો કરે પણ ક્યારેક ગુસ્સામાં મને લાકડીએ મારી બેસે છે, માસ્તર ખરાને!" મેં કહ્યું, "દાદી, તમે દીકરાઓ જોડે રહેવા જતાં રહેતાં હોતો..." દાદીએ શાંતિપૂર્વક જવાબ વાળ્યો, "બેટા, આજ લગી એમને સહી રહી છું, હવે વળતી ઉંમરે એમનો સાથ કેવી રીતે છોડી દઉં? મારા વિના એ બિચારા એકલા ઝૂરી મરે ને એનું મહાપાપ મને લાગે..."

તાજેતરમાં મોર્નિંગ વોક કરવા નીકળેલી બે સહેલીઓ મોટા અવાજે ઘરની વાતો કરી રહી હતી. એક સહેલી કહે, "જોને મારા હસબંડ મને જરાય સમજતા નથી. સવારે આંખ ખોલે ત્યારથી એમના મમ્મી-પપ્પાને લઈને નાની-નાની બાબતોને લઈને ખોટી કચકચ કર્યા કરે છે. સાચું કહું, એટલે જ એ જાગી ન જાય એ રીતે ઊઠીને, ઝડપભેર તૈયાર થઈને ચાલવા આવી જાઉં છું. બેમાંથી એકેયની સવાર તો ન બગડે. મેં શિક્ષિત પરિવાર જોઈને મેરેજ કર્યા, પરંતુ 'કાગડા બધેય કાળા હોય છે.!' ક્યારેક ઘર છોડીને ચાલ્યા જવાનું મન થાય છે, પણ...

બીજી સહેલીઃ તારી વાત સાચી છે. ભણેલાં-ગણેલાં પરિવારોમાં જ વધુ કજિયા-કંકાસ થતા હોય છે. શિક્ષિત પરિવારોમાં જ છૂટાછેડાનું પ્રમાણ વધી રહ્યું છે. પહેલાંની જેમ 'પડ્યું પાનું નિભાવી લેવાની' ભાવના જ રહી નથી એટલે... તું શાંતિથી વિચારજે.

ઉપરોક્ત ઘટનાઓ જૂની અને નવી પેઢી વચ્ચે રહેલો તફાવત બતાવી આપે છે.

સાંપ્રત સમયમાં સ્ત્રી શિક્ષણ વધ્યું છે, સ્ત્રી સ્વાતંત્ર્ય વધ્યું છે તથા સ્ત્રી પોતાના હક-અધિકારો મેળવતી થઈ છે. સ્ત્રીઓ સર્વત્ર વિજય હાંસલ કરવા પ્રયત્નશીલ છે. પરંતુ એની સાથે સ્ત્રી-પુરુષ વચ્ચેના પ્રશ્નો અનેકગણા વધી રહ્યા છે. પતિ-પત્ની બંને ભણેલાં-ગણેલાં, સારી નોકરી કરતાં, મહિને સારો પગાર લાવતાં હોવાથી ઘરમાં ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, જાતજાતના મોજશોખ કરવા-કહી શકાય કે કશી વાતની કમી નથી હોતી. તેમ છતાં ઘરમાં બધું જ પ્રાપ્ય હોવા છતાંય પ્રેમ-શાંતિનો અભાવ હોય એનું કારણ શું?! આર્થિક સદ્ધરતા મોજશોખ અને દેખાદેખી પાછળ આંધળી દોટ મૂકાવે છે. ખાણી-પીણીની સાથે અનેક વ્યસનો જેવાં કે તમાકુ, બીડી, સિગરેટ, પાન-મસાલા અને વિશેષ દારૂનું વ્યસન, સંતાનો તથા સ્ત્રીઓના વધતા જતા મોજ-શોખ કુટુંબ જીવનની બરબાદી-ખુવારી માટે કારણભૂત બની રહે છે.

જ્યારે યુવક-યુવતી લગ્નના બંધનમાં બંધાય છે ત્યારે પ્રભુ સમક્ષ સુખ-દુઃખમાં, તંદુરસ્તી-માંદગીમાં, પરસ્પરનું માન જાળવીને, સહયોગથી બાળઉછેર કરવાનાં અણમોલ વચનો લે છે. એ શપથવિધિ પ્રભુની સાક્ષીએ આપ્તજનોની હાજરીમાં થાય છે. પણ ખેદ સાથે કહેવું પડે કે, ચર્ચમાં વેદી સમક્ષ ઊભેલું યુગલ કે પછી ચોરીના સાત ફેરા ફરતા યુગલો માટે જાણે લગ્ન સંસ્કાર માત્ર એક ધાર્મિક વિધિ બનીને રહી જાય છે. લગ્ન થયા પછી એ અમૂલ્ય વચનો પાછળનું હાર્દ ભૂલાઈ જાય એ કેમ ચાલે?! એ વચનો દાંપત્યજીવન માટે મોટો પડકાર છે. દાંપત્યને સાર્થક કરવા બંનેએ સભાનતાથી સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. લગ્ન થતાં જ દંપતીના મનમાં એક ગ્રંથિ બંધાઈ જતી હોય છે કે હવે આપણો એકબીજા પર પૂરો અધિકાર-સંપૂર્ણ હક! ત્યાંજ દંપતીની મોટી ભૂલ થાય છે. 'લગ્નસાગર' નામના પુસ્તકમાં ફાધર વાલેસ લખે છેઃ "લગ્ન થયાં એટલે બધા અધિકાર તમને મળી ચૂક્યા એમ ન માનો. અધિકાર લાયકાતથી પ્રાપ્ત થશે અને લાયકાત પ્રેમથી, ધીરજથી, ભક્તિથી સિદ્ધ થશે... વ્યક્તિને વ્યક્તિ તરફથી પૂરું માન ને આદર અને સ્વમાનની આગ્રહપૂર્વકની સાચવણી પોતાનામાં તેમ જ બીજામાં."

વધતા જતા શિક્ષણના પ્રભાવે, સ્ત્રી-પુરુષ સમાનત્વમાં, બુદ્ધિપણાના અધિક મતમતાંતરો થાય, આક્ષેપ અને દલીલબાજી ચાલ્યા કરે એ બધું સ્વાભાવિક છે. પરંતુ બેઉ વચ્ચે મનભેદ થાય એ હરગીજ ન ચાલે. સંબંધની માવજત કરવાનું કામ બેઉનું છે. નહીંતર એક છત નીચે રહેવા છતાં વગર છૂટાછેડાએ છૂટા પડીને જીવવું અકારું અને આકરું થઈ પડે. દંપતીએ સ્વમાં રહેલા અહમ્‌ને ઓગાળી નાખવો પડે. દાંપત્ય જીવનમાં સુમેળ સધાયેલો રહે એ માટે દંપતીઓએ સ્નેહ, સમર્પણ, સમજદારી, સહનશીલતા અને સંયમ-શિસ્તનાં સોપાનો સર કરવાં રહ્યાં, જેના પાયામાં વિશ્વાસ, પ્રામાણિક્તા, નિઃસ્વાર્થીપણું, ઉદારતા અને નમ્રતા જેવા ગુણો નિહિત છે.

દંપતી વચ્ચે સદા-સર્વદા સુમેળ સધાયેલો રહે એ માટેનું પ્રથમ સોપાન છે. સખ્ય-સ્નેહ જ્યાં પરસ્પર મિત્રતાભરી સ્નેહની સરવાણીઓ વહેતી રહેતી હોય ત્યાં એકબીજા પ્રત્યેની કૂણી લાગણીઓ એકબીજાની ભૂલોને સાંખી લે છે. પરસ્પર હૂંફ અને ઉષ્મા આપતાં રહે છે. દંપતીએ જીવનભર એક છત નીચે, એક બનીને જીવવાનું હોવા છતાં હંમેશાં એકસરખું વાતાવરણ ન બની રહે તે સ્વાભાવિક છે. ક્યાંક ને ક્યાંક, ક્યારેક ને ક્યારેક અંદરોઅંદર ખટરાગ-સંઘર્ષ ઊભો થતો હોય છે. એમાં જો પોતાની ભૂલ સ્વીકારવાની નિખાલસતા હોય, 'Sorry' કહી દિલગીરી વ્યક્ત

કરવાની નેકદીલી હોય તો પુનઃ પ્રસન્નતાભર્યું વાતાવરણ સ્થાપિત કરવામાં વાર લાગતી નથી. પરંતુ એના બદલે ખોટી જિદ, ખોટું મમત્વ, મોટું સ્વરૂપ ધારણ કરતાં પરિણામ ન ધાર્યું હોય તેવું આવી જાય છે. જ્યાં સ્નેહ હોય ત્યાં સમજદારીની સાથે ક્ષમાભાવ આવી જાય છે. ઘણાં દંપતીઓ નાની-મોટી નવાઈ પમાડતી ભેટો દ્વારા દાંપત્યને તરોતાજા રાખવા પ્રયત્નશીલ હોય છે. કહેવાય છે ને કે સબસે ઊંચી પ્રેમ સગાઈ. એમની આસપાસનું વાતાવરણ, સ્વજનો દાંપત્યને અસરકર્તા હોય છે. દંપતીનાં માતા-પિતાઓએ પોતાનાં દીકરા-દીકરી પ્રેમથી બંધાયેલાં-જોડાયેલાં રહે તેવું વાતાવરણ પૂરું પાડવું જોઈએ. આજકાલ છૂટાછેડાનું પ્રમાણ વધી રહ્યું છે એમાં કેટલીકવાર ઊભયપક્ષી માતા-પિતા જવાબદાર બને છે. દાંપત્યની સાચી સમજ, તેની ગરિમા, તેની મહત્તા પોતાના દીકરા-દીકરીને શાંતિથી પ્રેમપૂર્વક સમજાવવાં જરૂરી છે. દાંપત્યમાં તડફડ હરગીજ ન ચાલે. દાંપત્યને અકબંધ રાખવા પ્રેમનું સિંચન ધીરજપૂર્વકની માવજત માગી લે છે. સંત માથ્થીકૃત શુભસંદેશ આ વાતની પૂર્તિ કરે છેઃ

"વિધાતાએ સૃષ્ટિના પ્રારંભથી જ માણસને નર અને નારી એમ સર્જેલાં છે, અને કહેલું છે કે, 'આ કારણથી પુરુષ માતાપિતાને છોડી જશે અને પોતાની પત્નીને વળગી રહેશે, અને એ બંને એક બની જશે. એટલે પછી પતિ-પત્ની બે નહીં રહેતાં એક જ બની જાય છે. આથી ઈશ્વરે જેમને સાથે જોડ્યાં છે તેમને માણસે છૂટાં ન પાડવાં." (માથ્થી ૧૯:૪-૬).

દાંપત્યનું બીજું સોપાન છે સમર્પણ. જ્યાં પરસ્પર પ્રેમ હોય ત્યાં ત્યાગ-સમર્પણની ભાવના આપમેળે આવી જતી હોય છે. એકબીજા માટે જતું કરવાની, ન્યોછાવર થવાની તાલાવેલી પ્રેમની સાંકળને મજબૂત બનાવે છે. દાંપત્યમાં તારાં-મારાંનાં લેખાં-જોખાં ન હોય. 'મારું નહીં, પણ આપણું' એ ભાવના દાંપત્યનો આદર્શ બની રહે છે. ક્યારેક વધુ કમાતો પતિ તો ક્યારેક વધુ કમાતી પત્ની છેવટે સંસારરથનાં બે સમાન ચક્રો જ છે. તેઓ ઘરમાં આવતી આવકના સરખા હિસ્સેદાર હોવાથી, ખર્ચની બાબતમાં બેઉની સહમતિ જરૂરી. એમાંય સ્વજનો મુશ્કેલીમાં હોય એવે ટાણે માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો કે અન્યને મદદ કરવાની જરૂર ઊભી થાય ત્યારે પતિ-પત્નીએ એકબીજાને વિશ્વાસમાં લઈને હાથ લંબાવવો જોઈએ. બેંકનાં બચતખાતાં હોય કે અન્યની વચ્ચે લેવડ-દેવડ કરી હોય બધી બાબતોથી બંને સુપરિચિત હોવાં જોઈએ, જેથી ભવિષ્યમાં બેમાંથી એકેયને કોઈ મુશ્કેલી ન પડે. કશું પણ એકબીજાથી છાનું રાખવામાં દાંપત્યમાં તિરાડ પડવાની સંભાવના! વિશ્વાસ જ સંસારરથની ધરી છે. હકીકતમાં દાંપત્યમાં એકબીજા માટે બધું જ કરી છૂટવાની સમર્પણની ભાવના સ્નેહની સાંકળને વધુને વધુ મજબૂતાઈ આપે છે. જેમાં ઊભયપક્ષે સમજદારી દાંપત્યને તંદુરસ્ત રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

સમજદારી એ દાંપત્યનું ત્રીજું સોપાન છે. દંપતી વર્ષો સુધી એક ઘરમાં, એક છત નીચે, એકબીજાના સહવાસમાં રહેતાં હોવા છતાં, એકબીજાને સમજવામાં નિષ્ફળ જતાં દેખાય છે. એનું કારણ



પરસ્પરની અપેક્ષાઓ. અપેક્ષાઓ જ સર્વ દુઃખોનું મૂળ છે. કોઈ વ્યક્તિ સર્વગુણ સંપન્ન હોતી નથી. દરેકની બુદ્ધિક્ષમતામાંય મોટો ફરક હોય છે. પરિણામે ક્યારેક પતિ તો ક્યારેક પત્ની શું કહેવા માગે છે, શું કરવા માંગે છે, તેઓ સમજી શકતાં નથી તેવા સમયે પરસ્પર ગુસ્સે થયા વગર, અકળાયા વિના સહાનુભૂતિ રાખીને, પોતાના મનની વાત સમજાવવાથી અનેકાનેક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય છે. આપણાં બાળકો ઘરમાંથી ઘણું બધું શીખે છે. તેઓ આપણા સંસ્કારોના પણ વારસદાર છે. તેઓ આપણું અનુસરણ કરતાં રહે છે. આ બાબતે આપણે સભાનતા રાખવી રહી. સમજદારીની સાથે સહનશીલતાનો ગુણ દાંપત્યને હર્યુંભર્યું રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

દાંપત્યમાં સહનશીલતાનું સોપાન સર કરવું અતિ દુષ્કર છે એ ખરું, પરંતુ પતિ-પત્ની એકબીજાના સ્વભાવને બરાબર ઓળખી લે પછી 'क्षमा वीरस्य भूषणम् ।' (ક્ષમા વીરનું આભૂષણ છે) એવો ભાવ ડગલેને પગલે જાગી જાય કારણ સ્નેહ, સમર્પણ અને સમજદારી જ સહનશીલતાનો પદાર્થ પાઠ શીખવી જાય છે.

મોટાભાગે પતિ કે પત્નીનો સ્વભાવ દાંપત્ય જીવનમાં અડચણરૂપ બની જતો હોય છે. લગ્ન પહેલાં એકબીજા પર પસંદગીનો કળશ ઢોળ્યા પછી, આકર્ષણ અને પ્રેમાવશ સામેની વ્યક્તિના સદ્‌ગુણો જ દેખાયા હોય છે, ત્યારે એની નબળાઈ તરફ ધ્યાન જતું નથી, પરંતુ એકવાર લગ્ન થયા પછી સાથે રહેતાં, પેલી માત્ર સદ્‌ગુણો જોવાની દૃષ્ટિ બદલાઈને માત્ર ખામીઓ તરફ ધ્યાન દોરાતું હોય છે. વાસ્તવમાં એવું ન થવું જોઈએ. 'ખુશામત તો ખુદા કો ભી પ્યારી હોતી હૈ' એ ન્યાયે એકબીજાનાં કાર્યોની પ્રશંસા, માન-સન્માન જાળવવાથી અને નબળાઈઓ પ્રતિ આંખ-આડા કાન કરવાથી, ઘરમાં શાંતિભર્યું વાતાવરણ બની રહે છે. આમ છતાં કેટલીકવાર નબળાઈઓ પ્રત્યે

ધ્યાન પણ દોરવું પડે, એવું હોય ત્યારે આપણી કહેવાની રીતભાતમાં, વાણીમાં મીઠાશ રાખવી પડે. ભૂલ બતાવવા માટેની રીત પણ સારી હોય તો સામેના પાત્રને ભૂલનો સાચો અહેસાસ થાય અને તે દૂર કરવા પ્રયત્નશીલ બને. પરસ્પર આક્ષેપ-દલીલબાજી અને કર્કશતા દાંપત્યને માટે જોખમકારક બને છે. અહં અને આકરાપણું, વાણી-વર્તનમાં કટુતા સામેની વ્યક્તિની સહનશક્તિની મર્યાદા બાંધી દે છે. દાંપત્યમાં ‘નમે તે સૌને ગમે’ એ ઉક્તિનું આચરણ ડગલે ને પગલે કરતાં રહેવું પડે.

સંયમ અને શિસ્તપાલન દાંપત્યજીવનનું મહત્ત્વનું સોપાન છે. ઉમદા દાંપત્યમાં એક શિસ્ત ચોક્સાઈપૂર્વક પળાય છે કે ઘરમાં બાળકોની હાજરીમાં, એકબીજામાં રહેલા અવગુણો-ભૂલોની ચર્ચા કરવામાં આવતી નથી. બાળકોની ગેરહાજરીમાં આપસમાં ઊભી થયેલી ગેરસમજો નિખાલસતાથી દૂર થાય એ સારું. આખો દિવસ પોતપોતાની પ્રવૃત્તિમાં ઘરબહાર રહેતાં માતા-પિતા અને સંતાનો સર્વે સમૂહમાં સાંજની પ્રાર્થના, રાત્રીભોજન સાથે લે અને સાથે બેસીને આખા દિવસના અનુભવોનું શેરિંગ કરતાં રહે તો પરસ્પર નિકટતા, સ્નેહના બંધનમાં બાંધી રાખે. ઘરનું વાતાવરણ બાળકનું શારીરિક, માનસિક, આધ્યાત્મિક ઘડતર કરે છે. આવાં પરિવારોમાં ઉછરતાં બાળકો સંસ્કારી, સુશીલ અને ચારિત્ર્યવાન બને છે. દંપતીએ સર્વે સોપાન સર કરવાં અતિ કઠિન છે. જ્યારે પ્રેમ, પ્રાર્થના અને સતત પ્રયત્નશીલ રહેવાથી સફળ થવાય છે.

સ્વસ્થ સમાજની સુરચનાની પાયાની ઈંટ સ્ત્રી-પુરુષ બંને છે. પરંતુ જેના ગર્ભમાં ભાવિ પેઢીનાં બીજ પાંગરે છે, એવી સ્ત્રીને પ્રભુએ પુરુષથી તદ્દન ભિન્ન સરજી છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું વ્યક્તિત્વ પૂર્ણતાથી નિખરી ઉઠે એવી મોકળાશ આપવાની મહત્ત્વની જવાબદારી પુરુષવર્ગના શિરે રહેલી છે. સ્ત્રીનું શારીરિક, માનસિક, આત્મિક-આધ્યાત્મિક શોષણ ન થવું જોઈએ. ફાધર વાલેસ લખે છે:

“દુનિયા તે પુરુષોની દુનિયા નથી. સ્ત્રીઓની પણ નથી. બંનેની છે. ખરું કહીએ તો કુટુંબની જ છે, ને કુટુંબમાં સ્ત્રી ને પુરુષ સરખાં ને જુદાં ને પૂરક ને સહાયક ને આખરે બે છતાં એક બનીને અનન્ય આત્મીયતાથી રહે છે. એમાં બંનેની સાર્થકતા છે.”

(લગ્ન સાગરઃ સરખાં કે જુદાં?)

પ્રત્યેકનું દાંપત્યજીવન સફળ થશે એવું માની ન લેવાય. દરેકના પ્રશ્નો, વિટંબણાઓ, સમસ્યાઓ, સંઘર્ષો ભિન્ન ભિન્ન હોય છે. એમાંથી પાર ઊતરવાની મહેનત બેઉએ સાથે કરીને, સહિયારા પ્રયાસથી જીવન જંગ જીતવાનો છે.

પ્રભુ સર્વે દંપતીઓને અથાગ શક્તિ બક્ષે તથા આપણા સંતાનો સ્વસ્થ સુસમાજની રચના કરે એવી આંતરરાષ્ટ્રીય કુટુંબદિને અંતરની અભ્યર્થના! ●


## દાન માટે અપીલ

મેકવાન રાજેશભાઈ વિલ્યમભાઈ (ખંભોળજ), જેમની બન્ને કિડ્ની ફેઈલ છે. તેઓ અજય કોઠિયાલા હોસ્પિટલ, આણંદમાં I.C.U.માં સારવાર મેળવી રહેલ છે. રૂા. ૧ લાખ કરતા વધારે ખર્ચ થયેલ છે અને આર્થિક પરિસ્થિતિ નબળી છે. તેમને વધુ સારવારની જરૂર છે. આપનો ઉદાર હાથ રાજેશભાઈની તંદુરસ્તી બક્ષી શકે છે.

**દાન માટે સભાપુરોહિત ફાધર અરૂલ**
**કેથોલિક ચર્ચ, ખંભોળજ**
**અથવા તો શશીકાન્ત રાજેશભાઈ (મો. ૮૫૧૧૨ ૫૪૫૧૪)**
**ઈસુચોક પાસે, ખ્રિસ્તી ફળિયું, ખંભોળજ**

## કૉલેજના વિદ્યાર્થીઓ જોગ

શાંત, રમણીય, પ્રાકૃતિક અને ધાર્મિક વાતાવરણમાં રહી અભ્યાસની સાથે સાથે જીવન ઘડતર કરવાની ઉત્તમ તક.

આણંદ - વિદ્યાનગર - કરમસદ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેવાની અને જમવાની ઉત્તમ સગવડ એટલે લૉયેલા હોસ્ટેલ, કરમસદ

**:: સંપર્ક ::**
**ફાધર સંદીપ મધુકર (યુથ ડાયરેક્ટર)**
કેથોલિક ચર્ચ, કરમસદ, જિ. આણંદ - ૩૮૮૩૨૫
**ફોન નં.: ૦૨૬૯૨-૨૨૨૨૩૩,**
**મો. ૯૬૬૨૨ ૪૬૪૦૦**

## સહિયારો સહકાર સૌનો ઉદ્ધાર


કરોલી(વડતાલ તાબો)માં વર્ષો પહેલાં પ્રભુમંદિર બાંધવામાં આવેલું હતું. જેનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર હોય, સદર ખર્ચને પહોંચી વળવા સૌ દાતાઓ સમક્ષ મદદની અપેક્ષાએ હાથ લંબાવવામાં આવે છે. ઈશ્વર આપના પરિવાર ઉપર કૃપા વરસાવે, બદલામાં હજારગણું આપને આપે એવી અંતરથી શુભેચ્છા.

**દાન પહોંચાડવાની માહિતીઃ ખાતેદારનું નામઃ** સંત પૉલ કેથોલિક ચર્ચ, કરોલી
**બેંકનું નામઃ** બેંક ઓફ બરોડા, **ખાતા નં.:** ૪૧૩૮૦૧૦૦૦૦૪૩૬૨
**IFSC:** BARRBOVADTAL **MICR:** 388012013
**Contact:** Fr. Martin - 99981 33199, Bhavin - 99044 72678

# આવ્યો મે મહિનો, દિલ મારું રાચે...

✍ સિસ્ટર વિજ્યા ઓ.પી.





“

ગુલાબમાળા જપવી એ ઈસુ પાસે જવાનું એક હાથવગું સાધન છે.

“

વિશ્વભરમાં વિવિધદિનની ઉજવણીની પ્રથા વર્ષોથી છે. હવે આપણા ત્યાં પણ આવી ઉજવણીઓનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ૧૧મી મે 'માતૃદિન' તરીકે ઉજવાય છે. પોતાની મા પ્રત્યેનું ઋણ ચૂકવવાનો આ સુંદર અવસર છે. આ દિવસે માના ત્યાગ અને પ્રેમની કદરરૂપે વિવિધ રીતે બાળકો પોતાની માનો દિવસ યાદગાર બનાવે છે.

મરિયમની મહાનતા પ્રભુ ઈસુની મા બનવામાં છે. મા મરિયમ ઈસુની સૌ પ્રથમ અને વફાદાર શિષ્યા, તેમજ ઈસુના જીવનકાર્યના પહેલાં સાક્ષી હતાં. બેથલેહેમના ગભાણથી કાલવારીના ક્રૂસ સુધી એકલાં મરિયમ ઈસુની નિકટ હતાં. બેથલેહેમ ગભાણમાં મરિયમે દુનિયાને ઈસુ આપ્યા, અને ક્રૂસ પર ઈસુએ વિશ્વને મા મરિયમ આપી. ધર્મસભામાં માતા મરિયમનું સ્થાન શ્રેષ્ઠ છે. માતા પાસે જવાનું સહેલું હોઈ આપણાં સર્વ સુખ-દુઃખ માની ગોદમાં અર્પી દઈએ છીએ. ઈસુ પોતાની માની માંગણી કદી ઊથાપે નહિ.

ધર્મસભાએ આપણી સ્વર્ગીય માતા મારિયાના માનાર્થે સપ્ટેમ્બર, ઓક્ટોબર અને મે મહિનાઓ રાખ્યા છે. મે મહિનાની ભક્તિની શરૂઆત ૧૮મી સદીમાં ઈસુસંઘ દ્વારા રોમમાં થઈ. પશ્ચિમના દેશો અને ધીમે ધીમે અન્ય દેશોમાં આ ભક્તિ પ્રસરી ગઈ. જુદા જુદા કાળમાં, અનેક વડાધર્મગુરુઓ દ્વારા આ ભક્તિને પ્રોત્સાહન અપાયું છે. ૧૮૫૪માં પોપ પીયૂષ નવમાએ માતા મારિયાને વિશ્વભરની ધર્મસભામાં 'નિષ્કલંક જીવધારણ'ની જાહેરાત કરી. પોપ બેનેદીક્ત પંદરમાએ ૧૯૧૫માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન, શાંતિ માટે પ્રાર્થના કરવા અનુરોધ કર્યો. પોપ પીયૂષ બારમાએ ૧૯૩૯માં દ્વિતિય વિશ્વયુદ્ધના આરંભે મે મહિનાની ભક્તિ વધારી. ૧૯૬૫માં મે માસમાં પોલ છઠ્ઠાએ વિશ્વશાંતિ માટે માતાની ભક્તિ કરવા આગ્રહ કર્યો. ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૨માં પોપ દ્વિતીય જ્હોન પાઉલે ગુલાબમાળાનાં મર્મોમાં ઈસુના જાહેર જીવનકાર્યને વણી લેતા 'પ્રકાશના પાંચ મર્મો'ની ગુરુવાર માટે પૂર્તિ કરી, મા મરિયમને 'રાણી'નું બિરુદ આપ્યું, અને માતા મરિયમની લોકપ્રિય ભક્તિને મે મહિનામાં ચાલુ રાખવા સંબોધેલ છે.

ટેકરી સામે કે દેવાલયમાં ભક્તજનો એકત્રિત થઈ ગુલાબમાળાનું રટણ કરે છે. રટણ એક જાતની પ્રાર્થના છે. રટણ કરવાથી આપણે તેમાં એકલીન બની જઈએ છીએ. ગુલાબમાળાની ભક્તિ ઘણી લોકપ્રિય અને સૌને કંઠસ્થ હોઈ સરળ છે. ગુલાબમાળા જપવી એ ઈસુ પાસે જવાનું એક હાથવગું સાધન છે. સમય કે સ્થળ મર્યાદા નડતાં નથી. જપમાળા એટલે માતા મરિયમના સદ્‌ગુણોની એક ફૂલછાબ. માતાને માન આપવું, અને ઈસુના સાંનિધ્યમાં રહેવું એ ગુલાબમાળાનો મુખ્ય ઉદ્દેશ છે. દુનિયાભરમાં માતા મારિયાને નામે અસંખ્ય દેવાલયો છે, અને વાર-તહેવારે તો ભરચક માનવમેદની ઉમટે છે. ઘણાં પરિવારો, સોસાયટીઓ અને ફળિયાઓમાં પણ ભક્તજનો એકઠાં થઈ, ગુલાબમાળા રટી પ્રાર્થનામય માહોલ ઊભો કરે છે. મે મહિનો આવતાં જ મા મરિયમની ભક્તિનું શૈશવકાળનું સંસ્મરણ તાજું થઈ જાય છે. ઉત્તરસંડા ગામનાં કેથલિક ફળિયાનાં અમે બાળકો તો વેકેશન પડતાંની સાથે જ આ દિવસોની ઉત્કંઠાપૂર્વક રાહ જોતાં. સતત ૩૧ દિવસ અમે ખૂણે ખૂણેથી, અને મોટેરાંઓ ખેતરની વાડે-રસ્તેથી ચૂંટી લાવેલ ફૂલોના વાઘાથી માને સજાવતાં. ગુલમહોરનાં ઢગલાબંધ પુષ્પગુચ્છોથી ઢંકાઈ ગયેલ માનું રૂપ નીરખી ઊઠતા દૃશ્યને નિહાળતાં, અમારાં બાળમન પ્રફુલ્લિત થઈ જતાં. પ્રતિમા આગળ ઘૂંટણિયે પડી શ્રદ્ધાળુઓની ભક્તિ જોતાં લાગે કે, જાણે 'મા' કોઈ ભક્તને ખાલી હાથે જવા જ ના દેતી હોય! ગુલાબમાળાના જાપ અને ગીતોની રમઝટથી સારુંય વાતાવરણ ભક્તિમય અને અતિ પાવન બની જતું.

આખો મે મહિનો માતાને અર્પણ કરેલો છે. ૧૩મી મે ફાતિમાનાં માતા મારિયા, ૨૪મી ખ્રિસ્તીઓની સહાયક માતા મારિયા અને ૩૧મી મે એલીસાબેત-મરિયમની મુલાકાતના

ઉત્સવો આવે છે. ૧૯૧૭માં ૧૩મી મેના રોજ પોર્ટુગલના ફાતિમા ગામના સીમાડે ઘેટા ચરાવતાં દસ વર્ષીય લુસિયા, નવ વર્ષની તેની પિતરાઈ બહેન જાસીન્તા તેમજ સાત વરસના ભાઈ ફ્રાન્સિસને માતા મારિયાએ પ્રથમ દર્શન આપ્યું, અને પછી તો ઓક્ટોબર સુધી દર મહિનાની ૧૩મી તારીખે આપેલ સમય મુજબ માતાનાં દર્શનાર્થે ત્રણે બાળકો અચૂક હાજર થઈ જતાં.

૧૨મી સાંજથી પવન ફૂંકાતા, ગગનભેદી અવાજો સાથે વર્ષાનું વાતાવરણ સર્જાઈ ગયું. ૧૩મી ઓક્ટોબર બપોરે મૂશળધાર વરસાદમાં છત્રીઓ સાથે કાદવ-કીચડમાં પણ રગદોળાતાં, ૭૦૦૦૦ જણનું મહેરામણ દર્શનના થાનકે એકત્રિત થયું. દર્શનના સમયે સર્વના આશ્ચર્ય વચ્ચે આકાશ એકદમ સ્વચ્છ, વરસાદ થંભી ગયો, અને તે સાથે ભીની જમીન પણ સૂકાઈ ગઈ. ઉદગ્રીવ દરેક મીટ નભની ઝળહળતી આભા પર જ મંડાયેલી હતી. સૌને એક અલૌકિક અનુભૂતિ થઈ, અને ત્રણે બાળકોને તો સાક્ષાત્ માતાનું છઠ્ઠું દર્શન લાધ્યું હતું.

માતા મારિયાના જણાવ્યા અનુસાર ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં બંને બાળકો પ્રભુને પ્યારા થઈ ગયાં હતાં. લુસિયાએ સિસ્ટર બની ૯૬ વર્ષનું આયુષ્ય ભોગવ્યું, અને માતાએ દર્શન દ્વારા ધર્મસભા માટે આપેલા સંદેશા પ્રગટ કરવાની જવાબદારી તેમને શિરે આવી. પાપી આત્માઓને અને ધર્મસભાને બચાવવા, વિશ્વયુદ્ધ ટાળી શાંતિ સ્થાપવા, નિર્મળ હૃદય માતા મારિયાની ભક્તિ શરૂ કરી, રશિયાને પડતીમાંથી ઉગારી લેવા સામૂહિક અને વ્યક્તિગત પ્રાર્થના-ચિંતન, ત્યાગ, દયા કૃત્યો કરવા આગ્રહ કરતા રહ્યાં. આ રીતે થતાં માતા મારિયાએ ધર્મસભા અને દુનિયાને અનિષ્ટોથી બચાવી લીધી.

કેથલિક ધર્મસભાની સંમતિ અને સ્વીકૃતિથી ૧૩મી મે ફાતિમાનાં મા મારિયાનું પર્વ ઉજવાય છે. દર્શનનાં સ્થાને એક વિશાળ દેવાલય આજે ખડું છે. વિશ્વભરના યાત્રાળુઓ રોજ માતા મારિયાનાં દર્શને આવતાં જ રહે છે. દોઢ દાયકા અગાઉનો મારો આ એક અવિસ્મરણીય લહાવો અકબંધ છે. વયોવૃદ્ધોને હાંફતાં હાંફતાં, પણ પર્વતના ધૂળિયા ચઢાવે ક્રૂસનાં ૧૪ સ્થાનોએ ભાવથી ભક્તિ કરતાં નિહાળતાં હું પણ પ્રભાવિત અને પ્રોત્સાહિત થઈ હતી.

વિશ્વમાં 'આ વર્ષની વ્યક્તિ' તરીકે પસંદગીનો કળશ ઢોળાયો છે એવા આપણા આધુનિક વિચારસરણી અને મિશનરી જુસ્સાવાળા, છતાંય સાદગીમય જીવનશૈલીથી લોકલાડીલા બનેલ વડાધર્મગુરુ મહાશ્રી પોપ ફ્રાન્સિસ પણ માતાના ભક્ત છે, અને ધર્મસભામાં મા મારિયાની ભક્તિના હિમાયતી છે.

બાઈબલમાં મા વિશે સંત લૂક સૌથી વધુ લખે છે. આ સ્વર્ગીય માતા આપણી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સંભાળ રાખે છે. તેનું માતૃત્વ દૈવી તેમજ વૈશ્વિક છે. વ્યક્તિગત રીતે એક બંધનથી ઈસુ સાથે આપણું સાયુજ્ય સાધી આપે છે. આપણે બડભાગી કે આપણને સૌને માતાનું વિશિષ્ટ રક્ષણ સાંપડ્યું છે. ●


# BBR School of Nursing & Sigma College of Nursing
## એડમીશન 2014 - 2015 (હૈદરાબાદ / સિકંદરાબાદ)

## નર્સિંગ કોર્સીસ

- ❖ જનરલ નર્સિંગ (GNM)
- ❖ B.Sc. નર્સિંગ

**Special Feature of Nursing School/College:**

- INC and APNC માન્ય
- Quality Education & Reasonable fees
- Yearly two installments to pay fees (every six months)
- Location right in the city
- Experienced by Gujarati students for last 8 years
- Good practical skills/knowledge is provided
- 100% Job guaranteed after Nursing course
- Scholarship guidance to Christians and SC/ST students
- Location right in the city

## એડમિશન માટે સંપર્ક કરો

**Spot Admission in Gujarat**

**નડીઆદ:** Mr. Justin William Chauhan,
77 - Navdeep Society, Pavan Chakki Marg,
Beside Divya Joyt Society, Nadiad, Gujarat 387002
**Mob. 98986 80948**

**પેટલાદ:** Mr. Bhupendra Parmar
**Mob. 94270 04954**

**અમદાવાદ:** Mr. Dextor Solanki
**Mob. 99241 34222; 99781 34222**

**સુરત:** Mr. Chimanbhai
**Mob. 90992 20377**

***Administrative office for admission***

**Contact Us: 098480 46750**
**098486 25737; 093912 22471**



# હું એક મા છું.

✍ વિમળા બાસીલ પરમાર

મે મહિનાના બીજા રવિવારને આપણે સૌ 'માતૃદિન' તરીકે ઉજવીએ છીએ. આ માતૃદિનનો વિચાર પશ્ચિમ વર્જિનિયામાં રહેતી જરવીસ ગામની માતાને આવ્યો હતો. દ.અમેરિકામાં ચાલતા યુદ્ધમાં સૈનિકો એકબીજા પ્રત્યે તિરસ્કારની ભાવનાથી જોતા હતા. માતા જરવીસને આનાથી ખૂબ જ દુઃખ થયેલું. એને મનમાં થયેલું કે બધાજ ઈશ્વર પિતાનાં સંતાનો છે, ત્યારે એકબીજા માટે આવો તિરસ્કાર શા માટે? આ સૈનિકોના હૃદયમાં એકબીજા પ્રત્યે પ્રેમભાવના પ્રગટ થાય એ માટે એણે ખૂબજ પ્રયત્નો કરેલા. ૧૯૦૬માં જરવીસનું મૃત્યુ થતાં, એમની દીકરી આન્નાએ માતાની ઈચ્છાને પૂર્ણ કરવા માટે પ્રયત્નો કર્યા. આન્નાએ ત્યાંના મેગેઝીનોમાં મા માટેની ઉમદા લાગણીને વ્યક્ત કરતા લેખો લખીને સૌના મનમાં આ દિવસની ઉજવણીનો વિચાર મૂકેલો. આ ઉજવણીને માટે એનાથી શક્ય તેટલા તમામ પ્રયત્નો કરેલા. આખરે તેના પ્રયત્નોના પરિણામે ૧૯૧૪માં મે માસના બીજા રવિવારે ખૂબજ લાગણીસભર રીતે ઉજવણી કરવામાં આવી હતી.

'માતૃદિન' એટલે માની મમતાનો દિવસ. માતાના ગુણગાન ગાવાનો દિવસ, માનો આભાર માનવાનો, માને દિલથી થેન્ક્યુ કહેવાનો દિવસ. આજના દિવસે દરેક સંતાન પોતાની વહાલસોયી માતાને એકાદ સારો બુકે આપીને કે પછી એકાદ સારી સાડીની ભેટ આપીને કે સારી હોટેલમાં જમવા લઈ જઈને ધન્યતા અનુભવે છે. પણ આજે મારે પ્રત્યેક સંતાનને કહેવું છે કે, આજના દિવસે તમે તમારી માતાને જો કોઈ ભેટ આપવા માંગતા હોય તો એવી ભેટ આપજો કે, તમારી માતાને તમારી ભેટથી સાચા અર્થમાં આનંદ થાય એ વિચારજો. તમારા કારણે તમારી માતા ચિંતામાં રહે છે. તમારા કોઈક એવા અઘટિત નિર્ણયથી તમારી માતા તમારાથી નારાજ છે. જો એવું હોય તો એવા તમારા ખોટા નિર્ણયમાંથી પાછા ફરજો. આજના આધુનિક યુગમાં તમારી સલામતી અને તમારા ઉજ્જવળ ભવિષ્ય બાબતે તમારી માતા ચિંતા કરતી હોય તો આજે તમારી માતાને ભરોસો બંધાવજો કે, ક્યારેય તમે કશું ખોટું નહીં કરો. સાચી રીતે અને યોગ્ય રીતે મહેનત કરીને ઈશ્વરની બીકમાં આવીને તમે આગળ વધશો. તમારી મમ્મીએ તમારામાંથી વિશ્વાસ ગુમાવ્યો હોય તો આજે દિલથી તમારી મમ્મીની માફી માંગજો. તમારી આવી ભેટ તમારી માતાને ચોક્કસ ગમશે જ. તમારી મમ્મીના હંમેશાં તમે ઋણી રહેજો, કેમકે એનાજ હાડમાંસમાંથી તમારું સર્જન થયું છે. તમારા જન્મ સમયે, અને ત્યારપછી પણ તમારા ઉછેર માટે એણે એની જાતને નિચોવી નાખીને સદૈવ તમારું સુખ જ જોયું છે.

માની ઉદારતા, તેની ત્યાગ ભાવના, તેનો અસીમ નિઃસ્વાર્થ પ્રેમ, એની સહનશીલતા, આ દુનિયાની કોઈ સંપત્તિની તોલે ના આવે. માના પ્રેમને કશાથી માપી ના શકાય. તેના પ્રેમને પામી શકાય. આ વિશ્વમાં ઈશ્વર પછીનું બીજું સ્થાન માનું હોય છે. માનો પ્રેમ અદ્‌ભુત હોય છે. તાજું જન્મેલું રડતું બાળક પણ માના સ્પર્શને ઓળખી જઈને, છાનું રહી જાય છે. કોણ આપે છે આ ઓળખાણ નવજાત શિશુને?

ઈશ્વરે નારીને માતૃત્ત્વનો સૌથી મોટો આશીર્વાદ આપ્યો છે. સ્ત્રીને ઈશ્વરે એની સર્જનપ્રક્રિયાની ભાગીદાર બનાવીને તેનું ગૌરવ કર્યું છે. માના પ્રેમને વર્ણવવા માટે મારી આ કલમની તાકાત ઓછી પડે. લોહીના સંબંધમાં શ્રેષ્ઠભાવ જોવો હોય તો માતા અને તેના બાળકનો સંબંધ યાદ કરવો પડે. મા પોતાના બાળકના સુખે સુખી, અને તેના દુઃખે દુઃખી થાય છે. લોહીના સંબંધનો ઉત્કૃષ્ટ ભાવનો અહેસાસ કરાવતી એક હૃદયસ્પર્શી સત્ય ઘટના મારે તમને કહેવી છે.

બ્રિટનની મહારાણીની પુત્રી એલિસ. તેને એક ખૂબજ સુંદર દીકરો હતો. હસતો રમતો ગુલાબનો ગોટો. રાજમહેલમાં સૌનો વહાલસોયો. એવો એ દીકરો... પણ ઈશ્વરને જાણે કે એના સુખની ઈર્ષા આવી હોય એમ આ દેવના દીધેલ દીકરાને અસાધ્ય ચેપી રોગ થયો. આ રોગને કારણે એ દુર્બળ પડવા લાગ્યો. આ રોગ એવો ચેપી હતો કે, જે કોઈ એની નજીક જાય તો એના શ્વાસોશ્વાસ દ્વારા આ રોગનાં જીવાણુંઓ તંદુરસ્ત વ્યક્તિના શરીરમાં પણ પ્રવેશી જાય.

શાહી પરિવારના ડોક્ટરોએ તેની સારવાર શરૂ કરી. રોગ ચેપી હોવાના કારણે તેને અલગ ખંડમાં રાખવામાં આવ્યો હતો. બાળકની પાસે કોઈને પણ જવા દેવામાં આવતા નહીં. તેની કાળજી માટે એક નર્સને રાખવામાં આવેલી. આ નર્સ પણ મોંઢે માસ્ક પહેરીને જતી, અને તરત જ બહાર નીકળી જતી. સતત એકલતા, દવાઓના મારાથી ફૂલ સમો દીકરો મૂરઝાવા લાગ્યો. એ માની હૂંફ માટે તલસવા લાગ્યો. માતા એલિસ પણ દીકરાની પાસે જવા માટે તરફડવા લાગી. જ્યારે નર્સ બે પાંચ મિનિટ માટે બહાર ગઈ, ત્યારે આ તકનો લાભ લઈને એલિસ દીકરાની પાસે દોડી ગઈ. એણે એના દીકરાને છાતી સરસો ચાંપીને ચુમીઓથી એને ભીંજવી નાંખ્યો. પાછી ફરેલી નર્સે આ જોયું તો એણે મહાપરાણે બંનેને જુદાં પાડ્યાં, પણ આટલા સમયમાં તો એલિસના શરીરમાં રોગનાં જંતુઓ પ્રવેશી ચૂક્યાં હતાં. જ્યારે એલિસ મરણ પથારીએ હતી, ત્યારે એની સારવાર કરતાં ડોક્ટરોએ એલિસને પ્રશ્ન પૂછ્યો કે, તમે આ રોગની ભયાનકતા સમજો છો. આ રોગ ચેપી છે એવું તમે જાણો છો? તો પછી તમે આવું ગાંડુ સાહસ શા માટે કર્યું? એના જવાબમાં માતા એલિસે જવાબ આપેલો કે, હું ફક્ત એક મા છું. (ધર્મલોકમાંથી)

માના આવા પ્યારને પ્રેમથી પોંખવાનો દિવસ એટલે 'માતૃદિન'. આજે તમારી પાસે તમારી મા છે. તો તમે ભાગ્યશાળી છો. સર્વ માતાઓને મારી ખૂબ ખૂબ શુભેચ્છા. ●



# મારે જીવવું છે

✍ ડૉ. આર.કે.પરમાર



છ મહિના પહેલાં બનેલી આ સત્ય ઘટના છે. એક પછી એક દર્દીને તપાસતો હતો ત્યાંજ નર્સે આવીને કહ્યું, 'સાહેબ એક સર્જીકલ પેશન્ટ છે. ડ્રેસિંગ ડોક્ટર સાહેબના હાથે જ કરાવવું છે'. સાથે તેણે મને આ ફાઈલ પણ આપી છે; કહ્યું છે કે, 'સાહેબને બતાવો' મેં દર્દીને અંદર ટેબર પર લાવવાનું કહ્યું. ફાઈલ પર નજર કરતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈને આવેલ પેશન્ટ હતો. ગળાનું કેન્સર હતું. ઓપરેશન કરેલું હતું. મારે તેનું ડ્રેસિંગ કરવાનું હતું.

દર્દીને ઔપચારિકતાથી નામ પૂછ્યું. નામ હતું અમરસિંહ. હું હજુ ડ્રેસિંગની શરૂઆત કરું છું, ત્યાંજ દર્દીએ બોલવાનું શરૂ કર્યું, 'સાહેબ પટ્ટીઓ ધીમેથી ખોલજો'. મેં મૌન રાખી હકારમાં માથું હલાવ્યું. ત્યાંજ દર્દીએ ફરીથી પૂછ્યું, "સાહેબ મને મટવા આવ્યું છે?" મેં મૌન તોડી કહ્યું, "ભાઈ હજી તમારી પટ્ટીઓ ખોલી નથી ત્યાં મટ્યું છે કે નહીં તેની ખબર મને કેવી રીતે પડે!" દર્દી શાંત થઈ ગયો. મેં પટ્ટી ખોલી ડ્રેસિંગ કર્યું. ઘા જોતાં લાગ્યું કે કેન્સર તેનું પૂરેપૂરું રૂપ દેખાડી ચૂક્યું હતું. અર્થાત્, થર્ડ સ્ટેજમાં કેન્સર હતું. દર્દીની ફાઈલ, ડોક્ટરના ઓપિનિયન અને લેબોરેટરીના રિપોર્ટ જોતાં કેન્સરની ગંભીરતાની ખબર પડતી હતી. ડ્રેસિંગ પતાવી દર્દી બહાર ગયો. મેં ફાઈલ જોઈ. કાંઈ કહું તે પહેલાં સાથે આવેલ પિતરાઈ ભાઈએ મને કહ્યું કે, કેન્સર હોસ્પિટલના સાહેબે મને દર્દની ગંભીરતા જણાવી છે. સાહેબ, હવે તો પ્રભુ પ્રાર્થના એજ એક ઉપાય છે. પણ સાહેબ, અમરસિંહના સંતોષ ખાતર તેને ડ્રેસિંગ કરી આપજો, એટલી મારી વિનંતી અને અરજ છે'.

મેં અમરસિંહને પૂછ્યું, 'ભાઈ તમાકુ ખાતા હતા?' ત્યારે તેણે કહ્યું સાહેબ મારા ફાધર તમાકુ ખાતા હતા. ઘણીવાર તે મને બનાવી આપવાનું કહેતા. હું તેમને બનાવી આપતો, અને થોડો ટેસ્ટ પણ કરતો. આમ પંદર વર્ષની વયથી આ ટેવ પડી ગઈ છે. સાહેબ, દસ વર્ષથી તમાકુ ખાઉં છું, "પણ સાહેબ મને મટી જશેને!" મારે જીવવું છે સાહેબ, ગઈ સાલ જ લગ્ન કર્યાં છે; ત્રણ મહિનાની બેબી છે.'

છેલ્લા પ્રશ્ને મને હલાવી મૂક્યો. મને, તેના પિતરાઈ ભાઈને તથા તેની સારવાર કરતા કેન્સર હોસ્પિટલના દરેક ડોક્ટરોને ખબર હતી કે, આ ભાઈ હવે કેટલું જીવશે. ફક્ત ભગવાન જ ચમત્કાર દ્વારા બચાવી શકે.

અને ત્રણ મહિના પછી તેના પિતરાઈ ભાઈ મારા ક્લિનિક પર દવા લેવા આવ્યા, ત્યારે ખભે ખેસ હતો. મને ખબર પડી ગઈ કે અમરસિંહ અમર થઈ ગયા સાથે સાથે બાવીસ વર્ષની પત્ની અને ત્રણ મહિનાની બેબીને બેબસ કરતા ગયા.

આપણા સમાજમાં અને સાર્વત્રિક તમાકુ ત્રણ રીતે ઉપયોગમાં લેવાય છે. તમાકુ ખાવામાં, તમાકુ પીવામાં અને તમાકુ દાંતે ઘસવામાં. આ ત્રણેય રીતથી તમાકુ શરીરના જુદા જુદા અંગોને નુકસાન કરે છે. ગર્ભવતી સ્ત્રી જો તમાકુનું સેવન કરતી હોય તો તેને પણ કસુવાવડ, મૃતજન્મ અથવા અધૂરા મહિને સુવાવડ થાય કે બાળકનું વજન એકદમ ઓછું હોય તેવી સુવાવડ થાય છે.

તમાકુમાં ઘણી બધી જાતનાં નુકસાનકારક કેમિકલ હોય છે, જેવાંકે એમોનિયા, બેન્ઝીન, ફોર્માલ્ડિહાઈડ, એસીયેન, કેડીયમ જે દ્વારા શરીરના અંગોનું કેન્સર થાય છે.

આ સત્ય ઘટના સમાજ સમક્ષ મૂકવાનો ફક્ત એકજ હેતુ છે કે, ખ્રિસ્તી સમાજના ઘણા યુવાનો તથા વડીલો આના રવાડે ચઢી ચૂક્યા છે. તેમને મારે ચેતવવાનો આ નમ્ર પ્રયાસ છે. જો તેઓ તમાકુ છોડશે તો સુખી થશે, નહીં તો દુઃખી થવાના ચાન્સ છે જ. ●


**Many Many Happy Returns Of The Day...**
**"DEREN" On His First Birthday**

*May your special day...*
*Surrounded with happiness,*
*Filled with laughter,*
*Wrapped with pleasure,*
*Brightened with fun,*
*Blessed with love,*
*Remembered with joy*
*and enriched with hopes*
*GOD BLESS YOU*



*Happy*
*Date of Birth: 08-05-2013*

*:: With Best Wishes ::*

**Denesh Dabhi (Father)** **Snehal Dabhi (Mother)**
**Michaelbhai Dabhi & Family - Vadtal** **Babubhai Parmar & Family - Petlad**
**Aman, Swara, (Brother, Sister)**
*B/102, Bliss Residency, T.P. 13, Chhani Jakatnaka, Vadodara*




# વિશ્વ તમાકુ નિષેધદિન

✍ બકુલ મેકવાન

આદરણીય પૂ. મોરારિબાપુ તેઓના પ્રવચનમાં કહેતા હોય છે, 'તમાકુના ખેતરોને વાડ હોતી નથી, કારણ તમાકુ પ્રત્યે ગદર્ભોને ભારે એલર્જી છે.' હળવી શૈલીમાં કહેલી વાત સાવ સાચી છે; વાડ વગરના તમાકુના ખેતરમાં ગદર્ભ પણ ઘૂસણખોરી કરતા નથી. સમય બદલાઇ ગયો છે; માણસ-માણસ વચ્ચે હવે તુલના કરવામાં આવતી નથી; પણ માણસની તુલના ગદર્ભ સાથે કરવામાં આવે છે. લોકોને રાતોરાત શ્રીમંત થઈ જવું હોય છે, ને તેથી રોકડી કરી લેવાય એવા પાકને ઉગાડવામાં આવે છે. તમાકુ સારી આવક રળી આપે છે, એ અનેક ખેડૂત લોકોના સંપર્કમાં આવતાં જાણવા મળ્યું છે. તમાકુની બનાવટોનો વપરાશ વધી પડ્યો છે; અનેક લોકો તમાકુના બંધાણી બની ગયા છે, એમ કહેવાને બદલે તમાકુએ લોકોને બંધાણી બનાવી દીધા છે, એમ કહેવું વધારે ઉચિત જણાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સભ્યોએ એક મતે ૧૯૮૭ના મેની ૩૧મીથી આ દિવસની વિશ્વસ્તરે ઉજવણી કરવાનો નિર્ધાર કર્યો હતો, ત્યારથી પ્રતિ વર્ષ, આ દિવસને તમાકુ નિષેધ દિન તરીકે ઉજવવામાં આવે છે. મને એક વાત જોકે સમજાતી નથી. નિયમો બનાવવામાં આપણે શૂરા છીએ, પણ પછી જૈસે થે! ધૂમ્રપાન આરોગ્યને હાનિકર્તા છે, એ વાત ઢોલ પીટીને કરવામાં આવે છે, પણ ધૂમ્રપાનનાં ઉત્પાદનો પર કોઈ નિયંત્રણ હોતું નથી. એ જ રીતે, સરકારી ઈમારતોના ૨૦૦ મીટરના પરિઘમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ છે, પણ ખૂબ જ અલ્પ પ્રમાણમાં કસુરવારને દંડ કરવાનું સાંભળવામાં આવે છે. શા માટે શાસકો આ વાતે ઉદાસીન રહે છે? દેશના અર્થતંત્ર પર પ્રજાને બાનમાં લે તેવાં ઉત્પાદનોનો સંભવતઃ ભારે પ્રભાવ હોય છે. અફઘાનિસ્તાનની વાત કરીએ તો અફીણની નિકાસમાં (ગેરકાયદેસર નિકાસનું પ્રમાણ વધારે) એ અવ્વલ ક્રમે છે. મૂળ વાત પર આવીએ. વિશ્વ આખામાં તમાકુના ઉત્પાદનમાં પ્રથમ ક્રમાંકે ચીન પછી બ્રાઝીલનો વારો આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રાઝીલની તમાકુ બજારની ઉથલપાથલ પ્રભાવ જન્માવી શકે છે. વેચાણ વધારવા ગુણવત્તાનાં ગતકડાં કાઢવાં એ બજારની ખાસિયત છે. કહેવાનો અર્થ એ કે, ગુણવત્તાયુક્ત ઉત્પાદનોનો વપરાશ કરો, અને ગુણવત્તાયુક્ત મૃત્યુને નિમંત્રણ આપો. ભારતનાં કર્ણાટક, તામિલનાડુ, ગુજરાત, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશ એમ સહિયારાં રાજ્યોનું તમાકુનું ઉત્પાદન ભારતને વિશ્વમાં ચોથા ક્રમાંકે મૂકે છે. આંધ્રનો ગુંતુર પ્રાંત તમાકુના ઉત્પાદનની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો છે. અને ભારત તમાકુની નિકાસની દૃષ્ટિએ વિશ્વમાં ચોથા ક્રમે આવે છે.



અનેક લોકો એવી ભ્રામક માન્યતાથી પીડાય છે કે, ધૂમાડારહિત તમાકુનું સેવન ધૂમ્રપાન કરતાં વધુ સલામત છે. આ ગલત છે. ખરેખર તો તમાકુનું સેવન શરીરના કોઈપણ ભાગમાં કેન્સરના જોખમને અનેકગણું વધારી દે છે. તમાકુમાં ૨૮ જેટલાં વિવિધ રસાયણોનો સમાવેશ કરવામાં આવે છે, અને આ રસાયણો 'કાર્સિનજેનિક' એટલે કે કર્કરોગને નિમંત્રણ આપનાર ઘટકો ગણાય છે. અનેક વર્ષોથી એ વાત સાબિત થતી આવી છે કે, જે લોકો ધૂમ્રરહિત તમાકુનો ઉપયોગ કરે છે, તે લોકોમાં મ્હોં, અન્નનળી અને સ્વાદુપિંડનાં કેન્સરનાં લક્ષણો વિકસવાનું જોખમ વધુ હોય છે. ખરેખર તો તમાકુનું કોઈપણ પ્રકારે સેવન કરવું એ ખતરાને નિમંત્રણ આપવા બરોબર છે. આ ખતરા સામે લાલબત્તી ધરવાના પ્રયાસરૂપે, જાહેર આરોગ્ય પર તમાકુની થતી અસર પરત્વે લોકોનું ધ્યાન ખેંચવા, તમાકુ નિષેધ દિનની ઉજવણી સમર્પિત છે. વિશ્વમાં પ્રતિ વર્ષ અંદાજે ૫૪ લાખ લોકો તમાકુના સેવનથી જાન ગુમાવે છે. વાસ્તવમાં વિશ્વ આરોગ્ય સંસ્થાને ૩૧ મે, ૨૦૦૮થી તમાકુની કોઈપણ બનાવટની, કોઈપણ પ્રકારે જાહેરાત કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. તમાકુ નિયંત્રણ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાને બોલાવેલ પરિષદના અનુચ્છેદ-૧૧ અનુસાર, તમાકુની તમામ બનાવટોના વપરાશ બદલ થતી આરોગ્યની હાનિનો નિર્દેશ કરતી ચેતવણીઓ મોટા અને સ્પષ્ટ સંદેશ અથવા ચિત્રાંકન સહિત, જે તે ઉત્પાદનો પર છાપવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ ચિત્રાંકનોમાં કર્કરોગથી વિકૃત થતા ચહેરા, ખોપરી અથવા ક્ષતિગ્રસ્ત ફેફસાંનો સમાવેશ થાય છે. આટઆટલી જાહેરાત છતાં, લોકો શા માટે તમાકુનો વપરાશ બંધ કરતા નથી? કે પછી ચેતવણી આપવા પૂરતું જ શાસકો નિયમો ઘડે છે? વાસ્તવમાં જે જાગૃતિ કેળવાવી જોઈએ તે નથી કેળવાતી, એ પણ હકીકત છે. હમણાં એક સજ્જનને મળવાનું બન્યું. તપઋતુના ચાળીસ દિવસો દરમિયાન એ મહાશય ખરેખર સજ્જન બની જાય છે. "આખી તપઋતુ, હું દારૂ, સિગારેટ અને પડીકીનો સ્પર્શ કરતો નથી; ચાળીસ દિવસમાં બે-ત્રણ પદયાત્રાઓ પણ ખરી; ઈસ્ટરના દિવસથી નિયમ નેવે!" એ

સજ્જન રૂઆબભેર મને જણાવતા હતા. જે કામ ચાળીસ દિવસ કરી શક્યા, તે બાકીના દિવસોમાં કરી ન શકાય? પણ ખરેખર તો દૃઢ ઈચ્છાશક્તિ ન હોય તો ગમે તેવો પ્રચાર પણ પરિવર્તન લાવી શકતો નથી. કેટલાક વળી, ફેશન કે દેખાદેખીમાં વ્યસન કરતા હોય છે. “એકાદ તો વ્યસન હોવું જોઈએ, બોસ; નહિતર જિંદગી જેવું લાગે ખરું?” એવું મારા કેટલાક પરિચિતો અવારનવાર કહેતા હોય છે. “તો, બોસ, મરવાનું તો છે જ; તો જલસા કરીને જ ના મરીએ!” એવું માનનારો એક વર્ગ પણ વધી રહ્યો છે. એલીટ ક્લાસ ગણાતો આ વર્ગ, વ્યસનના કારણે નજરો સામે ઝળૂંબી રહેલા કાળને જોઈને ફફડી ઉઠે છે. પણ ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે.

સાવ એવું પણ નથી કે, અશિક્ષિત કે અર્ધશિક્ષિત વર્ગ વ્યસનોના રવાડે ચડી જાય છે, તો એમ પણ નથી કે કુસંગે ચડી જનાર લોકો જ નશાના આદતી બની જાય છે. શિક્ષિત વર્ગ પણ એનો બંધાણી હોય છે, અને વળી ગર્વભેર કહે છે કે, જીવનમાં કાંઈક તો મઝા હોવી જ જોઈએ ને! ભારતમાં ૨૦૦૬માં યોજાયેલ રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય મોજણીમાં ચોંકાવનારા આંકડા નજર સામે આવ્યા હતા. આ અનુસાર, ૧૫ થી ૪૯ વર્ષની વયજૂથમાં આવતા ૫૭% પુરુષો અને ૧૦.૯% સ્ત્રીઓ તમાકુનો વપરાશ કરે છે. ગુજરાતની વાત કરીએ તો ૨૨% લોકો ગુટખાના બંધાણી છે. આ વ્યસનો ગંભીર પ્રકારની બીમારીઓ નોતરવા સાથે, મૃત્યુને પણ આમંત્રણ આપી દે છે. ભારતની જ વાત કરીએ તો વર્ષે છ લાખ લોકો તમાકુને કારણે મૃત્યુ પામે છે; તો વિશ્વભરમાં આ આંકડો વાર્ષિક ૫૪ લાખના આંકડાને આંબી જાય છે, વર્તમાન સ્થિતિ જોતાં, ૨૦૩૦ સુધીમાં દર વર્ષે ૮૦ લાખ લોકો આ આદતને કારણે અકાળે મૃત્યુના મુખમાં ધકેલાઈ જશે. આ પૈકી ૮૦% લોકો વિકસતા દેશોમાં વસનારા હશે. હવે ધૂમ્રપાનના આંકડાની માયાજાળ જોઈએ. એકલા અમેરિકામાં ધૂમ્રપાનના કારણે, દર વર્ષે પોણા પાંચ લાખ લોકો મૃત્યુ પામે છે, જેમાં અંદાજે ચાળીસ હજાર કરતાં વધુ લોકો ધૂમ્રપાનના પ્રત્યક્ષ સંપર્કમાં આવતા નથી, પણ પેસિવ સ્મોકર હોય છે. ધૂમ્રપાન કરનારાઓ, ધૂમ્રપાન નહિ કરનારાઓ કરતાં દસ વર્ષ વહેલા મૃત્યુ પામે છે. એમ કહેવાય છે કે, જો અમેરિકામાં આ જ દરે ધૂમ્રપાન સ્વરૂપે તમાકુનો વપરાશ દર જળવાઈ રહ્યો તો ૧૮ વર્ષ કરતાં નાની વય જૂથના અંદાજે ૫૬ લાખ અમેરિકનો અકાળે મૃત્યુ પામશે. બીજી એક વાત! એક તરફ તમાકુ વપરાશ પર નિયંત્રણ લાવવા પ્રયાસો જારી છે, તો બીજી એક કડવી વાસ્તવિક્તા પ્રત્યે આંખ આડા કાન કરી શકાય તેમ નથી. ૨૦૧૧ના આંકડા મુજબ, તમાકુ ઉત્પાદન સાથે સંકળાયેલા ઔદ્યોગિક એકમોએ જાહેરાત પેટે દરરોજના ૨૩ મિલિયન ડોલરનો ગંજાવર ખર્ચ કર્યો હતો. આંકડાની માયાજાળમાં આગળ વધીએ. દરરોજ અંદાજે ૩૩૦૦ જેટલા તરુણો પ્રથમવાર ધૂમ્રપાનની શરૂઆત કરે છે; તો પ્રસંગોપાત ધૂમ્રપાન કરતા અંદાજે ૨૧૦૦ જેટલા યુવાનો કાયમના બંધાણી બની જાય છે. ભારતમાં ૧૩ થી ૧૫ની વયજૂથનાં બાળકો તમાકુનો વપરાશ કરે છે, તો 30% લોકો કેન્સરના ભરડામાં લપેટાઈને પ્રાણ ગુમાવે છે. આ લતમાંથી છૂટવા ૭૦% જેટલા પુખ્તવયના ધૂમ્રપાન કરનારાઓ મથામણ કરે છે, પણ એ સફળ થતા નથી. ખરેખર તો કાયદા અંગે કડકાઈ દાખવવાને બદલે, ઓછી આવક ધરાવતા સમુદાયમાં તમાકુનો વપરાશ ઘટાડવા માટે, ઊંચા દરે ટેક્સની વસુલાત સંભવતઃ અસરકારક સાબિત થઈ શકે. કાયદામાં જોકે કોઈને કોઈ છટકબારી રહી જાય છે. જે ચીજ સરળતાથી નહિ મળે તેને મેળવવા લોકો વધુ નાણાં ચૂકવીને મેળવશે.

તાજેતરમાં કેન્સર અંગે જાગૃતિ પ્રસાર કરતી એક પ્રદર્શનીમાં સહભાગી બનવાનું થયેલું. યોગાનુયોગ એ દિવસ ગણતંત્ર દિન હતો! ગુલામીની જંજીરોમાંથી મુક્તિનો દિવસ, અને પ્રદર્શનીમાં વ્યસનોની ગુલામીમાંથી મુક્તિ મેળવવાનો સંદેશ આપવામાં આવેલો. પ્રદર્શની નિહાળવા આવેલાઓમાં અર્ધશિક્ષિત લોકો અને વિશેષ તો મહિલાઓ હતી. નહિ માનો, પણ એ જોયા પછી ઘણા લોકો છળી ઉઠેલા-ચિત્રો સ્વરૂપે તમાકુએ દેખાડેલો કાળપંજો નજર સામે જ હતો. વાત ઘણી થઈ શકે, પરંતુ આટલેથી અટકવું પડશે. આવો સંકલ્પ કરીએ કે પ્રતિ વર્ષ ૩૧મી મેના રોજ ઉજવાતા આ દિવસને રોજેરોજ યાદ કરીને, કમસેકમ એકાદ-બે મિત્રોને તમાકુનું સેવન કરતાં પ્રેમથી અટકાવીએ તો આ ઉજવણી સાર્થક થશે; નહિતર એ સરકારી લિબાશમાં આવી સહુને છેતરી જશે. ●


**P.T.C. તથા B.Sc. B.Ed. શિક્ષકો જોઈએ છે**

આર.સી. મિશન પ્રા. શાળા (નોન ગ્રાન્ટેડ) મહેમદાવાદ માટે P.T.C. તથા B.Sc. B.Ed. શિક્ષકો જોઈએ છે. રસ ધરાવતા ઉમેદવારોએ દિન-૧૦માં નીચેના સરનામે અરજી કરવી.

**નોંધઃ** અનુભવી શિક્ષકોને પ્રથમ પસંદગી તથા નોકરી દરમ્યાન કોઈપણ જાતનો અભ્યાસ ચાલુ રાખી શકાશે નહિ.

**મેનેજરશ્રી, આર.સી. મિશન શાળા, સેવાદળ રોડ, મહેમદાવાદ, જિ. ખેડા, ૩૮૭૧૩૦**

**શિક્ષક જોઈએ છે**

આર.સી. મિશન પ્રા. શાળા વલાસણ માટે પી.ટી.સી. TET-1 શિક્ષક-શિક્ષિકાની જરૂર છે. સાદી પોસ્ટ દ્વારા અરજી કરવી.

**સરનામુંઃ મેનેજરશ્રી, કેથોલિક ચર્ચ, કરમસદ - ૩૮૮૩૨૫**




મુક્તિમાળા એક ખૂબ જ ઉપયોગી પુસ્તક છે. મુક્તિમાળા એ ગુલાબમાળાથી અલગ પુસ્તક નથી. સતત મુક્તિમાળા બોલવાથી જીવનમાં આવતી તમામ મુશ્કેલીમાંથી હેમખેમ બહાર નીકળાય છે.

**પ્રભુનો આભાર**

અમને સર્વ વિટંબણાંમાંથી બહાર કાઢવા બદલ...

**નિકિતા, કરિશ્મા**

**પ્રાપ્તિ સ્થાનઃ ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ**



# જીવનને એક વિશેષ 'વિશેષણ'વાળું બનાવીએ

✍ દોમિનિક ડાભી

આજના રોકેટ ઝડપી તેજ યુગમાં દરેક વ્યક્તિએ સમયની સાથે નહિ, પણ સમયની આગળ ચાલવું અત્યંત જરૂરી બન્યુ છે. તેમાં પણ ખાસ કરીને ભણતા વિદ્યાર્થીઓ માટે સમયની આગળ ચાલવું તે અતિ મહત્ત્વનું અને જરૂરી સાબિત થયું છે.

હમણાં માર્ચ મહિનાના શરૂઆતના સપ્તાહમાં મારા ઉપર એક ફોન આવ્યો. સામે છેડે કોઈ પરિચિત સજ્જનનો અવાજ મને સંભળાયો. તેમણે મને કહ્યું, 'સર, મારી દીકરી અને ભાણીયાને ગીટાર ક્લાસ ફરીથી શરૂ કરવા છે.' હું થોડો આશ્ચર્યચકિત થઈ ગયો. કારણ એક વર્ષના લાંબા સમયગાળાના વિરામ બાદ, ફરીથી સંગીત શીખવું અને શીખવવું થોડું અઘરું છે. તેમણે મને કહ્યું, 'સર, ચિંતા ન કરો. મારાં બંને બાળકો દરરોજ થોડો ઘણો સમય કાઢી, તમે શીખવેલું યાદ કરી અને તેનો રિયાઝ પણ કરી લેતાં હતાં. મેં કહ્યું, 'તો બરાબર છે, તો આપણે ક્લાસ ક્યારથી ચાલુ કરવા છે?' તેમણે મને તેમનો સમય અને તારીખ આપી ક્લાસ ચાલુ કરવા કહ્યું. અને મેં પણ તે સમય અને તારીખ કબૂલ રાખ્યાં.

મિત્રો, ઈશ્વરપિતાએ દરેક માનવમાત્રને આ જીવનમાં કંઈકને કંઈક ઉત્તમ ભેટો આપી, આ દુનિયામાં મોકલ્યા છે. જરૂર છે, આપણે આપણી તે ભેટોને પિછાણી (જાણી)ને તેને આગળ વધારવાની. મિત્રો, નાનપણથી જ મારું સપનું હતું, સંગીત ક્ષેત્રે કંઈક કરવાનું અને તેની ઈચ્છા અને પ્રેરણા, મને અમારા ચર્ચમાં ચાલતા ક્વાયરમાં ઢોલક વગાડવાની એક મિત્ર પાસેથી મળી. તેની ઢોલક વગાડવાની સુંદર આવડતે મને આ ક્ષેત્રમાં પ્રવેશવા આકર્ષણ ઊભું કર્યું. તે માટે હું ઈશ્વરપિતા અને તે વ્યક્તિનો કાયમ આભારી રહીશ. અત્યારે પણ હું મારા આ સંગીતક્ષેત્રમાં આગળને આગળ શીખતો જાઉં છું, અને જે શીખી ચૂક્યો છું તેને બીજા ઈચ્છિત અને રસ ધરાવતા લોકોને શીખવતો પણ જાઉં છું.

મિત્રો, હવે વેકેશનનો સમય નજીક આવી ચૂક્યો છે. આજથી ૧૫-૨૦ વર્ષ પહેલાં, અમારા સમયમાં ઘણાં બધા વિદ્યાર્થીમિત્રો રજાના સમયગાળામાં જ્યુસ સેન્ટર, કરિયાણાની દુકાનમાં, પગરખાંની દુકાનમાં કે કોઈ ડોક્ટરના ક્લિનિકમાં જઈ થોડું ઘણું કમાઈ લેતા, જેથી ઊઘડતી સ્કૂલે, સ્કૂલ યુનિફોર્મ, પાઠ્યપુસ્તકો, નોટ-ચોપડાનો થોડો ઘણો ખર્ચ ઊઠાવી લઈ, પોતાનાં મા-બાપને આર્થિક રીતે મદદ કરતાં. પરમપિતા પરમેશ્વરનો આભાર છે કે, આજના આ જમાનામાં મા-બાપ આર્થિક રીતે સધ્ધર થઈ ચૂક્યાં છે. બાળકની સઘળી આશાઓ, માંગણીઓ પૂરી કરે જ છે. તો આપણી પણ ફરજ બને છે, તેઓ પ્રત્યે આજ્ઞાધીન બની રહેવાની. વેકેશનમાં બધાં બાળકો આનંદી અને આરામદાયક બાબતોમાં વધારે ધ્યાન આપે છે, અને તે જરૂરી પણ છે. પણ ધ્યાન રાખજો, કોઈપણ વસ્તુની અતિશયોક્તિ આપણા માટે નુકસાનકારક નીવડે છે. વેકેશનનો ઉપયોગ ટી.વી, વિડિયોગેમ કે પછી ખાલી હરવા ફરવામાં પસાર કરવો તે અયોગ્ય બાબત છે. આ વસ્તુઓની બહાર પણ એક દુનિયા છે. સંગીતકલા, નૃત્યકલા, ચિત્રકલા, વકતૃત્વકલા, નિબંધકલા, ગાયનકલા વગેરે પ્રવૃત્તિઓ પણ મહત્વની છે. આ બધી કલામાં થોડો ઘણો સમય આપી, તે કલાઓનો શોખ કેળવી શકાય, જીવનમાં કંઈક નવું શીખવું તે અતિમહત્વનું છે. અને મિત્રો, જીવનમાં થોડું ઘણું કંઈક નવીનત્તમ શીખેલું ક્યારેય એળે જતું નથી, તે આપણે યાદ રાખીએ.

થોડા સમય પહેલાં, સોની ટી.વી. ઉપર "Idea Talent hunt" નામનો એક રિયાલિટી શો આવતો હતો. તેમાં શાન, શંકર મહાદેવન અને ફિલ્મ જગતની બીજી જાણીતી હસ્તીઓ જજ તરીકે હતી. તેના એક એપિસોડમાં, એક ઈન્ડિયન બેન્ડ તેમનું ટેલેન્ટ બતાવવા માટે આવ્યું હતું. તેમાં જે લીડ ગિટારિસ્ટ હતાં, તે પોતાના ખભા ઉપર ગિટાર ટેકવી ઊંધા હાથે ગિટાર વગાડતાં હતાં. જજ કમિટિએ તે લીડ ગિટારિસ્ટ ઉપર આફરીન થઈ તેમને "સ્ટેન્ડિંગ ઓવેશન"નું માન આપ્યું, જે રિયાલિટી શોના સ્ટેજ પર્ફોર્મન્સનું સૌથી મોટું માન ગણાય છે. મિત્રો, આગળ તેમને જજ કમિટિ વતી, 'તમારું પ્રોફેશન શું છે?' તે પ્રશ્ન પૂછાતાં આશ્ચર્ય પમાડે તેવા જવાબો આપ્યા હતા. જે લીડ ગિટારિસ્ટ હતા, તે એક સર્જન ડોક્ટર હતા. તેમના ડ્રમર એક સફળ બિઝનેસમેન હતા. તેમના કી-બોર્ડ પ્લેયર એક મલ્ટિનેશનલ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર હતા. તેમના બેઝ ગિટારિસ્ટ એક કમર્શિઅલ બેન્કના એકાઉન્ટન્ટ હતા, અને તેમના બે લીડ સીંગર એમ.બી.એ.ના ત્રીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ હતા.

મિત્રો, આ ગ્રૂપના લોકોમાં સંગીતકલા ન હોત તો તેઓ ખાલી ડોક્ટર, બિઝનેસમેન, આસિસ્ટન્ટ મેનેજર, એકાઉન્ટન્ટ અને ખાલી એમ.બી.એ.ના વિદ્યાર્થી જ બની રહેતા. આ જાન્યુઆરી મહિનામાં અમારા એક સ્ટેજ પ્રોગ્રામમાં, એક સજ્જને સામેથી આવીને ગીત ગાવાની ઈચ્છા પ્રદર્શિત કરી. અમે તેમની ઈચ્છાને માન આપી, ગાવાનો મોકો આપ્યો. મિત્રો, તેમના ગાયનથી અમારા ગ્રૂપના પ્રોફેશનલ ગાયકો પણ હેબતાઈ ગયા, દિગ્મૂઢ થઈ ગયા. શો પછી અમને જાણવા મળ્યું કે, તે ભાઈ એક પ્રોફેશનલ વકીલ છે. હમણાં માર્ચ ૪, ૨૦૧૪નાં "Ahmedabad Mirror" ન્યૂઝ પેપરમાં, અમદાવાદની ખ્યાતનામ IIM Institute ના એક સેકેન્ડ ઈયર સ્ટુડન્ટ ભુષણ ગાયકે ૩૦ કલાક સળંગ ડ્રમ વગાડી, લિમ્કા બુક વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું આગવું સ્થાન ઊભું કર્યાના સમાચાર પ્રસારિત

થયા હતા. તે છેલ્લાં ૧૨ વર્ષથી અભ્યાસ સાથે સાથે તબલા ટ્રેનિંગ લઈ રહ્યો છે, અને તેમાં ૮ વર્ષથી તબલા સાથે ડ્રમ પણ વગાડી રહ્યો છે. તેને ૨૦૧૪નો IIMનો બેસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટ પ્લેયરનો ખિતાબ અને એવોર્ડ પણ મળ્યો છે.

તો વિદ્યાર્થી મિત્રો, આવા તો કંઈક દાખલા આ જમાનામાં આપણી પાસે છે. આ બધી વ્યક્તિઓને પરમેશ્વર પણ સાથ અને આશીર્વાદ આપે છે. આપણે આપણાં નવરાશના સમયને, રુચિ પ્રમાણે નવીનત્તમ કલાઓમાં ઢાળવો જોઈએ. ભણવું-ગણવું તે આ જમાનામાં જ નહિ પણ વર્ષોથી ઘણુંજ ઉપયોગી અને જરૂરી છે. સાથે સાથે પ્રભુએ આપેલી આ ભેટોને પોતાના જીવનમાં વણી લઈ, તેની પાછળ યોગ્ય સમય ફાળવી આપણા જીવનને એક વિશેષ "વિશેષણ" લગાવી, ઉપમા, બિરુદ આપી જીવીએ, તો તે આપણી એક નવીનત્તમ ઓળખ જરૂર ઊભી કરશે તેવું મારું માનવું છે.

છેલ્લે મિત્રો, પેલા સજ્જન વાલીને મેં એક પ્રશ્ન પૂછ્યો કે, શું તમારાં બાળકોને સંગીતક્ષેત્રમાં આગળ કારકિર્દી બનાવવી છે? તેમણે જવાબ આપ્યો, 'સર, એ તો તે અને ઉપરવાળા પરમપિતા પરમેશ્વર જાણે. પણ, મારાં આ બાળકો નવરાશવાળા સમયે ઊંધા રસ્તે ન ચઢે, અને આળસુ કે પ્રમાદી ન બને તે માટે હું તેમને આમાં સાથ સહકાર આપું છું. અને છેલ્લા ગયા વર્ષથી અમારા ચર્ચની "ક્વાયર સેવામાં" તેમની આ કલા તેઓ સેવારૂપે આપે છે. જેથી તેમની સાથે ચર્ચમાં અમારી પણ એક વિશેષ નવીનત્તમ ઓળખ ઊભી થઈ છે, તેનો અમને આનંદ છે. સાથે પિતા પરમેશ્વરના પણ આભારી છીએ."

મિત્રો, આપણા બાઈબલમાં માથ્થીના શુભસંદેશમાં ૨૫મો અધ્યાયની ૨૯મી કલમ જણાવે છે કે, "કારણ, જેની પાસે હશે તેને આપવામાં આવશે અને તેનાં ભંડાર ભરાશે, પણ જેની પાસે નહિ હોય તેની પાસેથી તો જે કંઈ હશે તે પણ લઈ લેવામાં આવશે." આ કલમને હંમેશાં આપણે આપણા જીવનમાં યાદ રાખીએ. આપણને સારાં મા-બાપ, સારા શિક્ષકો, સારા વડીલો, સારા સ્નેહીજનો, સારું મિત્ર વર્તુળ, સારી શારીરિક તંદુરસ્તી, સારી આર્થિક સધ્ધરતા, સારું જીવન અને સાથે સાથે આવનારો સારો નવરાશનો, રજાઓનો સમય પ્રભુ પરમપિતાએ આપણને આપ્યો છે. તો આવો પ્રાર્થીએ, કટ્ટીબદ્ધ થઈને, આ સર્વ સારી બાબતોની માળા બનાવી હંમેશાં આપણાં જીવનમાં યાદ રાખી, ઈશ્વરપિતાએ આપેલી આ અમૂલ્ય ભેટો સંગીતકલા, ગાયનકલા, નૃત્યકલા, ચિત્રકલા, વક્તૃત્વકલા, નિબંધકલા જેવી કલાઓને, આપણી રુચિ પ્રમાણે આપણા જીવનનું એક અંગ બનાવી દઈએ, અને એક નવીનત્તમ ઓળખ ઊભી કરીએ. નવરાશના, રજાઓના આ સમયગાળાને યોગ્ય ગતિ તરફ વાળી જીવન જીવીએ. કોણ જાણે આ બધી ભેટો દ્વારા ભવિષ્યમાં કોઈ સારા સંગીતકાર, સારા ગાયક, સારા નૃત્યકાર, સારા ચિત્રકાર, સારા વક્તા કે સારા લેખક પણ બની શકે! અને આ જીવનને એક વિશેષ "વિશેષણ" આપી પોતાનું જીવન ખરા અર્થમાં જીવી શકે. ●


**બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ**



બ્રાઈડલ સેટ, કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ, આર્ટિફિશલ જ્વેલરી સેટ

**પારૂલ જે. મેકવાન** (ડિઝાઈનર)

ફોનઃ (૦૨૬૯૨) ૨૫૦૫૯૫, ૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫

*ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી, પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧*



**"વેલી'સ બ્લિસ"**

**પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)**

**ડિઝાઈનર વેર બ્રાઈડ અને ગ્રુમ બન્ને માટે**

**કમ્યુનિયન ફ્રોક, મેક્ષી, સાડી, શૂટ, શેરવાની**

**સંપર્કઃ પ્રિન્સ મેકવાન**

**૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧**

**મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨**

**પવિત્ર ભૂમિ ઈઝરાયેલ યાત્રીઓના લાભાર્થે**

★ વિશ્વાસીઓ માટે નોટ ફોર પ્રોફિટ, પોતાના બજેટ પ્રમાણે, તમારા સમયે તથા ઈચ્છો તેટલા દિવસ માટે. તમારી ઈચ્છા/યોજના/પ્રોગ્રામને અનુરૂપ ડિઝાઈનર યાત્રાઓ. વેલ્યુ ફોર મની. પ્રાઈવેટ યાત્રા શક્ય.

★ તમારી યોજના પ્રમાણેની યાત્રા હોવાથી દોડાદોડી વગર શાંતિ અને સંતોષથી પવિત્ર ભૂમિ/બાઈબલ/ ત્રિએક ઈશ્વર સાથેનું જોડાણ તથા આશીર્વાદનો વ્યક્તિગત અનુભવ કરો. ગુજરાતી ગાઈડ.

**જેશુરુન ક્રિશ્ચિયન** (M) 97141 36762, 079-22721666
Email: amdjrs@gmail.com

હું સર્વ સમયે યહોવાને ધન્યવાદ આપીશ
ચાલો પવિત્ર સ્થળોનાં દર્શને 'મેકવાન ટુર્સ'માં

**પવિત્ર ભૂમિની પાવન યાત્રા**

**અમદાવાદ, ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત, જોર્ડન, સિનાઈ પર્વત તથા દુબઈ**

**સાઈટસીન તથા ખરીદી, અમદાવાદ**

| દિવસ | ટિકિટ | જવાની તારીખ | ૩ ★ ૪ ★ |
|---|---|---|---|
| ૧૧ | ૯૫,૦૦૦/- | ઓક્ટોબર | તારાંકિત હોટેલો |

**—: સંપર્ક કરો :—**

| | |
|---|---|
| ૧. નટુભાઈ એન. ક્રિશ્ચિયન (અમદાવાદ) | ૯૯૨૪૯ ૯૧૫૪૭ |
| ૨. અનિલભાઈ માધુભાઈ પરમાર (નડિયાદ) | ૯૮૭૯૨ ૫૮૧૮૬ |
| ૩. સ્નેહલબેન સુનીલ મેકવાન (નડિયાદ) | ૮૪૦૧૦ ૨૧૨૬૩ |
| ૪. ગાબ્રિએલભાઈ (નડિયાદ) | ૮૯૮૦૭ ૫૧૨૫૪ |
| ૫. કુમુમબેન એન. ક્રિસ્ટી (વડોદરા) | ૯૮૨૪૯ ૭૦૫૦૪ |
| ૬. રવિકાન્ત એસ. ચૌહાણ (વડોદરા) | ૯૪૨૭૪ ૦૪૬૫૪ |
| ૭. માર્યાબેન બેન્જામિન માસ્ટર (વડોદરા) | ૯૯૧૩૭ ૩૭૮૮૧ |
| ૮. રમેશભાઈ મેકવાન (વડોદરા) | ૭૮૭૪૫ ૧૩૫૪૬ |
| ૯. હસમુખ ઈ. મેકવાન (ગાંધીનગર) | ૯૪૨૬૫ ૭૮૩૨૬ |

**:: વધુ માહિતી તથા બુકીંગ માટે મળો ::**

**ઈમાનુએલ એન. મેકવાન (મો. ૯૯૯૮૩ ૧૮૩૦૫)**

| **દિનેશ ઈ. મેકવાન** | **મનુભાઈ ડાભી** |
|---|---|
| **મો. ૯૬૦૧૫ ૫૦૯૪૬** | **મો. ૯૯૭૪૯ ૦૬૪૨૭** |
| એ/૩, ઈશ્વરકૃપા ફ્લેટ, હરિપુરા | ૭/૧૬૧, સ્લમ ક્વાર્ટર્સ, |
| મણિનગર પૂર્વ, અમદાવાદ - ૮ | મેથોડિસ્ટ ચર્ચ સામે |
| **Email: dineshmacwan9362@gmail.com** | મણિનગર પૂર્વ, અમદાવાદ - ૮ |

**ગોવાઃ** ડિસેમ્બરમાં ટુર્સનું આયોજન કરેલ છે. ફક્ત રૂા. ૭,૫૦૦/-

# હવે કાલથી વેકેશન

✍ આઈ. ડી. પરમાર



વાર્ષિક પરીક્ષાનો છેલ્લો દિવસ હતો. પરીક્ષા પૂર્ણ થતાં બાળકો છૂટે તે પહેલાં, સૌ કોઈ પોતપોતાનાં બાળકોને લેવા માટે શાળાના પરિસરમાં ઉપસ્થિત હતાં. આમ તો પરીક્ષાકાળ દરમ્યાન દરરોજ બાળકોને સાચવીને શાળામાં મૂકી જવાં અને પાછા લઈ આવવાં એ મોટાભાગના માતા-પિતાનો ક્રમ હતો.

છેલ્લી પરીક્ષા પૂર્ણ થયાનો લાંબો ઘટનાદ થયો, એટલે બાળકો ઉત્તરવહી આપીને સીધા દોડવાં લાગ્યાં. ઉતાવળમાં ને ઉતાવળમાં કેટલાંક દફ્તર લેવાનું ભૂલી ગયાં, તો વળી કેટલાંક વૉટર-બોટલ. સામાન્ય રીતે પ્રત્યેક વિષયની પરીક્ષા બાદ પરીક્ષાખંડમાંથી બહાર નીકળતાં ઘણા વિદ્યાર્થીઓને, જવાબનો તાળો મેળવવાની ટેવ હોય છે. આજે તો એની પણ જરૂર ન હતી, કારણ કે ચિત્રકામની છેલ્લી પરીક્ષામાં શાનો તાળો મેળવવો?

દરરોજ કરતાં આજે કાંઈ જુદોજ માહોલ હતો. જેમ પાંજરામાં પૂરાયેલાં પારેવાં બહાર નીકળે ત્યારે ફરરર... કરતાં ઊડે અને ખુલ્લા આકાશ તરફ હરખભેર ચાલ્યાં જાય, એમ પરીક્ષાખંડમાંથી નીકળતાં બાળકો ઉછળતાં... કૂદતાં... ખુશખુશાલ હૈયે માતા-પિતા તરફ દોડી ગયાં. સૌના મનમાં એકજ વિચાર હતો, "બસ... હવે નહીં ભણવાનું, હવે તો હોમવર્કમાંથી છુટ્ટી... આપણે આખો દિવસ રમીશું અને મજા કરીશું." ફૂલો જેવાં હળવાં સંતાનોને જોઈ મમ્મીઓ અને પપ્પાઓ પણ તનાવમુક્ત લાગતાં હતાં. બધાંના મુખમાંથી એકજ વાક્ય નીકળતું, "હવે કાલથી વેકેશન...".

વેકેશનનો પ્રારંભ થઈ ચૂક્યો. આજે વેકેશનનો પ્રથમ દિવસ હતો. સારી એવી માથાકૂટ કર્યા પછી માંડ માંડ ઉઠતો માઈકલ આજે સ્વેચ્છાએ વહેલો ઊઠી, પપ્પા સાથે મોર્નિંગવોકમાં નીકળી ગયો. ક્યારેય શિક્ષણ સિવાયની વાતો ન છેડતા પિતા-પુત્ર આજે પ્રકૃતિ અને પર્યાવરણ ઉપર ઉતરી ગયા હતા. માર્ગની આસપાસ ઊભેલાં વૃક્ષો અને તેમના ઉપર કિલ્લોલ કરતાં રંગબેરંગી પક્ષીઓ નિહાળવાનો અનુભવ કંઈક જુદોજ હતો. વોકમાંથી પાછા વળતાં માઈકલને જ્યોર્જ મળ્યો.

"હાય! જ્યોર્જ, આમ સવાર સવારમાં આવા પહેરવેશમાં ક્યાં જાય છે?" માઈકલે પૂછ્યું.

"સ્વિમિંગ શીખવા. સ્વિમિંગ કરવાથી સ્વાસ્થ્ય તો સુધરે અને ક્યારેક મદદરૂપ પણ બને." જ્યોર્જે કહ્યું, "પણ જ્યોર્જ, તને યાદ છે? આવતીકાલથી આપણી શાળામાં સ્પોકન ઇંગ્લીશ સાથે પર્સનાલિટી ડેવલોપમેન્ટના વર્ગો શરૂ થવાના છે?" માઈકલ બોલ્યો.

"હું તને એજ કહેવાનો હતો. આપણી શાળાના ઘણા વિદ્યાર્થીઓ એમાં જોડાવાના છે. કાલથી આપણે પણ જોડાઈ જઈશું." જ્યોર્જે સંમતિ દર્શાવી.

બીજી તરફ રીયા રોટલી બનાવવાનું શીખવા લાગી. પ્રથમ પ્રયાસે ભારતના નકશા જેવી રોટલી બનતાં, તેની મમ્મીથી સહજ બોલાઈ ગયું, "બેટા, તારી રોટલી તો કંઈક અંશે સારી છે. મેં જ્યારે પહેલીવાર રોટલી બનાવી ત્યારે તારાં નાની (મમ્મીના મમ્મી)એ ઘરનાં બધાંને એ બતાવેલી. પણ બેટા આ વેકેશનમાં તારે આટલેથી અટકવાનું નથી. તારા પપ્પા આજથી જ તને સાઈકલ ચલાવવાનું શીખવવાના છે. નવા સત્રથી તારે સાઈકલ ઉપર શાળાએ જવાનું છે."

રીયાની ફ્રેન્ડ દિવ્યા ડાન્સ ક્લાસમાં જોડાઈ ગઈ, તો કવિતા લાયબ્રેરીમાંથી લાવેલી નવલકથા વાંચવા લાગી. ફરલીન કમ્પ્યુટરના વર્ગોમાં જોડાઈ, અને તેનો અગ્રજ ફરહાન હાર્મોનિયમ અને તબલાં શીખવા લાગ્યો. જોડિયાં ભાઈ-બહેન જોશુઆ અને જોયસી સાંજના સમયે શેરીનાં બાળકોને એકત્ર કરી, બાઈબલ ક્લાસ ચલાવવા લાગ્યાં. અભિનય સાથે પ્રભુભજનો (Hymns) ગાતાં ગાતાં બાઈબલની વાતો સાંભળવાની બાળકોને ખૂબ મજા પડવા લાગી.

મારિયો એકલો પોતાના વતનમાં રહેતા દાદા-દાદીને મળવા ગયો. દિવસે દાદા સાથે પોતાના ખેતરમાં જતો, અને ખેતીકામમાં થોડી ઘણી મદદ કરતો અને કેરી, રાયણ ખાવાની મજા પણ માણતો, ગામડાની ગલીઓમાં ગિલ્લી ડંડા અને લખોટીઓ રમવાનું ચૂકતો નહીં.

ઈલિયાના, અપેક્ષા, માર્ક અને મુઝ્ઝફર ટ્રેકીંગ માટે માઉન્ટ આબુ જઈ આવ્યા. આમ બધાંજ બાળકો અવનવી પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગયાં.

થોડા દિવસો પછી બાળકોને તેમના જ આઈઝેક સરનો ભેટો થઈ ગયો. બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ જાણી ખૂબ આનંદ થયો.

"પણ સર, આપ વેકેશનમાં શું કરો છો?" બાળકોથી પૂછાઈ ગયું.

"અધ્યાપન પહેલાં સઘન પૂર્વ તૈયારી કરવી પડે, એટલે અત્યારે તો આવતા વર્ષે ભણાવવાના વિષયોની તૈયારીમાં પડ્યો છું. વળી નવી કાર લેવાનો વિચાર છે, એટલે સવારે કાર ડ્રાઈવીંગના ક્લાસમાં જાઉં છું. સાંજના સમયે જમતા પહેલાં અમે આખું પરિવાર બગીચામાં લટાર મારવા નીકળી પડીએ છીએ. હા! પણ મારે તમને થોડું સૂચન કરવું છે. તમે જે કરો છો એ પ્રશંસનીય છે, પણ થોડું અન્ય કામ સોપું છું. આગામી ધોરણનાં નવાં પુસ્તકોને સ્વયં કવર કરી લેબલિંગ કરી લો. બધાંજ પુસ્તકો ઉપર નજર ફેરવી લો. શક્ય હોય તો પ્રારંભના પ્રકરણોનો અભ્યાસ કરી લો, એથી તમારો આત્મવિશ્વાસ વધશે, એટલું જ નહીં નવા સત્રથી અભ્યાસમાં રસ પણ જળવાઈ રહેશે." સરે કહ્યું.

આઈઝેક સર અને બાળકો છૂટા પડવાની તૈયારીમાં હતા, ત્યાંજ શાળાના પ્રિન્સિપાલ ફાધર કર્નેલ્યુસ ત્યાંથી પસાર થયા. બધાંને જોઈ થોભ્યા. ફ્રા. કર્નેલ્યુસ શાળામાં અને શાળાની બહારના સમાજમાં સારી નામના મેળવી ચૂક્યા હતા. સૌ કોઈ માનતા કે, ફ્રા. કર્નેલ્યુસ એટલે શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિક મૂલ્યોનો ત્રિવેણી સંગમ. આજેપણ તેઓ શાળાના નિવૃત્ત વયોવૃદ્ધ શિક્ષક સોલોમન સાહેબની મુલાકાતે જઈ રહ્યા હતા.

આટલાં બધાં બાળકોને જોઈને કંઈ કહેવાનું મન થયું. ફાધર બોલ્યા, "બાળકો, વેકેશન એ સૌ કોઈ માટે જરૂરી બાબત છે. શાળા-કોલેજ હોય કે કોર્ટ-કચેરી સૌને વેકેશન જોઈએ. અરે દેશના પ્રેસિડન્ટ કે પ્રાઈમ મિનિસ્ટર પણ નાનું એવું વેકેશન માણતા હોય છે, તેથી વેકેશન દરમ્યાન ચીલા-ચાલુ કાર્યને બદલે હળવા થવા આપણે મનને ગમતી પ્રવૃત્તિઓ કરીએ છીએ. જે કાર્યો બાકી રહી ગયાં હોય એ બધાં પૂર્ણ કરી લઈએ છીએ. ઘરની સફાઈ અને શાળાના બિલ્ડિંગની મરામત આ સમયે જ શક્ય બને છે. કંઈક નવું શીખી લેવાનો આજ ઉત્તમ સમય છે, આમ કરવાથી આપણામાં સ્ફૂર્તિ આવતાં, નવા સત્ર માટે સારી રીતે તૈયાર થઈ શકીએ છીએ. મને લાગે છે કે આઈઝેક સરે પણ તમને આવીજ વાતો કરી હશે, એટલે મારી વાતને વિશેષ લંબાવતો નથી. વળી મારી ગેરહાજરીમાં તમારામાંથી કોઈ કહેશે કે, ફાધરોને તો ભાષણ કરવાની ટેવ હોય છે. તો ચાલો, નવા સત્રથી શાળામાં મળીશું."…. એમ કહી ગળામાં લટકાવેલ કેમેરાને ક્લીક કરી આઈઝેક સર સહિત બાળકોને એજ કેમેરામાં કંડારી, મંદ સ્મિત આપી ફ્રા. કર્નેલ્યુસ સાહેબના ઘર તરફ નીકળી ગયા. ●


***Happy Birthday Papa & Mummy***

**Congratulation**

***for your 40th years of marriage life***



**વાઘેલા શારદાબેન રતિલાલ**
**જન્મ: ૨૦-૦૫-૧૯૫૬**

**વાઘેલા રતિલાલ ચતુરભાઈ**
**જન્મ: ૦૧-૦૫-૧૯૪૭**

**લગ્ન તારીખ: ૧૬-૦૫-૧૯૭૪**

પરમેશ્વર આપની જન્મજયંતિ અને ૪૦ વર્ષના લગ્નજીવનને આશીર્વાદિત કરે. આપના ગમા-અણગમાને ત્યજીને અમારા ઉછેર અને સંસ્કારો પ્રતિ જે નિષ્ઠા દાખવી છે, તે સાચે જ સરાહનીય છે. અમારા ઘડતર અને કુટુંબના ગઠનમાં આપનો ત્યાગ અને સમર્પણભાવ એ અમારા માટે શ્રેષ્ઠ ઉદાહરણ બની રહેશે.


**શાશ્વત સ્નેહભાવે આપનાં સંતાનો**
**શ્વેતા - સુનિલ વાઘેલા ★ રીટા - કિરણ વાઘેલા ★ સોનલ - રોનક ડાભી ★ મર્સી વાઘેલા**
**સેમીન, રેકવિના, શાનવી**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, રાહતલાવ



"એ લોકોને મેં મારે ઘડ્યાં છે, અને તેઓ મારી સ્તુતિ ગાશે." (યશાયા ૪૩:૨૧)

**લગ્ન જીવનની સુવર્ણ જયંતી**

**અભિનંદન**



**કાન્તીલાલ આર. ક્રિશ્ચિયન  થેરેસ્યા કાન્તીલાલ ક્રિશ્ચિયન**

**લગ્ન તારીખ: ૧૭-૦૫-૧૯૬૪**

પ્રભુપિતા આપની અસીમ કૃપાથી અમારા મમ્મી પપ્પા તેઓના લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરી શક્યા તે માટે તથા આજદિન સુધી તેઓને સાચવ્યા, સંભાળ્યા અને તંદુરસ્તી આપી તે માટે આપનો આભાર.

**રૂપેશ - જ્યોતિ (પુત્ર - પુત્રવધૂ)**
**એલીસા - રાજેશ (દીકરી-જમાઈ), સુરભિ - ચીરાગ (દીકરી-જમાઈ)**
**રોનીત - ક્રિશ - એન્જલ**
બી-૩, ઈશ્વરકૃપા એપાર્ટમેન્ટ, મણિનગર પૂર્વ, અમદાવાદ - ૮

# ઊમટ્યું ઊમટ્યું રે લોક ઊમટ્યું રે...

## રીટ્રીટ સેન્ટર – નગરા દ્વારા આયોજીત તપઋતુ - બાઈબલ અધિવેશનની ઝાંખી.










નગરા ખાતે આપણે સૌ ઈશ્વરની કૃપાનો અનુભવ કરી રહ્યા છીએ... ઈશ્વરના મહાન કાર્યો નિહાળી રહ્યા છીએ... આ સૌ દ્વારા કેવળ પ્રભુનો જ જય જયકાર થાઓ.

## મે માસની રાત્રિ આરાધના

**તારીખ : ૧૭–૦૫–૨૦૧૪**

**સમય: રાત્રે ૧૦:૦૦ થી ૪:૦૦.**

**<u>વિશેષ નોંધ:</u> રાત્રિ આરાધના માટે બસ કે અન્ય વાહનો લઈને તેમજ દૂરથી આવનાર શ્રદ્ધાળુ ભાઈ–બહેનોને વિનંતી કે અગાઉથી ફોન દ્વારા જાણ કરવામાં આવશે તો સાંજના ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.**

રીટ્રીટ સેન્ટર – નગરા, નગરા રોડ, ખંભાત – ૩૮૮૬૨૦, ફોન નંબર : ૦૨૬૯૮-૨૨૩૨૫૬, ૯૫૧૦૯૦૩૭૪૦

# INFORMATION

St. Xavier's School, Himatnagar is starting the Higher Secondary Section (Science Stream) in English and Gujarati Mediums from June, 2014. Hostel Facilities for **GIRLS ONLY** will be provided by the S.M.M.I. sisters in their premises. Those wanting admission for the same could contact Fr. Teles Fernandes: 9428482220.

# WANTED

St. Xavier's Educational Institutions, Himatnagar requires the following staff for the different Sections:

## Higher Secondary (English Medium):

1. M.Sc. B.Ed. (with Chemistry)
2. M.Sc. B.Ed. (with Physics)

## Higher Secondary (Gujarati Medium):

1. M.Sc. B.Ed. (with Physics)
2. M.Sc. B.Ed. (with Maths)

## Secondary School (English Medium):

1. M.A./B.A. B.Ed. (Gujarati & Hindi)
2. M.A./B.A. B.Ed. (English & S.S.)

## Madhyamic School (Gujarati Medium):

1. B.A. B.Ed. (English/Gujarati/Hindi)
2. B.Sc. B.Ed.

## Primary School (English & Gujarati Mediums):

1. Teachers: P.T.C. or B.A./B.Sc. B.Ed.
2. Clerk: (Having knowledge in school-office administration and fluent in English & Gujarati typing.
3. Computer Teacher (Fluent in English): PGDCA/DCA/BCA

## Pre-Primary School (English & Gujarati Mediums):

1. Teachers: Pre-P.T.C. or Montessori

Candidates having the above mentioned qualifications should send their resume with attested mark sheets within 10 days to Manager, St. Xavier's Secondary School, Po. Savgadh, Vijapur Road, Himatnagar – 383220. Ph. 02772-222979.

# વિશ્વ કામદારદિન

✍ ઈશ્વર વાઘેલા




વિશ્વમાં દર વર્ષે મે મહિનાની પહેલી તારીખ 'કામદાર દિન' તરીકે ઉજવાય છે. ગુજરાતમાં 'કામદાર દિન'ની સાથે રાજ્યનો સ્થાપનાદિન પણ ઉજવાય છે. આ દિનની ઉજવણી જ આજના વિશ્વમાં કામદારોના મહત્ત્વની પ્રતીતિ કરાવે છે. સંપૂર્ણ વિશ્વમાં આજે જે ઔદ્યોગિક વિકાસ થયો છે ને ઝડપભેર થઈ રહ્યો છે, તેમાં કામદારોનો ફાળો ઘણો મહત્ત્વનો ગણાવી શકાય. આ વિકાસના કેન્દ્રબિંદુમાં કામદારો છે.

**કામદારદિનની ઉજવણીનું રહસ્ય :** અમેરિકાના શિકાગો શહેરમાં પહેલી મેના દિવસે, ઔદ્યોગિક કામદારોના કામના કલાકોની મર્યાદા નક્કી કરવા તથા પગાર વધારાની માંગણી માટે એક સરઘસ કાઢવામાં આવ્યું હતું. શાંતિના પ્રતીક સમા સફેદ રંગના નિશાન સાથે હજારોની સંખ્યામાં કામદારો સરઘસમાં જોડાયા હતા. આ સરઘસ પર મૂડીવાદી રાજ્યની પોલિસે ગોળીઓનો વરસાદ વરસાવ્યો. તેમાં ઘણી મોટી સંખ્યામાં કામદારો શહીદ થયા. શહીદ થયેલા કામદારોની યાદમાં, કામદારોના ઉત્કર્ષ અને હિતોની જાળવણીની યાદ તાજી રાખવા સમગ્ર વિશ્વના કામદારો આ દિવસને 'કામદારદિન' તરીકે ઉજવે છે.

## કામદારોની જાગૃતિ ને સર્જાયેલી વૈશ્વિક ઘટનાઓ:

**યુરોપમાં મૂડીવાદનો ઉદય -** શિકાગોમાં આવેલી કામદારોની જાગૃતિએ વિશ્વને હચમચાવ્યું. યુરોપમાં સામંતશાહી ચાલતી હતી. ત્યાં સામંતશાહીનો નાશ થયો અને મૂડીવાદનો ઉદય થયો.

**કામદાર સંગઠનની રચના -** યુરોપમાં મૂડીવાદને કારણે ઔદ્યોગિક વિકાસ થયો. મોટાં કારખાના અને ફેક્ટરીઓ શરૂ થઈ. સામંતશાહી વિરુદ્ધ લોકશાહી ક્રાંતિએ ઈતિહાસને નવો ઓપ આપ્યો. ફ્રાન્સની ક્રાંતિએ વિશ્વમાં સમાનતા, સ્વતંત્રતા અને ભાઈચારાનો સંદેશ ફેલાવ્યો. પણ મૂડીવાદે આર્થિક અસમાનતા અને લોકશાહી વિચારને અર્થહીન કરી દીધો હતો. મૂડીવાદની પ્રગતિએ સામંતવાદનો સફાયો કર્યો હતો, પરંતુ તેનું મૂળ તત્ત્વ આર્થિક અસમાનતા અને સામ્રાજ્યવાદને અતિગંભીરરૂપ આપી દીધું હતું. મૂડીવાદમાં મોટા પાયે ચાલી રહેલી ગળાકાપ હરીફાઈએ કામદારોનું શોષણ અને ત્રાસ એકદમ વધારી દીધાં હતાં. કારખાનામાં કામ કરવાના અમર્યાદિત કલાકો અને માંડ જીવી શકાય તેટલો પગાર કામદારોને ચૂકવાતો હતો. શિકાગોની કામદાર જાગૃતિએ કામદારોને જાગ્રત કર્યા, એકત્રિત કર્યા અને કામદાર સંગઠનની રચના થઈ.

**પેરિસ કમ્યુન ક્રાંતિ -** ૧૯મી સદીની મૂડીવાદની આ સ્થિતિ સામે કામદારોની તાકાત સંગઠિત થઈ હતી. જર્મનીમાં કાર્લ માર્ક્સના સમાજવાદી વિચારોએ ઈ.સ. ૧૮૭૦માં, કામદારોની તાકાતના જોરે પેરિસ કમ્યુન ક્રાંતિ થઈ હતી. જોકે મૂડીવાદની લડાયક શક્તિ સામે છેવટે કામદારોની હાર થઈ હતી. તેમ છતાં કાર્લ માર્ક્સના ઈન્કલાબ પેરિસ કમ્યુને સામ્યવાદી સ્વપ્નને વિશ્વમાં રજૂ કર્યું હતું. કામદારોની શક્તિ આગળ વધી રહી હતી.

**રશિયામાં સમાજવાદી રાજ્ય -** રશિયામાં કાર્લ માર્ક્સના સાથી-મિત્ર કોમરેડ લેનિનના બોલ્શેવિક સંગઠને, ૭ નવેમ્બર, ૧૯૧૭એ કામદાર ઈન્કલાબનો સંઘર્ષ કરી મોસ્કોને કબજે કર્યું હતું. જોકે યુરોપની સરખામણીમાં, રશિયા ઔદ્યોગિક ક્ષેત્રે ઘણું નબળું હતું. તેમ છતાં લેનિનની રણનીતિએ રશિયાના ખેડૂતોને કામદારોની હરોળમાં ઊભા કરી દીધા હતા. ખેડૂતો અને કામદારોની સંગઠન શક્તિ સફળ થઈ, અને તેણે મર્યાદિત સમાજવાદી રાજ્યની રચના કરી. આ રાજ્ય પર યુરોપના નવ મૂડીવાદી રાષ્ટ્રોએ સંયુક્ત આક્રમણ કર્યું. તેને આ રાજ્યે નિષ્ફળ બનાવી નવા ઈતિહાસનું સર્જન કર્યું હતું.

**ઈંગ્લેન્ડમાં મજૂર પક્ષની સરકાર -** વિશ્વભરમાં કામદાર અને સમાજવાદની બોલબાલા થવા લાગી હતી. સમગ્ર યુરોપમાં સમાજવાદી અને સામ્યવાદીના સશક્ત સંગઠનો શરૂ થયાં. ઈંગ્લેન્ડમાં ઈ.સ. ૧૯૨૧માં પ્રથમવાર કામદારોના પક્ષે સત્તા પર કબજો જમાવ્યો હતો. કામદારોના પક્ષની સરકાર રચાઈ હતી. બીજા વિશ્વયુદ્ધ પછી સમગ્ર પૂર્વ યુરોપમાં કામદાર સંગઠનો ઊભા થયાં, અને ત્યાં એક પછી એક સમાજવાદી રાજ્યની રચના થતી ગઈ.

**ચીનમાં સમાજવાદનું પ્રસરણ -** ચીનમાં માઓ ત્સે તુંગના નેતૃત્વમાં ખેડૂતોએ આંદોલન કર્યું હતું. ચીનમાં સમાજવાદનો વિજય થયો હતો. તેને કારણે સમગ્ર એશિયામાં સમાજવાદની હવા પ્રસરી ગઈ હતી.

**ચડતી-પડતી-ચડતીની ઘટનાઓ -** ભારતીય બંધારણમાં સમાજવાદનો મૂળ ઉદ્દેશ જાહેર થયો હતો. ક્યુબામાં સમાજવાદી આંદોલન થયું હતું. વિયેટનામમાં સૌથી વધારે શક્તિશાળી મૂડીવાદ દેશ અમેરિકાની કારમી હાર થઈ હતી. તેનાથી વિશ્વભરમાં મૂડીવાદ નાશ થવાના આરે હોવાનું જણાતું હતું.

ઈ.સ. ૧૯૭૯માં સોવિયેત સંઘની અફઘાનિસ્તાનમાં કરેલી લશ્કરી કામગીરીએ ચિત્ર બદલ્યું - ઈ.સ. ૧૯૯૦માં ગઢ સમાન સોવિયેત સંઘમાં જ સમાજવાદને હાર મળી હતી, અને મૂડીવાદના રસ્તે ચઢી ગયું હતું. આમ વિશ્વમાં કામદારોની શક્તિનો સૂર્ય અસ્ત થઈ રહ્યો હોય અને અમેરિકા એક ફરતી દુનિયાનું નેતા બની ગયું હોય તેમ જણાઈ રહ્યું હતું.

પણ મૂડીવાદનો જાદુ ખોખલો પુરવાર થયો છે. યુરોપને ફરીથી માર્ક્સની યાદ આવવા લાગી છે. દાસ કેપિટલ પુસ્તક મોટી સંખ્યામાં વેચાવા લાગ્યું છે. વૈશ્વિક મંદીની શિકાર બેંકો અને ઔદ્યોગિક સંસ્થાઓને બચાવવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ઓબામાને સમાજવાદી ફોર્મ્યુલાનો ઉપયોગ કરવો પડ્યો છે. વિશ્વ સભ્યતાના ભવિષ્યનો નિર્ણય મૂડીવાદ કે કામદાર કરે છે તે તો ભવિષ્યની વાત છે, પણ પહેલી મેનો કામદાર દિવસ હંમેશાં અમર રહેશે તેમાં બેમત નથી.

**ભારતમાં કામદારો -** સ્વતંત્ર ભારતે મિશ્ર અર્થવ્યવસ્થા સ્વીકારી છે. તેથી ભારતમાં જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો પરસ્પર સહકાર દ્વારા, દેશની આર્થિક પ્રગતિ સાધવા એકબીજાના પૂરક તરીકે કામ કરી રહ્યા છે. ઉદ્યોગોના વિકાસ સાથે કામદારોની સંખ્યા પણ વધી છે. કામદારોના કલ્યાણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ અનેક કાયદાઓ ઘડ્યા છે, અનેક યોજનાઓ અમલમાં મૂકી છે, કામદાર કલ્યાણ કેન્દ્રો, કામદાર રાજ્ય વીમા યોજના, કર્મચારી ભવિષ્યનિધિ યોજના, જવાહર રોજગાર યોજના જેવી યોજનાઓ અમલમાં છે. સમાન કામ માટે સમાન વેતન પૂરા પાડવાના પ્રયત્નો પણ થયા છે. બિન-સંગઠિત કામદારો અને ભૂમિહીન મજૂરોના લાભ માટે યોજનાઓ ઘડવામાં આવી છે. ઔદ્યોગિક ટ્રિબ્યુનલ અને કામદાર અદાલતની રચના થયેલ છે. કામદારોના સ્વાસ્થ્ય અને સલામતી, દૈનિક અને અઠવાડિક કામના કલાકોનું નિયંત્રણ, વેતન સહિત રજા, કેન્ટીન, આરામગૃહ, ભોજનગૃહ જેવી કલ્યાણ વિષયક જોગવાઈઓ પણ કારખાના અધિનિયમોમાં કરવામાં આવી છે. લઘુત્તમ વેતન ધોરણનો કાયદો પણ અમલમાં છે. વેઠ પ્રથા નાબૂદ કરતા કાયદાઓનો પૂરેપૂરો અમલ, વેઠિયા મજૂરોના પુનઃ સ્થાપન માટેના કાર્યક્રમોમાં સ્વૈચ્છિક સંસ્થાઓને સામેલ કરવી વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ છતાં, કામદારોના હિતોને જોખમમાં મૂકવા ખાનગી ક્ષેત્ર પર સરકારે ખાસ નજર રાખવી જોઈએ. કામદારોએ પણ જાગૃત થવાની જરૂર છે. સાથોસાથ કામદારોએ ઔદ્યોગિક વિકાસમાં નિષ્ઠાપૂર્વક કામ કરીને ફાળો આપવો જોઈએ. વેતન કે લાભોની સાથોસાથ કામદારો પોતાના કાર્ય અંગે સભાનતા કેળવે તેવા કાર્યક્રમો પણ કામદાર સંઘોએ યોજવા જોઈએ. ઉદ્યોગોના માલિકોએ પણ કામદારોને વધુ રક્ષણ, અર્થપૂર્ણ નોકરી, યોગ્ય પગાર અંગે ધ્યાન આપવું જોઈએ. આમ થાય તો જ કામદારદિનની ઉજવણી સાર્થક ઠરે. ●


**બહેનો તેમજ ભાઈઓ માટે અમૂલ્ય તક**

સરકાર માન્ય રજીસ્ટર્ડ સંસ્થા રજીસ્ટર્ડ નં. E5410

**રિલિફ એજ્યુકેશન ટ્રસ્ટ, અખિલ પેરા મેડિકલ કાઉન્સિલ સંચાલિત**

## માન્ના નર્સિંગ બ્યુરો

| તાલીમ કોર્ષઃ ૧ વર્ષ | તાલીમ કોર્ષઃ ૨ વર્ષ |
|---|---|
| નર્સિંગ આસિસ્ટન્ટ | નર્સિંગ એડવાન્સ કોર્ષ |

**શૈક્ષણિક લાયકાતઃ** ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ ભણેલ ભાઈઓ બહેનો માટે

**ઓફિસનો સમયઃ** સવારે ૮.૩૦ કલાકથી ૨.૦૦ સુધી

(૧) કોર્ષ કરવાથી સરકાર માન્ય રજિસ્ટર્ડ સંસ્થા દ્વારા પ્રમાણપત્ર મળ્યા બાદ આપ કોઈ પણ ખાનગી સંસ્થાની હોસ્પિટલમાં નર્સ તરીકેની નોકરી કરી શકો છો. (૨) કોઈ પણ ઉંમરના બહેનો કે ભાઈઓ આ કોર્ષ કરી શકે છે. (૩) દરરોજ બે કલાક ક્લાસ લેવામાં આવશે.

**નીચેના પ્રમાણપત્રો સાથે લાવવા જરૂરી છે.**

(૧) ત્રણ પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા (૩) માર્કશીટ
(૨) સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ્ (૪) લાઈટ બીલ

**૧ એપ્રિલ, ૧ જૂન, ૧ સપ્ટેમ્બર અને ૧ ડિસેમ્બર**

**:: તાત્કાલિક એડમિશન માટે મળો ::**

**માન્ના નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ** ૧, ઈમાનુએલ પાર્ક, ઈંડલી ચાર રસ્તા અને મણીનગર રેલ્વે ક્રોસિંગ વચ્ચે, માન સરોવર ડુપ્લેક્ષ સામે, મણીનગર (પૂર્વ) અમદાવાદ ૩૮૦૦૦૮

**ફોનઃ પી.પી. (૦૭૯) ૨૨૭૭૩૦૧૪, પી. પી. (૦૨૬૮) ૨૫૫૯૬૪૮**

**મોબાઈલઃ ૯૮૭૯૦ ૨૭૮૪૦, ૮૧૪૧૦ ૫૨૯૩૭**



**નર્સિંગ એડમિશન ૨૦૧૪-૨૦૧૫ સરકાર માન્ય સંસ્થા**

## નાલંદા પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટ

Government of India B.S.S.માન્યતા પ્રાપ્ત કોર્ષ

શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર માન્ય સર્ટિફિકેટ્ નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (N.C.V.T.) માન્ય

**ધો. ૧૦, ૧૨ (દરેક પ્રવાહ) તથા કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદ્દત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ. (બેંગ્લોર) | ૧૨ પાસ | ૩½વર્ષ |
| ૨ | નર્સિંગ આસિસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડિપ્લોમા ઈન નર્સિંગ | ૧૦, ૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | લેબ ટેકનિશ્યન | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડિપ્લોમા ઈન ઓ.ટી. આસિસ્ટન્ટ | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |
| ૭ | ડિપ્લોમા ઈન એક્સ-રે ટેકનિશ્યન | ૧૦, ૧૨ પાસ | ૧ વર્ષ |

**ખાસ નોંધઃ-** (૧) લિમિટેડ સીટ (૨) દરેક કોર્ષમાં બુક્સ, મટિરિયલ ફ્રી મળશે. (૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેશન પાસ (૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રિમતા આપવામાં આવશે.

**:: વધુ માહિતી માટે રૂબરૂ મળો ::**

**નાલંદા પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટ**

૫૦૯, સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, ઈપ્કોવાલા હોલ સામે, નડિયાદ ૩૮૭૦૦૧

**અર્પણ કેશવલાલ મધુકર** મો. ૯૯૭૪૦ ૮૯૪૦૯
**મનિષ અમૃતભાઈ પરમાર** મો. ૯૩૨૭૩ ૦૧૦૨૦

**હેડ ઓફીસ**

નાલંદા ઈન્સ્ટિટ્યૂટ, પહેલો માળ, હરિદયા કોમ્પલેક્ષ, લક્ષ્મી સિનેમા સામે. મો. ૯૮૨૪૧ ૯૫૧૩૬

# “શુભસંદેશની ઘોષણા માટે માતા મરિયમની દોરવણી સતત મળતી રહે”

## (મે મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર જેસુ રાજ

પ્રભુ ઈસુએ પોતાના સ્વર્ગારોહણ સમયે પોતાના શિષ્યોને શુભસંદેશના પ્રચારની અને ત્રૈક્ય પરમેશ્વરના નામમાં સ્નાનસંસ્કાર દ્વારા બધી પ્રજાના લોકોને પોતાના શિષ્યો બનાવવાનો આદેશ આપ્યો હતો (માથ્થી ૨૮:૧૮-૧૯). ગુજરાતના સંદર્ભમાં આ કાર્ય હાલમાં ખૂબજ કઠિન થઈ ગયું છે. ધર્માંતર વિરોધી બિલને કારણે પ્રત્યક્ષ ધર્માંતરણ લગભગ અશક્ય બની ગયું છે. તદ્‌પરાંત અમુક અસામાજિક તત્ત્વો દ્વારા ખ્રિસ્તી લોકો ઉપર અને મિશનરીઓ ઉપર અમાનવીય અત્યાચારોના બનાવો આપણને ગુજરાતમાં, ભારત દેશમાં અને વિશ્વના ઘણા દેશોમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વ પર નજર કરીએ તો આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી, વિશ્વ એક નાનકડું ગામ બની ગયું હોવા છતાં લોકોમાં ઈસુમય જીવનનાં મૂલ્યોની ઊણપ જોવા મળે છે. આવા સમયમાં ધર્મસભાને માતા મરિયમની દોરવણીની તાતી જરૂરિયાત છે. એટલે જ વડાધર્મગુરુ આ મહિને “સર્વ રાષ્ટ્રોમાં પ્રભુ ઈસુની ઘોષણા કરવાના ધર્મસભાના જીવન કાર્યને શુભસંદેશની ઘોષણાના તારલા સમાન આપણાં માતા મરિયમની દોરવણી સતત મળતી રહે” એ પ્રાર્થના કરવાનું આપણને જણાવે છે.

કારણ કે માતા મરિયમ આપણા જીવનની માધુરી અને આપણી આશાનો આધાર છે. તેઓ આપણું હૂંફભર્યું શરણ છે. તેઓ એમની અમીભરેલી દૃષ્ટિ, રિબાતા અને મુશ્કેલીઓ વેઠતા ઈસુ ભક્તો ભણી નાખે છે, અને તેઓને ઈસુની કૃપાનો અનુભવ કરાવે છે. ઈસુની કૃપા અને જીવનની ભેટ માતા મરિયમની મધ્યસ્થી વડે તેમના તમામ બાળકોને પ્રાપ્ત થાય એ આશાથી જ મે મહિનામાં એમની ભક્તિ ઠેર ઠેર થાય છે.

“આવ્યો મે મહિનો દિલ મારું રાચે, વ્હાલી માતાને વધાવવા રે માતા મારિયાનાં બાળકો”.

મે મહિનો આવતાં જ આપણે વહાલી માતા મરિયમના નામમાં પવિત્ર ગુલાબમાળાની ભક્તિ વિવિધ તાબાઓમાં, શેરીઓમાં અને ઘરે ઘરે શરૂ કરી દઈએ છીએ. આ ભક્તિ દ્વારા આપણે માતા મરિયમની આજ્ઞાધીનતા, અને તેમના ઈશ્વર પરના સંપૂર્ણ સમર્પણને બિરદાવીએ છીએ. સાથોસાથ તેમનું જીવન આપણને ઈસુમય જીવન જીવવાની પ્રેરણા આપે છે. ગુર્જરભૂમિના ધર્મજનો માતા મરિયમની અદમ્ય નિષ્ઠા અને નમ્રતાને માન આપે છે, તેથી ગુજરાતના ચારે છેડાઓએ માતા મરિયમનાં તીર્થધામો આપણને જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં ઊંટેશ્વરી માતા, દક્ષિણમાં કોરવી માતા, મધ્યમાં ખંભોળજમાં અનાથોની માતાનું તેમજ વડોદરામાં નિરાધારોના માતાનાં દેવાલયો જોવા મળે છે. એવાં તીર્થધામોમાં ભક્તો પોતાની અરજો લઈને માતા મરિયમ પાસે આવે એ એમની માતા પ્રત્યેની ભક્તિ અને તેમના પુત્ર પ્રભુ ઈસુ પ્રત્યેની શ્રદ્ધા દર્શાવે છે. માતા મરિયમ એવા ભક્તોને સાચી ભક્તિ શીખવાડે છે. ‘એ કહે તેમ કરજો’ એવું આહ્‌વાન કરીને મરિયમ આપણને ઈસુના પંથે ચાલવા પોતાના જીવન દ્વારા પ્રેરણા આપે છે.

વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠા કહે છે તેમ, “માતા મરિયમના સાચા જીવનની ઓળખ આપણે કલ્પનાઓના વટવૃક્ષ નીચે રહીને નહિ, પરંતુ બાઈબલમાંથી પ્રભુ ઈસુએ પોતાના સ્વર્ગારોહણ સમયે પોતાના શિષ્યોને શુભસંદેશના પ્રચારની અને ત્રૈક્ય પરમેશ્વરના નામમાં સ્નાનસંસ્કાર દ્વારા બધી પ્રજાના લોકોને પોતાના શિષ્યો બનાવવાનો આદેશ આપ્યો હતો (માથ્થી ૨૮:૧૮-૧૯). ગુજરાતના સંદર્ભમાં આ કાર્ય હાલમાં ખૂબજ કઠિન થઈ ગયું છે. ધર્માંતર વિરોધી બિલને કારણે પ્રત્યક્ષ ધર્માંતરણ લગભગ અશક્ય બની ગયું છે. તદ્‌પરાંત અમુક અસામાજિક તત્ત્વો દ્વારા ખ્રિસ્તી લોકો ઉપર અને મિશનરીઓ ઉપર અમાનવીય અત્યાચારોના બનાવો આપણને ગુજરાતમાં, ભારત દેશમાં અને વિશ્વના ઘણા દેશોમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વ પર નજર કરીએ તો આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી, વિશ્વ એક નાનકડું ગામ બની ગયું હોવા છતાં લોકોમાં ઈસુમય જીવનનાં મૂલ્યોની ઊણપ જોવા મળે છે. આવા સમયમાં ધર્મસભાને માતા મરિયમની દોરવણીની તાતી જરૂરિયાત છે. એટલે જ વડાધર્મગુરુ આ મહિને “સર્વ રાષ્ટ્રોમાં પ્રભુ ઈસુની ઘોષણા કરવાના ધર્મસભાના જીવન કાર્યને શુભસંદેશની ઘોષણાના તારલા સમાન આપણાં માતા મરિયમની દોરવણી સતત મળતી રહે” એ પ્રાર્થના કરવાનું આપણને જણાવે છે.

કારણ કે માતા મરિયમ આપણા જીવનની માધુરી અને આપણી આશાનો આધાર છે. તેઓ આપણું હૂંફભર્યું શરણ છે. તેઓ એમની અમીભરેલી દૃષ્ટિ, રિબાતા અને મુશ્કેલીઓ વેઠતા ઈસુ ભક્તો ભણી નાખે છે, અને તેઓને ઈસુની કૃપાનો અનુભવ કરાવે છે. ઈસુની કૃપા અને જીવનની ભેટ માતા મરિયમની મધ્યસ્થી વડે તેમના તમામ

બાળકોને પ્રાપ્ત થાય એ આશાથી જ મે મહિનામાં એમની ભક્તિ ઠેર ઠેર થાય છે.

"આવ્યો મે મહિનો દિલ મારું રાચે, વ્હાલી માતાને વધાવવા રે માતા મારિયાનાં બાળકો".

મે મહિનો આવતાં જ આપણે વહાલી માતા મરિયમના નામમાં પવિત્ર ગુલાબમાળાની ભક્તિ વિવિધ તાબાઓમાં, શેરીઓમાં અને ઘરે ઘરે શરૂ કરી દઈએ છીએ. આ ભક્તિ દ્વારા આપણે માતા મરિયમની આજ્ઞાધીનતા, અને તેમના ઈશ્વર પરના સંપૂર્ણ સમર્પણને બિરદાવીએ છીએ. સાથોસાથ તેમનું જીવન આપણને ઈસુમય જીવન જીવવાની પ્રેરણા આપે છે. ગુર્જરભૂમિના ધર્મજનો માતા મરિયમની અદમ્ય નિષ્ઠા અને નમ્રતાને માન આપે છે, તેથી ગુજરાતના ચારે છેડાઓએ માતા મરિયમનાં તીર્થધામો આપણને જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં ઊંટેશ્વરી માતા, દક્ષિણમાં કોરવી માતા, મધ્યમાં ખંભોળજમાં અનાથોની માતાનું તેમજ વડોદરામાં નિરાધારોના માતાનાં દેવાલયો જોવા મળે છે. એવાં તીર્થધામોમાં ભક્તો પોતાની અરજો લઈને માતા મરિયમ પાસે આવે એ એમની માતા પ્રત્યેની ભક્તિ અને તેમના પુત્ર પ્રભુ ઈસુ પ્રત્યેની શ્રદ્ધા દર્શાવે છે. માતા મરિયમ એવા ભક્તોને સાચી ભક્તિ શીખવાડે છે. 'એ કહે તેમ કરજો' એવું આહ્‌વાન કરીને મરિયમ આપણને ઈસુના પંથે ચાલવા પોતાના જીવન દ્વારા પ્રેરણા આપે છે.

વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠા કહે છે તેમ, "માતા મરિયમના સાચા જીવનની ઓળખ આપણે કલ્પનાઓના વટવૃક્ષ નીચે રહીને નહિ, પરંતુ બાઈબલમાંથી આપવાની આપણી નૈતિક ફરજ છે." નવા કરાર ઉપર નજર કરીએ તો આપણને ખબર પડે છે કે, મુક્તિના કાર્યમાં મરિયમનો ઈસુ સાથેનો સથવારો, ઈસુના ગર્ભધારણથી માંડીને એમના મરણ સુધી ચાલુ રહ્યો. મરિયમ ઈશ્વરના પ્રથમ શિષ્યા હતાં, કારણ કે મરિયમે જ સૌ પ્રથમ પરમપિતાની ઈચ્છાને અનુસરવાની શરૂઆત, ગ્રાબ્રિયેલ દેવદૂત દ્વારા મોકલવામાં આવેલ પ્રભુ ઈસુના જન્મ વિશેના સમાચારને સ્વીકારીને કરી. તે સમયે કદાચ તેમને પણ ખબર નહોતી કે કોઈ પણ પુરુષના સહવાસ વિના પરમેશ્વરના પુત્રનો જન્મ તેમના થકી કેવી રીતે થશે (લૂક ૧:૩૪) અને તેમ છતાં, સંપૂર્ણ સ્વતંત્રતાથી મરિયમ દેવદૂતને જવાબ આપે છેઃ 'હું તો ઈશ્વરની દાસી છું, મારે વિશે તારી વાણી સાચી પડો' (લૂક ૧:૩૮). પવિત્ર ધર્માચાર્યોના મંતવ્ય મુજબ, માતા મરિયમ ઈશ્વરના હાથમાં માત્ર એક નિષ્ક્રિય સાધન નહોતાં રહ્યાં, બલકે તેમણે શ્રદ્ધા અને આજ્ઞાધીનતાપૂર્વક, સ્વતંત્રપણે મુક્તિના કાર્યમાં પોતાનો સહકાર આપ્યો હતો. સંત ઈરનેયુસ કહે છેઃ "પોતાની આજ્ઞાધીનતાથી મરિયમ પોતાના તેમજ સમસ્ત માનવજાતના ઉદ્ધારનું નિમિત્ત બન્યાં." હવાની સાથે મરિયમની સરખામણી કરતાં તેઓ એમને "સર્વ માનવજીવોની જનેતા" કહે છે, ને વારંવાર તેઓ ઉચ્ચારે છેઃ "હવા દ્વારા મરણ, મરિયમ દ્વારા જીવન".

મરિયમ જ્યારે ઉતાવળાં ઉતાવળાં એલિસાબેતની મદદે ગયાં ત્યારે પોતાની શ્રદ્ધાને કારણે તે એલિસાબેતને મુખે ધન્યવાદ પામ્યાં, ને એ ઘડીએ અગ્રદૂત માતાના પેટમાં આનંદથી ફરક્યો (૧:૪૧-૪૬). ઈસુના જન્મ પછી માતા મરિયમે જ દેવદૂતનો સંદેશો લઈને તારનારને શોધવા આવેલા ભરવાડોને ઈસુની ઓળખાણ આપી, અને પૂર્વથી તારાની એંધાણીને અનુસરીને આવેલા પૂર્વના પંડિતોની આગળ પ્રભુ ઈસુને રજૂ કર્યા (લૂક ૨:૧૯). જ્યારે મરિયમે પ્રભુને મંદિરમાં પુત્રનું સમર્પણ કર્યું ત્યારે તેમણે શિમયોનને એવી ભવિષ્યવાણી ભાખતા સાંભળ્યા કે, પોતાનો પુત્ર વિરોધની નિશાની બનવાનો છે, અને ખુદ પોતાનું હૈયું તલવારથી વીંધાઈ જવાનું છે. જેથી ઘણાના મનની વાતો બહાર આવે (લૂક ૨:૩૪-૩૫). જ્યારે બાળ ઈસુ ખોવાઈ ગયા હતા અને દર્દભરી શોધને અંતે પોતાનાં માબાપને મંદિરમાંથી તેમની ભાળ લાગી, તે વેળાએ તેઓ પોતાના પરમપિતાના કામકાજમાં પરોવાયેલા હતા. માબાપ પુત્રના શબ્દો સમજ્યાં નહિ; પરંતુ મા આ બધી વાતો પોતાનાં હૃદયમાં સંઘરી રાખીને તેના પર વિચાર કરતાં રહ્યાં (લૂક ૨:૪૧-૫૧).

ફરી પાછા માતા મરિયમ, પ્રભુ ઈસુના જાહેર જીવનની શરૂઆતમાં કાના ગામના લગ્ન પ્રસંગે નોકરોને ઈસુ કહે તેમ કરવાનો આદેશ આપીને મુશ્કેલીઓમાંથી બચાવી લે છે (યોહાન ૨:૫). ઈસુએ ઉપદેશ આપતાં ઈશ્વરના રાજ્યને લોહીની સગાઈ ને અન્ય માનવીય સંબંધો કરતાં ક્યાંયે અદકેરું ગણાવ્યું તથા ઈશ્વરની વાણી સાંભળનારાઓ અને તેનું પાલન કરનારાઓને જ પરમસુખી કહ્યાં (માર્ક ૩:૩૫). તે ઘડીએ માતા મરિયમે પુત્રના એ વચનો વધાવી લીધાં, કારણ તે પોતે એ જ પ્રમાણે વર્તતાં આવ્યાં હતાં (લૂક ૨:૧૯,૫૧). આમ, માતા મરિયમે ક્રૂસ સુધી પુત્ર સાથેનો સહયોગ ચાલુ રાખ્યો. પોતાના એકના એક દુઃખી પુત્ર સાથે કારમા દુઃખથી રિબાયાં.

માતા મરિયમ માત્ર પ્રભુ ઈસુના જીવનના અંત સુધી જ તેમની સાથે ના રહ્યાં, તદુપરાંત તેઓ શરૂઆતની ધર્મસભાને, ઈસુની ગેરહાજરીમાં યોગ્ય માર્ગદર્શન અને પ્રાર્થના દ્વારા પ્રોત્સાહન આપતાં હતાં. પચાસમાના પર્વના સમયે તેઓ પ્રેષિતો સાથે પ્રાર્થના કરતાં જોવા મળે છે. "એ બધા એક મન થઈ સતત પ્રાર્થના કર્યા કરતા હતા. અને એમની સાથે ઈસુનાં મા મરિયમ સુદ્ધાં કેટલીક સ્ત્રીઓ અને ઈસુના ભાઈઓ પણ હતાં" (પ્રે.ચ. ૧:૧૪). દેવદૂત ઈશ્વરનો સંદેશો લઈને આવ્યો હતો ત્યારે પવિત્ર આત્માનો પ્રભાવ મરિયમને છાઈ વળ્યો હતો. હવે મરિયમ એ જ પવિત્ર આત્માના વરદાન માટે પચાસમાના પર્વે વિનવણી કરી રહ્યાં છે. પ્રભુ ઈસુના મૃત્યુ અને પુનરૂત્થાન પછી, પવિત્ર આત્માના અવતરણ સુધી બધા શિષ્યો અને અનુયાયીઓને એક સાથે સાંકળી રાખવાનું અનોખું કાર્ય માતા મરિયમે જ કર્યું છે.

સંત આમ્બ્રોસે કહ્યું હતું તેમઃ શ્રદ્ધા, આશા અને ઈસુ સાથેના પૂર્ણ સાયુજ્યની બાબતમાં મરિયમ ધર્મસભાના નમૂનારૂપ છે. શ્રદ્ધાળુઓને ઈસુ પ્રત્યેની શ્રદ્ધામાં જન્મ આપવામાં અને ઉછેરવામાં માતા મરિયમ વાત્સલ્યપૂર્વક સહકાર આપે છે.

તેથી મરિયમ ભક્તિ કે ગુલાબમાળા દ્વારા માતાનું સન્માન કરતાં, પુત્ર ઈસુની ઓળખ પણ વધુ સ્પષ્ટ બને છે. સ્વર્ગમાં શરીર અને આત્મા સહિત મહિમાવંત બની ચૂકેલ માતા મરિયમ ધર્મસભાનાં

પ્રતીકરૂપ છે. માતા મરિયમ એ પરિપૂર્ણતા પ્રાપ્ત કરનાર ધર્મસભાનાં પ્રથમ સભ્ય છે. મરિયમ યાત્રા ખેડી રહેલ ઈશ્વરની પ્રજા માટે ચોક્કસ આશા અને દિલાસાની નિશાની તરીકે ઝળહળ્યા કરે છે, એ વાત સમજાવવા ધર્મસભા બીજી વેટિકન વિશ્વ પરિષદના ધર્મસભા વિશેના સંવિધાનમાં, મુક્તિયોજનામાં માતા મરિયમનું સ્થાન દર્શાવીને, મરિયમને ઈશ્વરની યાત્રાળુ પ્રજાને માટે અફર આશા અને દિલાસાની દીવાદાંડી તરીકે ઓળખાવે છે.

ધર્મસભાના પ્રારંભકાળમાં માતા મરિયમે પોતાની પ્રાર્થના વડે ધર્મસભાને ટેકો આપ્યો હતો; હવે તેઓ સ્વર્ગમાં સર્વ પુણ્યાત્માઓ ને દેવદૂતો કરતાં ઉંચેરા સ્થાને બિરાજે છે. તેથી બધાં ખ્રિસ્તભક્તો તેમની આગળ આગ્રહભરી વિનંતી કરે છે કે, જ્યાં સુધી બધી પ્રજાના લોકો જેઓ "ખ્રિસ્તી" તરીકે ઓળખાય છે, તેમજ જેઓ પોતાના મુક્તિદાતાને હજુ ઓળખતા ન હોય તે બધાંય, પરમ પાવન ને અખંડ ત્રૈક્યના મહિમા અર્થે શાંતિ અને સુમેળથી ઈશ્વરની એકમાત્ર પ્રજામાં હર્ષભેર એકત્રિત ન થાય ત્યાં સુધી, માતા મરિયમ તેઓ માટે પોતાના પુત્ર ઈસુની આગળ સર્વ સંતોના સત્સંગમાં પ્રાર્થના ગુજારતાં રહે.

માતા મરિયમને સ્વર્ગે લઈ લીધાં પછી પણ તેમણે વિશ્વના દરેક ખંડમાં જુદાં જુદાં સ્થાને દર્શન દઈને, પોતાના પુત્રના શુભસંદેશને લાખો લોકો સુધી પહોંચાડવાના પ્રયત્નો ચાલુ જ રાખ્યા છે. એટલે જ એમના હાથમાં સોંપેલું ધર્મપ્રચારનું કાર્ય હંમેશાં સલામત અને પ્રગતિશીલ જ રહેશે અને એનાથી આપણને બધાને લાભ થશે, કારણ આપણે પણ માતા મરિયમનાં જ બાળકો છીએ (યોહાન ૧૯:૨૬).

મરિયમે જે સલાહ કાના ગામના પ્રસંગે નોકરોને આપી હતી, તે જ સલાહ તે આપણને આજે શુભસંદેશના પ્રચાર માટે પણ આપે છે. "ઈસુ કહે તેમ કરો!" શું આપણે તેના માટે તૈયાર છીએ ખરાં? ●


## લગ્ન વિષયક

**શ્રી ગિદીયોન પૉલ પરમાર** (ગવર્નમેન્ટ મેરેજ પરવાનેદાર)

| | |
|---|---|
| **સંપર્ક કરો** | ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે,<br>ભાલેજ રોડ, ઓવરબ્રીજ પાસે, આણંદ<br>ફોનઃ ૦૨૬૯૨-૨૫૦૯૬૯<br>**મો. ૯૯૨૪૨ ૦૫૫૦૫, ૯૭૨૩૩ ૩૨૩૯૬** |

પરેશ એ. વાઘેલા ૯૭૨૩૧ ૬૦૭૭૩ — દિપક એ. વાઘેલા ૮૪૬૦૦ ૮૨૬૬૫

**✞ અગ્નેલ એર કંડિશનિંગ ✞**

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરીંગ, સર્વિસીંગ કરનાર

★ એક એ.સી. સાથે બીજું એ.સી. ફ્રી સર્વિસ કરી આપવામાં આવશે. ★

**ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા. જિ. આણંદ**


## લગ્ન વિષયક

* ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૨૮, MCA થયેલ, હાલ સારી કંપનીમાં જોબ ધરાવતા યુવક માટે યોગ્ય જીવનસાથી પસંદગી હેતુસર યોગ્ય યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. (MCA, Comp. Engineer, MBA, B.Sc. Nursing, M. Pharmacy) જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો જ છે.

**મો. ૯૬૦૧૦ ૮૦૯૩૬**
**E-mail: veronica.macwan 11@gmail.com**

૦-૦-૦

* રોમન કેથોલિક ગુજરાતી યુવક, ઉંમર ૨૫ વર્ષ, ઊંચાઈ ૫'૨'', દેખાવે સુંદર, સુશીલ, અભ્યાસ B.Com (Eng. Med.) હાલ કેન્દ્ર સરકારમાં કાયમી નોકરી કરતા યુવક માટે, સરકારી નોકરી કરતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો. (અમદાવાદ ગાંધીનગરમાં નોકરી કરતી યુવતી પસંદગીને પાત્ર)

**મો. ૯૪૨૭૦ ૨૨૩૨૫**
**E-mail: macwanshishir.09@gmail.com**

૦-૦-૦

* ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૫ વર્ષ, ઊંચાઈ ૫'૬'', પ્રતિષ્ઠિત કંપનીમાં જોબ ધરાવતા MCA થયેલ યુવક માટે યોગ્ય જીવનસાથીની પસંદગી હેતુસર સુંદર, સુશીલ, ધાર્મિક, સંસ્કારી, ઉચ્ચ અભ્યાસ ધરાવતી અને નોકરી કરતી (વિદેશમાં રહેતી અથવા સરકારી નોકરી ધરાવનાર પ્રથમ પસંદગી) યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મોઃ +૯૧ ૭૩૫૯૩ ૯૮૩૩૫**

૦-૦-૦

* અમેરિકા ગ્રીનકાર્ડ ધરાવતી કેથોલિક યુવતી, જન્મ ૧૯૭૨, ઊંચાઈ ૫'૩'', ૫૫ કે.જી., અભ્યાસ બી.કોમ કરતી યુવતી માટે વિદેશ સ્થાયી થવા ઈચ્છતા યુવક વાલીઓએ સંપર્ક કરવો.

**ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર, ડાયરેક્ટરઃ ભાઈલાલભાઈ એસ. ટેલર**
**પાર્ક સ્ટ્રીટ, મિશન રોડ, નડીઆદ - ૩૮૭ ૦૦૨**
**મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫**

૦-૦-૦

* ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૩૩ વર્ષ, ઊંચાઈ ૫'૬'', ઘઉંવર્ણા, આર્થિક સદ્ધર માટે સુંદર, સુશીલ, સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

* ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર ૩૦ વર્ષ, ઊંચાઈ ૫'૨'', પરદેશગમન, આર્થિક સદ્ધર, શિક્ષિત, સુંદર યુવતી માટે યુવકોના વાલીઓએ સંપર્ક કરવો. **મો. ૮૨૩૮૫ ૬૯૦૮૧**

૦-૦-૦

* Gujarati Catholic boy, Age 33 (1981), Height 6'2", Fit, handsome and very active in sports, MBA completed, Working in Muscat, Oman, Family settled in Bombay. Seeking Catholic brides settled abroad and in India.

**Kindly contact 9920836779**

# જીવનમાં દુઃખ શા માટે આવે છે?

✍ પટેલિયા અલ્પેશકુમાર કનુભાઈ

કુદરતના સાંનિધ્યમાં આવેલા સુંદર મજાના પર્વતોની બરાબર મધ્યમાંથી ઝરણું પસાર થતું હોય. આ ઝરણાનું પાણી પર્વતોને અથડાતાં ખડખડ અવાજ થતો હોય, આકાશમાંથી સૂરજનાં કિરણો ફેલાઈ રહ્યાં હોય, કલબલાટ કરતાં પક્ષીઓના કલરવ સાથે સર્વત્ર આનંદ આનંદ જ હોય, પ્રકૃતિના આ સૌંદર્યને માણી રહેલા કોઈ ટોલ, સ્માર્ટ, હેન્ડસમ યુવાનને જિંદગી વિશે પૂછવામાં આવે, તો તે કહેશે કે જિંદગી ઉજવવા માટે છે, જિંદગી માણવા માટે છે.

પરંતુ મરણની નજીક પથારીવશ પડેલ કોઈ વયોવૃદ્ધ માણસને જિંદગી વિશે પૂછવામાં આવે તો તે ધીમા અને ઠંડા દુઃખથી ઘડાયેલ અવાજમાં કહેશે કે, જિંદગી એટલે સુખ અને દુઃખનો સરવાળો, ચડતી અને પડતીનો સમન્વય અને એમાંય દુઃખ એ તો જિંદગીને સમજવા માટેનો શિક્ષક. પૃથ્વી ઉપરની મુસાફરી દરમિયાન, વ્યક્તિ વ્યક્તિએ દુઃખની પરિભાષા અલગ અલગ જ હોય છે. દરેક માનવીના મનમાં પ્રશ્ન જરૂર થાય કે, દુઃખ શા માટે આવે છે? જો દુઃખ હોય જ નહીં તો!



દુઃખ ત્રણ રીતે આવતાં હોય છે. (૧) જ્યારે ઈશ્વરમય જીવન જીવતા હોય ત્યારે (૨) જ્યારે ઈશ્વરથી દૂર ચાલ્યા ગયા હોય ત્યારે (૩) મનુષ્યનાં કાર્યો (કર્મો) કરણીઓથી દુઃખ આવતું હોય છે.

### (૧) જ્યારે ઈશ્વરમય જીવન જીવતા હોય ત્યારે :

ઈશ્વરમય જીવન જીવતાં ઘણાં દુઃખો, મુશ્કેલીઓ, પીડાઓ આવતી હોય છે. ઘણા સંતો, પયગંબરોનાં જીવન દુઃખથી ભરેલાં રહ્યાં છે, જે તેનાં ઉદાહરણ છે. બાઈબલ પ્રમાણે યોબ ઈશ્વરથી ડરીને ચાલનાર, ઈશ્વરમય જીવન જીવનાર માણસ હતો. ત્યારે કસોટી કરનારે ઈશ્વરને કહ્યું કે, યોબને બધા આશીર્વાદ આપ્યા છે માટે તે તારી સ્તુતિ અને આરાધના કરે છે. એના આશીર્વાદ છીનવી લે તો તે તારાથી દૂર ચાલ્યો જશે. યોબના જીવનમાંથી સર્વસ્વ લઈ લેવામાં આવ્યું, છતાં તેણે ઈશ્વરનો આભાર માનતાં કહ્યું કે, ઈશ્વરે આપ્યું અને ઈશ્વરે લઈ લીધું. ઈશ્વરના નામને ધન્યવાદ હો. ઘણીવાર દુઃખ, પીડાથી ઈશ્વર આપણને દૃઢ બનાવવા માંગે છે. એટલા માટે આપણાં જીવનમાં દુઃખ આવે છે. દુઃખ અને પીડાથી આપણો ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ મજબૂત બને છે.

### ૨) જ્યારે ઈશ્વરથી દૂર ચાલ્યા જઈએ છીએ ત્યારે દુઃખ આવે છે.

ઘણી વખત ખૂબ જ કસોટીઓ, મુશ્કેલીઓથી આપણે કંટાળીને ઈશ્વરથી દૂર ચાલ્યા જઈએ છીએ. ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ મજબૂત બનવાની જગ્યાએ તૂટી જાય છે, ત્યારે આપણા જીવનમાં દુઃખ આવે છે, જેમ કે યૂના પ્રભુનો સેવક હતો. ઈશ્વર તેને નિનવેહ નગરમાં જવાનું કહે છે, તેના બદલે તે તાર્શીશ જવા માટે વહાણમાં બેસી જાય છે. આથી સમુદ્રમાં ભારે તોફાન આવી પડે છે. આખરે તેને માછલીના પેટમાં રહેવું પડે છે, આમ ઘણીવાર આપણે ઈશ્વરથી દૂર ચાલ્યા જઈએ ત્યારે દુઃખ આવતું હોય છે. આ દુઃખથી આપણે ઈશ્વરમય માર્ગ પર પાછા વળી, સારું જીવન જીવવાનું શરૂ કરી દઈએ છીએ. ઘણી બીમારીઓ, ઘણાં દુઃખદ પ્રસંગો આપણને ઈશ્વર તરફ પાછા વાળે છે.

### (૩) મનુષ્યનાં કાર્યો (કરણીઓથી) દુઃખ આવે છે.

માણસ વાવે છે તેવું જ લણે છે. આંબો વાવીએ તો કેરી જ થાય અને બાવળ વાવીએ તો કાંટા જ થાય છે. આપણે જાણતા હોઈએ છીએ કે સારું કોને કહેવાય અને ખરાબ કોને કહેવાય, છતાં આપણે અમુક વખત પાપમય જીવન આચરતા હોઈએ છીએ. આથી આપણા જીવનમાં દુઃખ શિક્ષાના રૂપમાં આવતું હોય. કરેલ કર્મોના બદલામાં આપણે દુઃખી થતા હોઈએ છીએ.

આ દુઃખ આવવાનાં ત્રણેય કારણો ઉપર જો ધ્યાનથી નજર કરીએ, તો તે એકબીજા સાથે જોડાયેલાં છે. આ ત્રણેય કારણો આપણને ઈશ્વર તરફનો માર્ગ ચીંધે છે. કારણ કે આપણી દોર ઈશ્વરના હાથમાં છે. આપણે માત્ર મહેનત કરીએ છીએ, પ્રયત્ન કરીએ છીએ પણ ફળ આપવું ઈશ્વરના હાથની વાત છે.

આપણે જાણતા નથી કે બોર્ડની પરીક્ષામાં હાઈએસ્ટ ટોપર કોણ હશે? ચૂંટણીની લડતમાં કોણ વિજેતા બનશે? વર્લ્ડકપની ટીમમાં કઈ ટીમ જીત મેળવશે? મોસમમાં સારો પાક મળશે કે નહીં?

આજની સમૃદ્ધિ, દોલત જીવનભર એવી જ રહેશે એ આપણે જાણતા નથી. પરંતુ બધું જ ઈશ્વરના હાથની વાત છે, કહેવાય છે કે વાવનાર કે પાણી પાનાર કોઈ નથી, પણ વૃદ્ધિ આપનાર ઈશ્વર જ સર્વસ્વ છે. માટે જીવનની પ્રત્યેક પરિસ્થિતિ એ સુખમાં કે પછી દુઃખમાં, ઈશ્વરનો આભાર માની, ઈશ્વરને પ્રાર્થના કરતા જીવીએ. ●

# મે – જૂન મહિનાના શાસ્ત્રપાઠો

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

## પાસ્ખાનો ચોથો રવિવાર (૧૧-૦૫-૨૦૧૪)

**પ્રે.ચઃ ૨ઃ૧૪, ૩૬-૪૧; સ્તોત્ર ૨૩; ૧ પીટર ૨ઃ૨૦-૨૫; યોહાન ૧૦ઃ૧-૧૦**

### ભલો ગોવાળ બનવાની હાકલ

આજે આપણે આંતરરાષ્ટ્રીય 'મધર્સ ડે' ઉજવી રહ્યા છીએ. આજે ધર્મસભા આપણને તેડા માટે પણ પ્રાર્થના કરવા આમંત્રે છે. એજ સમયે આજની ઉપાસના વિધિઓ આપણી સમક્ષ સાચા અને જવાબદાર ગોવાળના સદ્‌ગુણો રજૂ કરે છે. આ સંદર્ભમાં હું કેટલાક પ્રશ્નો વ્યક્તિગત વિચાર માટે તમારી આગળ મૂકું છું ને આશા રાખું છું કે તમને એ સહાયરૂપ થશે.

૧. શા માટે માતા ધર્મસભા બધાને તેડા માટે પ્રાર્થના કરવા આમંત્રે છે?

૨. આંતરરાષ્ટ્રીય સમાજ 'મધર્સ ડે'ની ઉજવણી કરે છે. પણ તે દરેક વ્યક્તિ પોતાની માને મદદ કરી, ઈશ્વરનો દરરોજ આભાર માનવા કોઈ પ્રેરણા આપી શકે છે?

૩. શુભસંદેશકાર યોહાન આપણને કેટલાં અંશે સમજાવી શકે કે, ઈસુ આપણા સાચા અને જવાબદાર ગોવાળ છે?

આ એક શોધ છે. આ પ્રશ્નોના જવાબ મેળવવા હું પોતે પણ રોજબરોજના જીવનમાં ઝઝૂમી રહ્યો છું. કેમ કે આ પ્રશ્નો મને પડકારે છે. કોઈપણ રૂપક સામાન્ય રીતે પ્રતિકાત્મક ભાષા દ્વારા કોઈ એક સત્યને સમજાવે છે. જૂનો કરાર ઈશ્વરને પ્રજાના ગોવાળ તરીકે નિહાળે છે (સ્તોત્ર ૨૩ઃ૧). ઈસ્રાયલના રાજાઓ અને નેતાઓએ લોકોની વચ્ચે ઈશ્વરના પ્રતિનિધિઓ તરીકે ગોવાળની જવાબદારી અદા કરી હતી. પરંતુ એમની નિર્બળતાને કારણે ઈશ્વરે લોકોની સંભાળ લેવા, એમની જરૂરિયાતો પૂરી પાડવા અને તેમને ન્યાય અપાવવા પોતે એક સાચો ગોવાળ આપવાનું વચન આપ્યું હતું (હઝ ૩૪ઃ૧૧-૩૨). પ્રાચીન સમયમાં ભરવાડો પોતાના ઘેટાંને રાત્રે સલામતી માટે એક વિશાળ વાડામાં લઈ આવતા (લૂક ૨ઃ૮). સવારમાં દરેક ગોવાળ પોતાના ઘેટાંને નામથી બોલાવી ચરાવવા લઈ જતો. આ રૂપકનો સંદર્ભ કદાચ યોહાનનો સંઘ છે, જેનું વર્ણન ૧ યોહાન ૨ઃ૧૮-૧૯, ૨૨-૨૩માં થાય છે. અહીં કેટલાક સભ્યો ઈસુના મસીહ રૂપકથી નાખુશ થઈ સંઘને છોડતા હતા અને અન્યોને પણ ખેંચવા પ્રયત્ન કરતા હતા.

### ઈસુ ખરેખર સાચા અને ભલા ગોવાળ છે :

ઈસુ પોતાને ઘેટાં માટેનો દરવાજો અને ભલા ગોવાળ તરીકે દર્શાવે છે. તેઓ ઘેટાંને બચાવવા માટે જ અસ્તિત્વ ધરાવે છે. ભરપટ્ટે જીવન પૂરું પાડે છે. (આધ્યાત્મિક, નૈતિક અને ભૌતિક). તે તેમની સાથે આત્મિક, વ્યક્તિગત અને પારસ્પરિક સંબંધ રાખે છે. તેમને માટે મરી જવા પણ તૈયાર છે.

### ઈસુ તરફ દોરી જનાર આપણી મા :

બાળક તરીકે જ્યારે આપણે આપણી માતાને ખોળે હતા, ત્યારે તેણે આપણામાં તેની પોતાની પ્રતિમૂર્તિ જોઈ હતી, જેમ ઈશ્વરપિતાએ તેના દીકરામાં પોતાની પ્રતિમૂર્તિ જોઈ હતી. આપણા ચહેરા ઉપર તેણે પોતાના પ્રતિબિંબને પરાવર્તિત થતું જોયું હતું. તેણે સાચા ગોવાળની જેમ આપણી સંભાળ લીધી. આપણને મુક્ત રીતે વૃદ્ધિ પામવા દીધા. એણે ખાતરી કરી કે આપણને દરેક વસ્તુ મળે. તેણે પોતાની ભાષામાં આપણી સાથે વાત કરી, અને આપણે તેના અવાજને સાંભળ્યો. તેણે આપણને ઈસુ બતાવ્યા, અને આપણે એમનામાં શ્રદ્ધા રાખી.

### દરેકને ભલો ગોવાળ બનવાની હાકલઃ

જ્યારે આપણી પાસે ભલો ગોવાળ હોય ત્યારે આપણને ભલુ ઘેટું બનવાનો પડકાર મળે છે. તે મને પોતાનું ઘેટું માને છે. પરંતુ શું હું જાણું છું કે તે મારા સાચા ગોવાળ છે? એ જ સમયે ઈશ્વરે દરેકને કોઈને કોઈ કાર્ય (મિશન) સોંપ્યું છે. હું એક પુરોહિત તરીકે લોકો માટે દીક્ષિત થયો છું. તમારામાં ઘણા બધા માતા-પિતા તરીકે પરિવાર માટે ને એકબીજા માટે કરારના સંબંધથી જોડાયેલા છે. અમુક વડીલો ધર્મસભામાં ને સમાજમાં બીજાના કલ્યાણ માટે કાર્ય કરે છે. આ રીતે દરેકને ગોવાળ બનવાની હાકલ મળેલ છે. તો એક ગોવાળ તરીકે હું કેવી રીતે મારી ફરજ બજાવું છું?

– ફાધર મલર

## પાસ્ખાનો પાંચમો રવિવાર (૧૮-૦૫-૨૦૧૪)

**(પ્રે.ચ. ૬ઃ૧-૭; સ્તોત્ર ૨૩ઃ૧, પીતર ૨ઃ૪-૯; યોહાન ૧૪ઃ૧-૧૨)**

### મુક્તિ યોજનામાં ભાગીદાર થવા હાકલ

ઈસુએ સ્થાપેલી ધર્મસભામાં ઈશ્વરનું ને માનવીનું શું સ્થાન છે, તેના ઉપર આજના શાસ્ત્રપાઠો આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે. ખ્રિસ્તી તરીકે મળેલી હાકલ એટલે પ્રભુ ઈસુના સાક્ષી પુરવાર થવું, ખ્રિસ્તી તરીકેની પોતાની ઓળખ સમાજમાં દાખવવી, અને પ્રભુ ઈસુના

સ્વર્ગીય રાજ્યની મુક્તિ યોજનામાં સાક્ષીરૂપ એવું જીવન જીવવું. પ્રભુ ઈસુએ સોંપેલું કાર્ય સંપૂર્ણ દિલે, નિષ્ઠાપૂર્વક અને ઉત્તમ રીતે કરવું એ જ એ હાકલ છે. એમાં પોતાનું ઘડતર, સમાજનો સુધારો, દેશની સેવા ને માનવજાતનું કલ્યાણ સમાપ્ત થાય છે. ઉપરાંત, હાકલ આપણા સમય, શક્તિ ને બુદ્ધિનો પૂરેપૂરો સદ્‌પયોગ કરવાની તક આપે છે. સત્ય, માર્ગ અને જીવન એવી ઈસુની મુક્તિ યોજનામાં આ રીતે આપણે ભાગીદાર થઈએ છીએ.

આજનો પહેલો શાસ્ત્રપાઠ સામાજિક અને આધ્યાત્મિક જરૂરિયાતોની સમસ્યા વિશે જણાવે છે. ધર્મસભામાં શિષ્યોની સંખ્યામાં થતો વધારો જ એમની વચ્ચેના સંઘર્ષો અને મતભેદોનું મૂળ કારણ નીવડ્યું. યહૂદી સંસ્કૃતિમાં દીન-દલિતો, વિધવાઓ ને ભૂખ્યા પર રહેમ-નજર રાખવામાં આવતી. પ્રથમ-ખ્રિસ્તીઓ પણ યહૂદી ધર્મના આ સારા પાસાંને ટેકો આપી, માનવીના સુખ-દુઃખમાં ભાગ લેવા મહેનત કરતા. ઈસુની ઈચ્છા મુજબ પ્રેષિતોનું પ્રથમ કામ શુભસંદેશની ઘોષણા કરવાનું હતું. પરંતુ નવી સમસ્યાઓ સર્જાતાં, ઈશ્વરની વાણીને પૂરતો સમય તેમનાથી ન અપાયો. એટલે સમસ્યાની ગંભીરતા સમજી તેઓ શ્રદ્ધાથી પ્રાર્થના કરી, જીવનને પાવન કરવા જરૂરી એવાં બે પરિબળોને, ઈશ્વરની વાણી અને અન્નપાનને મહત્વ આપી સમસ્યાનો ઉકેલ કાઢે છે. મતભેદ ઊભો થાય અને વિખવાદ સર્જાય ત્યારે સમય ને શક્તિ નકામી ચર્ચાઓ અને ખેંચાખેંચીમાં વેડફી નાખ્યા વગર, કેવાં પગલાં લેવાં જોઈએ એ પ્રેષિતો અનુભવથી શીખી શકીએ.

બીજા શાસ્ત્રપાઠમાં 'જીવંત મંદિરના જીવંત પથ્થરો' અર્થાત્ 'ખ્રિસ્તી પ્રજા'નો ઉલ્લેખ છે. સંત પીતર આપણી સમક્ષ આધ્યાત્મિક સ્વરૂપનું નિરૂપણ કરતાં સંબોધે છે કે, માતા ધર્મસભા આધ્યાત્મિક મંદિર છે અને એમાંનો દરેક ખ્રિસ્તી પુરોહિત છે. સર્વસ્વ ઈશ્વરના ચરણે અર્પી, ઈશ્વરને ભરોસે જીવવાનું વરદાન મળ્યું છે ત્યારે ઈશ્વરની પૂજા કરી સંપૂર્ણપણે જીવંત પથ્થરની ઈમારતો ખડી કરવા, સંત પીતર મારફતે ઈસુ આપણને પ્રેરણા બક્ષે છે. 'જે પથ્થરને કડિયાઓએ નકામો માની ફેંકી દીધો હતો, તે જ આધારશિલા બન્યો છે' (માથ્થી ૨૧:૪૨). એટલે, ઈશ્વરની મુક્તિ યોજનાનું રહસ્ય ઈસુ છે, જેણે દરેક સામર્થ્ય વિરુદ્ધ વિજય મેળવીને, નાલાયક અને લાચાર એવા આપણામાં જીવંત પથ્થરની છબી (છાપ) મારી છે. પરિણામે, એકમેકના સાથ-સહકારથી ધર્મસભાની ઈમારત નક્કર બની છે.

શુભસંદેશમાં, ઈસુ ભોજન પછી યહૂદાની ગેરહાજરીમાં શિષ્યો સાથે દિલની વાત કરી રહ્યા છે ત્યારે શિષ્યોનું અંતર અસ્વસ્થ થાય છે, પરંતુ ઈસુ શ્રદ્ધાનું મહત્ત્વ સમજાવે છે. ઈશ્વર પર શ્રદ્ધા રાખવી એ ઈશ્વરની અડગ યોજનામાં ભાગીદાર થવા સમાન છે. ઉપરાંત ઈસુ દિલાસાથી પ્રોત્સાહન પ્રેરે છે. તેમનામાં સર્જેલી શંકા-કુશંકાઓને સમજૂતીથી દૂર કરવા આશ્વાસનના શબ્દોથી ત્રૈક્ય પરમેશ્વરનું રહસ્ય જણાવતાં કહે છે કે, એમના પ્રસ્થાનથી પવિત્ર આત્માની શક્તિ વડે આનંદ અને શાંતિની પ્રાપ્તિ થશે. તેમને કોઈ પ્રતિકૂળ બળ છીનવી ન શકે. સ્વર્ગ ઈશ્વરનું હૈયું છે, એ એટલું વિશાળ છે કે બધાંજ - ખ્રિસ્તી હોય કે બિનખ્રિસ્તી એમાં ભાગીદાર બની શકે છે.

ઈસુની વાણી અને ઈસુનાં કાર્યો પરમપિતાનું સાચું સ્વરૂપ દુનિયાને દર્શાવે છે. જે કોઈ ઈસુમાં શ્રદ્ધા રાખે તે પરમપિતાને નિહાળે છે. વળી, ઈસુ મારફતે જ પરમપિતાનો પ્રેમ આપણને પ્રાપ્ત થાય છે. ઈસુ સત્ય, જીવન અને માર્ગ છે, કારણ ઈસુ વિના કોઈ દિવ્ય વ્યક્તિ પૃથ્વી પર પ્રગટ થઈ શકે એમ નથી.

આજે, પરિસ્થિતિ ઝડપથી બદલાઈ છે. સમાજમાં કોમળ પ્રેમ અને હૂંફની ખોટ ખૂબજ વર્તાય છે. જે સદ્‌બુદ્ધિ ઈશ્વરે આપણને બક્ષી છે, તેનો સદુપયોગ કરતાં શીખીએ. જીવન સુધારવા, લોકોની સેવા કરવા ને દેશનું કલ્યાણ સર્જવા પ્રભુ ઈસુ પાસેથી શ્રદ્ધાની માંગણી કરીએ. ઈસુની મુક્તિ યોજનામાં આપણે રોજ સંપૂર્ણપણે ભાગીદાર થઈ, પૃથ્વીને વધુ સુંદર, શાંતિમય બનાવીએ ને મુક્તિ ભણી પ્રયાણ કરીએ છીએ.

— બ્રધર જોન પાઉલ

## પાસ્ખાનો છઠ્ઠો રવિવાર (૨૫-૦૫-૨૦૧૪)
## (પ્રે.ચ. ૮:૫-૮, ૧૪-૧૭; સ્તોત્ર ૬૬; ૧ પીતર ૩:૧૫-૧૮; યોહાન ૧૪:૧૫-૨૧)

### પવિત્ર આત્મા પ્રેરિત જીવન

આજના શાસ્ત્રપાઠો દરેક ભક્તના જીવનમાં પવિત્ર આત્માની હાજરીના અનુભવની વાત કરે છે. સાથોસાથ દરેક ઈસુપંથીને પવિત્ર આત્મા પ્રેરિત જીવન જીવવા, અને પ્રભુ ઈસુએ આપેલી પ્રેમની આજ્ઞાને જીવનમાં ઉતારવા આમંત્રણ પણ આપે છે.

શુભસંદેશની શરૂઆતમાં ઈસુ પોતાના શિષ્યોને કહે છે, 'તમને જો મારા ઉપર પ્રેમ હશે તો મારી આજ્ઞાઓનું પાલન કરશો' (યોહાન ૧૪:૧૫). ઈસુની આજ્ઞાઓનું પાલન કરવું એ સહેલું કામ નથી. એટલે જ ઈસુ પોતાના શિષ્યોને, ખાસ કરીને સતાવણીઓના સંદર્ભોમાં, દૃઢ બનાવવા પવિત્ર આત્મા મોકલવાનું વચન આપે છે. પવિત્ર આત્મા પ્રાપ્ત કરવા માટે આપણે અમુક આવશ્યક શરતો પૂરી કરવી જોઈએ. અને એ છે ઈસુ ઉપર પ્રેમ અને એમનામાં શ્રદ્ધા.

એટલે જ આજના પહેલા શાસ્ત્રપાઠમાં આપણે જોઈએ છે કે જ્યારે પ્રેષિતોને ખબર પડી કે શમરુનના લોકોએ ઈસુનો સંદેશ સ્વીકાર્યો છે, ત્યારે પીતર અને યોહાન ત્યાં જઈને લોકો ઉપર હાથ મૂકીને પ્રાર્થના કરે છે, અને શમરુનીઓને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાય છે. અને તેઓ ઈસુની આજ્ઞાઓનું પાલન કરતા થયા. પીતર પોતે પણ બીજા શાસ્ત્રપાઠમાં એ જ માગે છે કે સૌ ઈસુપંથીઓ દરેકના અંતરમાં બિરાજેલા ઈસુની ભક્તિ અને પૂજા કરે, અને પોતાના આદર્શ જીવન દ્વારા પોતાની શ્રદ્ધા અને આશાની સાક્ષી સૌ આગળ પૂરે.

શુભસંદેશમાં ઈસુ પોતાના શિષ્યો સાથે વાર્તાલાપ કરે છે. શિષ્યોને છોડીને પરમપિતા પાસે જવાનો સમય નજીક આવતો હતો. એ હકીકતને ધ્યાનમાં રાખીને ઈસુ તેમને સંબોધે છે. ઈસુના એક

એક શબ્દમાં શિષ્યો પ્રત્યેનો ઊંડો પ્રેમ નીતરતો જણાય છે. બીજી તરફ શિષ્યોના મનમાં પણ તેઓના ભવિષ્ય વિષે વિચાર આવ્યા હશે, અને કદાચ ચિંતામાં પણ પડી ગયા હશે. એ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રભુ ઈસુ તેઓને વચન આપે છે કે, તેઓ પોતાની ગેરહાજરીની ખોટ તેમને વર્તવા દેશે નહીં. બલ્કે પવિત્ર આત્મા દ્વારા સદા તેઓની સાથે ને પાસે રહી તેમને દોરતા રહેશે, અને હિંમત આપતા રહેશે. સાથોસાથ પ્રભુ ઈસુ શિષ્યોને સમજાવે છેઃ 'તમને જો મારા ઉપર પ્રેમ હશે તો મારી આજ્ઞાઓનું પાલન કરશો.' સાચા પ્રેમનો આ માપદંડ છે. ઈસુ પર આપણે પ્રેમ રાખીએ છીએ એની આ સાબિતી છે કે, આપણે પવિત્ર આત્માની મદદ લઈ ઈસુની આજ્ઞાઓનું પાલન કરીએ. જેઓ પ્રભુને પ્રેમ કરે છે તેઓ ઈસુનાં આ વચનોનું પાલન કરશે, અને તેથી પરમપિતા તેમને ચાહશે.

શું આપણે ઈસુ પર પ્રેમ રાખી, એમનામાં શ્રદ્ધા રાખી, એમની આજ્ઞા પ્રમાણે જીવીએ છીએ? ઈસુ પ્રત્યેનો પ્રેમ એટલે પોતાના માનવબંધુ પ્રત્યેનો પ્રેમ. આ બેઉ અલગ નથી. અને એજ ઈસુની આજ્ઞા પણ છે, 'તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખવો' (લૂક ૧૦:૨૭). પાડોશીને પ્રેમ કર્યા વગર અને ઈસુની આજ્ઞાઓનું પાલન કર્યા વગર આપણે ઈસુને ચાહી શકીએ નહીં. કદાચ કાચી માટીના માનવો તરીકે એ કામ કપરું લાગે, પણ જો પવિત્ર આત્મા આપણી સાથે હોય તો તે અશક્ય નથી. ઈસુ ખાતરી આપે છે કે, હું પિતાને વિનંતી કરીશ, અને તે સતત તમારે પડખે રહેવા માટે... પવિત્ર આત્માને મોકલશે (યોહાન ૧૪:૧૬-૧૭). પવિત્ર આત્માથી દોરાઈને આપણે પણ અનેક સંતોની જેમ ઈસુના સાચા અનુયાયીઓ બની, એમના પ્રેમના સાક્ષીઓ બનીએ. — બ્રધર જોબીન

## પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ (૦૧-૦૬-૨૦૧૪)

## (પ્રે.ચ. ૧:૧-૧૧; સ્તોત્ર ૪૭; એફેસસ ૧:૧૭-૨૩; માથ્થી ૨૮:૧૬-૨૦)

### સ્વર્ગારોહણ આપણું ઉદ્‌ગારોહણ

શબ્દ માનવ થઈને અવતર્યો. તેણે આપણી વચ્ચે વાસ કર્યો. આ જગતમાં થોડાંક વરસ વાસ કર્યા પછી, એ જ શબ્દ સ્વર્ગે સિધાવ્યો. હવે કાયમ માટે પિતા પરમેશ્વરની જમણી બાજુએ એ શબ્દ બિરાજમાન છે. પ્રભુ ઈસુના સ્વર્ગારોહણના પર્વ દરમ્યાન સ્વર્ગમાં, પ્રભુ ઈસુના મહિમાવંત સ્થાનનું સ્મરણ કરીએ છીએ, અને ઈસુએ સ્વર્ગમાં પોતાનો મહિમા પ્રાપ્ત કર્યો તેને ઉજવીએ છીએ. તે મંગલ દિને પોતાના શિષ્યોના દેખતાં જ સ્વર્ગે સિધાવીને, પ્રભુ ઈસુએ પોતાનાં વચનો પૂરાં પાડ્યાં ને પરમપિતાની ઈચ્છા પૂરી કરી.

આજના વાંચનો પ્રભુ ઈસુના સ્વર્ગારોહણનું સુંદર વર્ણન કરી, એના ઉપર મનનચિંતન કરવા આપણને આમંત્રે છે. ખાસ કરીને પહેલું વાંચન અને શુભસંદેશ, ઈસુનું સ્વર્ગારોહણ અને એના અગાઉ થયેલી ઘટનાઓની વાત કરે છે. પ્રેષિતોના ચરિતોમાંથી ઈસુના સ્વર્ગારોહણ વિશે સ્પષ્ટ જાણકારી મળે છે. સ્તોત્રમાં આપણે જોઈએ છીએ કે પ્રભુ રાજાધિરાજ છે, એની આણ અને એનું શાસન આખા જગત પર સ્થપાય છે. એના કારણે એમની ગાદી પાસે જઈને, એમનું કીર્તનગાન ગાઈશું, એમનો જયજયકાર કરીશું એમ સ્તોત્રકાર આપણને આમંત્રણ આપે છે. ઈસુના સ્વર્ગારોહણનો એક અર્થ છે કે, ઈસુ રાજરાજેશ્વર તરીકે પરમપિતાના જમણા આસને બિરાજે છે. એ જ મુદ્દા પર બીજા વાંચનમાં સંત પાઉલ પણ ભાર મૂકે છે. પરમેશ્વરે પ્રભુ ઈસુને મૃત્યુમાંથી સજીવન કરી તેમને સ્વર્ગધામમાં પોતાના જમણે હાથે બેસાડ્યા એમ સંત પાઉલ આપણને જણાવે છે. શુભસંદેશમાં વાંચીએ છીએ કે, સ્વર્ગમાં લઈ લેવાયા એ પહેલાં પ્રભુ ઈસુ પોતાના શિષ્યોને આખી દુનિયામાં શુભસંદેશ સંભળાવવા અને સ્નાનસંસ્કાર આપવા આદેશ આપે છે.

ઈસુનું સ્વર્ગારોહણ એમના દુન્યવી જીવનનો અંત પણ છે, અને એક નવા યુગનો પ્રારંભ પણ છે. એ આવનાર ઘણી બધી ઘટનાઓ માટે માર્ગ તૈયાર કરે છે. પવિત્ર આત્માનું આગમન, પ્રેષિતોની શુભસંદેશની ઘોષણા, ધર્મસભાની સ્થાપના જેવી અગત્યની ઘટનાઓ માટે પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ એક ઉદ્‌ભવબિંદુ ગણાય છે. ઈસુનું સ્વર્ગારોહણ અચાનક થયેલી એક ઘટના નહોતી. એ પરમપિતાની યોજના અનુસાર ને પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને આપેલાં વચનો અનુસાર થયેલી ઘટના હતી.

પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ કેમ આપણા માટે અગત્યની ઘટના બને છે? એના સ્વીકારથી આપણી શ્રદ્ધા વ્યક્ત થાય છે. શ્રદ્ધાઘોષણામાં એનો આપણે એકરાર કરીએ છીએ. કેમ કે એને દુન્યવી દૃષ્ટિથી નહીં, પરંતુ શ્રદ્ધાની દૃષ્ટિથી જ સમજી શકાય. પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ આપણા માટે એક ખુશીની વાત પણ છે. એના દ્વારા પ્રભુ ઈસુ પિતા પરમેશ્વરના જમણા આસને બિરાજ્યા છે. હવે કાયમ પિતા પરમેશ્વરની હાજરીમાં વાસ કરે છે. આપણા માટે પિતા પરમેશ્વર પાસે કાયમ ભલામણ કરશે, આપણે અને પિતા પરમેશ્વર વચ્ચે મધ્યસ્થ તરીકે બિરાજ્યા છે. એમના મહિમામાં આપણને ભાગીદાર બનાવવાની તૈયારી કરી રહ્યા છે. સ્વર્ગારોહણ દ્વારા પ્રભુ ઈસુ આપણાથી દૂર ગયા નથી, પણ આપણી સાથે અને આપણી વચ્ચે વાસ કરે છે. આ પર્વ નિમિત્તે આપણી નજર સ્વર્ગ તરફ રાખીએ, આપણું મન ઊંચે રાખીએ, પ્રભુ ઈસુની જેમ આપણને પણ એક દિવસ સ્વર્ગમાં લઈ લેવામાં આવશે, પ્રભુ ઈસુના મહિમામાં આપણે પણ ભાગીદાર બનીશું, અને ઈશ્વરને આપણે પણ નજરોનજર નિહાળીશું, આપણે પણ ઈશ્વર સાથે વાસ કરીશું એવો દૃઢ વિશ્વાસ રાખીએ. અને એ વિશ્વાસને શોભે એવું જીવન જીવીએ!

— બ્રધર પાઉલ રાજ

## પવિત્ર આત્માનું પર્વ (૦૮-૦૬-૨૦૧૪)

## (પ્રે.ચ. ૨:૧-૧૧; સ્તોત્ર ૧૦૪; ૧ કરિંથ ૧૨:૩-૭, યોહાન ૨૦-૧૯:૨૩)

### તમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાઓ

આજે ધર્મસભા પચાસમાનું પર્વ ઉજવે છે. સૌથી મોટું પર્વ તે પુનરુત્થાનનું પર્વ છે. અને એ પછીનું મોટું પર્વ તે આજનું પચાસમાનું

પર્વ કે પવિત્ર આત્માનું પર્વ છે. આ બન્ને પર્વો ધર્મસભાનાં સૌથી જૂનામાં જૂનાં પર્વો છે, અને બન્ને પર્વો એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. આ પર્વની ઉજવણી સાથે આપણે પાસ્ખાઋતુની પૂર્ણાહુતિ કરીએ છીએ.

આજનાં ત્રણે વાંચનો આપણને પવિત્ર આત્મા વિશે સમજાવે છે. ઈસુના વચન પ્રમાણે, પવિત્ર આત્મા હંમેશાં આપણી સાથે રહેવા માટે પિતા પાસેથી ઉતરી આવે છે ને ધર્મસભાનો પ્રારંભ થાય છે. પહેલા વાંચનમાં, પવિત્ર આત્મા શિષ્યોને નવા માણસો બનાવે છે. જે પ્રેષિતો બીક અને નિરાશાના લીધે ઘરમાં સંતાઈ રહ્યા હતા, તેમને પવિત્ર આત્મા હિંમત અને આશા પૂરી પાડે છે. પવિત્ર આત્માની પ્રાપ્તિ થતાં પ્રેષિતો આધ્યાત્મિક રીતે દૃઢ ને વિરાટ બની ઈસુના માર્ગે જુસ્સાથી ને નવા જોરથી આગળ જાય છે. જ્યાં સુધી પવિત્ર આત્મા પ્રેષિતો પર ઉતરી ન આવ્યા ત્યાં સુધી તેઓ યહૂદીઓથી ડરતા રહ્યા. શુભસંદેશની ઘોષણા કરવાની તેમનામાં હિંમત ચાલતી ન હતી. જ્યારે તેમનામાં પવિત્ર આત્માનો સંચાર થયો ત્યારે તેઓ નીડર બન્યા, અને હિંમતપૂર્વક ઈસુના સાક્ષી તરીકે શુભસંદેશની ઘોષણા કરવા લાગ્યા.

બીજા વાંચનમાં પાઉલ એકતા પર ભાર મૂકીને કહે છે કે, પવિત્ર આત્માના વરદાનથી જ ઈસુ પ્રભુ છે એમ આપણે સમજી શકીએ છીએ અને એની ઘોષણા કરી શકીએ. પ્રજાની સેવા ખાતર દરેકને જુદી જુદી ભેટો કે શક્તિ આપનાર એ પવિત્ર આત્મા છે. સેવાઓ નાનાવિધ છે, પણ સર્વ સેવા એક જ પ્રભુની થાય છે. ઈસુ કહે છે કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે (માથ્થી ૨૫-૪૦). ફક્ત પવિત્ર આત્મા જ આપણને એકબીજા માટે જીવન જીવવા પણ પ્રેરણા આપી શકે છે. સંત પાઉલ કહે છે કે, જ્યારે આપણે આપણાં અંતરમાં વાસ કરનાર પવિત્ર આત્માને ઓળખીએ ત્યારે એમનાં બાર ફળો જેમકે પ્રેમ, આનંદ, શાંતિ, ધીરજ, સૌજન્ય, ભલાઈ, શ્રદ્ધા, સૌમ્યતા, સહનશીલતા, આત્મસંયમ, મર્યાદા અને વિશુદ્ધતા (ગલાતિ ૫:૨૨-૨૩)નો આપણે અનુભવ કરી શકીએ. પયગંબર યશાયાના શબ્દોમાં કહીએ તો પ્રભુનું જ્ઞાન, સમજદારી, વિવેકબુદ્ધિ, વીરતા, શાણપણ, ભક્તિ અને પ્રભુને માથે રાખીને ચાલવાની શક્તિ આપણને પવિત્ર આત્મા વડે પ્રાપ્ત થઈ છે (યશાયા ૧૧:૨-૩).

શુભસંદેશમાં ઈસુ પોતાના શિષ્યોને પવિત્ર આત્માનું વરદાન આપી, પોતાનું કાર્ય એટલે કે શાંતિનું કાર્ય એમને સોંપે છે. દુનિયાને મળેલી આ સૌથી મોટી ભેટ છે. આપણે આપણાં અંતરમાં જ વસતા શાંતિ સ્વરૂપ પવિત્ર આત્માને ઓળખીએ તો બહાર શાંતિની શોધ કરવાની જરૂર ના પડે, અને સાચી શાંતિનો અનુભવ થતાં, વિશ્વમાં પણ એની સ્થાપના કરવા કાર્ય કરીશું. જે શાંતિ આપણને મળી છે તે બીજાને પણ આપવાની જરૂર છે. જ્યારે પવિત્ર આત્મા આપણામાં વાસ કરે છે, ત્યારે તે આપણને હિંમત આપીને ખ્રિસ્તમય જીવન જીવવા મદદ કરે છે અને પ્રેષિતોની જેમ આપણને પણ શુભસંદેશની ઘોષણા કરવા શક્તિ આપે છે.

— બ્રધર માયકલ રાજ


**લક્ઝુરિયસ બંગ્લોઝ વેચવાનો છે**

બે માળનું, ત્રણ બેડરૂમ, હોલ, કિચન,
ફિક્સ ફર્નિચર સાથે.

**સંપર્ક નં.: ૭૭૭૯૦ ૦૯૦૪૬**

**મકાન વેચવાનું છે**

**2 BHK ડુપ્લેક્ષ રો હાઉસ**

ગ્રાઉન્ડ ફલોર- એક હોલ, કિચન, પાછળ ગેલેરી, એટેચ્ડ બાથરૂમ.
ફર્સ્ટ ફલોર- બે બેડરૂમ, ગેલેરી, એટેચ્ડ બાથરૂમ.

**સાંઈભૂમિ, ઈશિતા પાર્કની બાજુમાં, ચાવડાપુરા**
**સંપર્ક નંબરઃ ૯૦૩૩૦ ૧૦૪૨૬, ૯૬૩૮૭ ૫૪૭૫૪**

**મકાન વેચવાનું છે**

સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા, આણંદ

**સંપર્ક નં.:**
**૭૭૭૯૦ ૫૮૪૯૮, ૭૭૭૯૦ ૮૪૪૭૩**

**મકાન વેચવાનું છે**

નડીઆદ મિશન એરિયામાં એલીમ ચર્ચની પાસે સંપૂર્ણ સુવિધાવાળું બે બેડરૂમ, હોલ, કીચન, સ્ટોરરૂમ, ગેલેરી, ગાડી પાર્કિંગ સાથેનું તદ્દન નવું જ મકાન વેચવાનું છે.

ટોટલ પ્લોટ એરિયા ૧૭૦૦, ચો.ફૂટ બાંધકામ ૧૨૦૦ ચો.ફૂટ
**સંપર્ક નંબરઃ ૯૪૨૬૩ ૯૮૭૨૧, ૯૪૨૮૫ ૧૯૮૨૩**

**મકાન વેચવાનું છે**

નડીઆદ ક્રિશ્ચિયન વિસ્તારમાં તૈયાર
ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે.

**ગ્રીનલેન્ડ સોસાયટીની પાછળ, જોસફનગરની બાજુમાં**
**સંપર્ક નંબરઃ ૯૪૨૯૯ ૭૦૯૬૫**




All Kinds of Interior,
Exterior, painting
House Painting
Furniture
Texture
POP
Aluminium
Kitchen Baskets

**Anil Mecwan: 98980 90043, 97226 46848**
90, Shantinagar, B/h, Chanakyapuri, New Sama Road, Vadodara

# SNEHADHARA CAREER DEVELOPMENT CENTRE

## VALLABH VIDYANAGAR

### ENGLISH... THE MOST IMPORTANT & REQUIRED LANGUAGE IN TODAY'S WORLD

**સ્નેહધારા કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર, નાના બજાર, વિદ્યાનગર - ગેરંટીપૂર્વક** અંગ્રેજી બોલતાં શીખવાની એક સુવર્ણ તક પૂરી પાડે છે.

A B C D...થી અંગ્રેજી લખતાં, વાંચતા, બોલતાં થાવ... વિદ્યાર્થીને સંપૂર્ણ આવડે નહીં ત્યાં સુધી ભણાવવાની સગવડ.


માત્ર ઈંગ્લીશ અને કમ્પ્યુટર કોર્ષ જ નહીં, આનાથી પણ વધુ...

તમારા સહયોગ સાથે અમારા સહયોગથી આ દિશાઓ ગેરંટીથી પાર કરી શકાય છે.

| તમારો સહયોગ | સંસ્થાનો સહયોગ | પરિણામ |
|---|---|---|
| * નિયમિતતા<br>* સંસ્થાની દરેક પ્રવૃત્તિમા સંપૂર્ણ ધ્યાન<br>* રસપૂર્વક કામગીરી<br>* સખત મહેનત<br>* ફક્ત અંગ્રેજીમાં વાતચીત<br>* દરરોજનું વ્યવસ્થિત હોમવર્ક તથા જાત મહેનત | * અંગ્રેજી ગ્રામર (સરળતાપૂર્વક સમજવા માટે તૈયાર કરેલ સ્ટડી મટિરિયલ)<br>* આત્મવિશ્વાસ<br>* જૂથ ચર્ચા અહેવાલ લેખન<br>* અંગ્રેજીમાં જાહેર વક્તવ્યની તાલીમ<br>* ઓન ધ સ્પોટ કોઈપણ વિષય પર બોલવાની તાલીમ<br>* અંગ્રેજી સ્કીટ<br>* પર્સનાલિટી ડેવલપમેન્ટ<br>* જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવાની તાલીમ શિબિર, સેમિનાર.<br>* જનરલ નોલેજની લેટેસ્ટ માહિતી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા તથા નોકરીના ઈન્ટરવ્યૂ માટેની તાલીમ | * સમજદારી અને સરળતાથી અંગ્રેજીમાં વાતચીત કરવાની કળા<br>* આત્મવિશ્વાસ<br>* પર્સનાલિટી ડેવલપમેન્ટ<br>* પરિપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ<br>* જવાબદાર અને પરિપક્વ વ્યક્તિત્વ<br>* ઉચ્ચતર પરીક્ષાઓ અને ઈન્ટરવ્યૂ સફળતાપૂર્વક પાસ કરવાની આત્મિક ક્ષમતા<br>* સમજદારીપૂર્વક જીવનના પ્રશ્નો હલ કરવાની ક્ષમતા |

**ઉત્તમ અંગ્રેજી, શ્રેષ્ઠતા અને સરળતાપૂર્વક સમજો, શીખો અને બોલો**

**.....................। આધુનિક અને સર્જનાત્મક માધ્યમ દ્વારા ।.....................**




➪ **ડિપ્લોમા ઈન ઓફિસ મેનેજમેન્ટ + જી.કે. (G.K.) + પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્ષ ( ૧ વર્ષનો કોર્ષ) (કોર્ષ ફી રૂા. ૯,૦૦૦/-)**

➪ **અંગ્રેજી અને કમ્પ્યુટર + જી.કે. (G.K.) + પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્ષ (૧ વર્ષનો કોર્ષ) (કોર્ષ ફી રૂા. ૬,૦૦૦/-)**

**પ્રવેશ લાયકાતઃ** (૧) ધોરણ ૧૨ કે તેથી વધારે અભ્યાસ (અંગ્રેજી સાથે કે અંગ્રેજી સિવાય પણ) પાસ-નાપાસ વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે. (૨) ઉંમર ૨૫ વર્ષથી વધુ નહીં. (૩) સતત ખંત અને મહેનત કરવાની વૃત્તિ. (૪) શિસ્તમય વાતાવરણમાં તાલીમ લેવાની તૈયારી ધરાવતા ગુજરાતના લઘુમતી સમાજના અપરિણીત ભાઈઓ-બહેનો.

**પ્રવેશફોર્મઃ તારીખ ૧૮ અને ૧૯ જૂન, ૨૦૧૪** ના રોજ **સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી રૂપિયા ૧૦૦/- ભરી** કેન્દ્રના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી વિદ્યાર્થીએ જાતે ભરવાનું રહેશે.

**નોંધઃ** ફોર્મ ભરવા માટે આવો ત્યારે એક **તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો,** અવશ્ય લાવવો, તથા **લીવિંગ સર્ટિફિકેટ્** અને **ધો.૧૨ તથા છેલ્લી પરીક્ષાની માર્કશીટ, ઑરિજિનલ તથા પ્રમાણિત કરેલ ઝેરોક્ષ કોપી** સાથે લાવવી.

**વધુ માહિતી માટે નીચે દર્શાવેલ સરનામે સંપર્ક કરો.: 'સ્નેહધારા'** શાસ્ત્રી રોડ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦

**ફોન નંબરઃ (૦૨૬૯૨) ૨૩૧૪૨૨**

**સમયની રફતાર સાથે આપણે ઈંગ્લિશ અને કમ્પ્યુટર સાથે આગળ વધવું જરૂરી છે. આજે નહીં તો આવતી કાલે પણ...**

"મારામાં બળ પ્રેરનાર ખ્રિસ્તને પ્રતાપે... હું સર્વે કાંઈ કરી શકું છું."

શું તમે હાલમાં ધો. ૧૦ અથવા ૧૨ની પરીક્ષા પાસ કરેલ છે ?
શું તમે તમારી કારકીર્દી પસંદ કરવાની મુંજવણમાં છો ?
શું તમે મનગમતા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માંગો છો ?
શું તમે નોકરીની સાથે ઘરબેઠા વધુ અભ્યાસ કરવા માંગો છો ?

# MAC Education & Man Power Solution

## ઉપલબ્ધ કોર્સીસ

### NURSING



| | | |
|---|---|---|
| GNM | ૩.૫ વર્ષ | ૧૨ પાસ |
| B.Sc | ૪ વર્ષ | ૧૨ પાસ(Sceince, B-Group) |
| Post B.Sc | ૨ વર્ષ | GNM પાસ |
| M.Sc | ૨ વર્ષ | BSc/Pc Bsc પાસ |

| PARA MEDICAL | MEDICAL | PHYSIOTHERAPY |
|---|---|---|
| DMLT, BMLT, DXRT, BMIT, BSc. OT | MBBS, BDS, BAMS, BHMS | BPT, MPT |
| **PHARMACY** | **ENGINEERING** | **MANAGEMENT** |
| D. Pharm, B. Pharm M. Pharm, Pharma. D | BE, D2D, Diploma | MBA, BBA, MSW, BSW, BCA |

Recognized by Indian Nursing Council, Gujarat Nursing Council, Karnataka State Nursing Council & Govt. of Karnataka Affiliated to KSDNED, RGUHS, Bangalore & APNC, MCI & UGC Approved

## વિશેષતાઓ

★ ઉત્તમ કક્ષાની કોલેજમાં એડમીશન
★ કોન્વેન્ટ સ્કૂલ / કોલેજ જેવું શિક્ષણ
★ સ્વતંત્ર હોસ્ટેલ અને ગુજરાતી ભોજનની વ્યવસ્થા
★ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ
★ ધાર્મિક વાતાવરણ
★ ઈકોનોમીકલ કોલેજ ફી
★ એજ્યુકેશન લોનની સુવિધા
★ ૧૦૦% નોકરીની ગેરંટી
★ ST/SC વિદ્યાર્થીઓ માટે ફ્રી એજ્યુકેશન*

## અન્ય સર્વિસીસ

- Free Carrier Guidance
- Coaching for Nursing
- Distance Education
- NCLEX & CGFNS

**યોગ્ય અને સંતોષકારક કારકીર્દી માર્ગદર્શન માટે એકવાર અવશ્ય મુલાકાત લો.**

F-10, સ્વરૂપ કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાસે, ભાલેજ રોડ, આણંદ.
Mo. +91 99257 88863, +91 88660 60013 • Email : maceducation@gmail.com

**બ્રાન્ચ :** પેટલાદ - ૯૯૨૫૦ ૧૩૮૨૫, પણસોરા(ઉમરેઠ) ૭૬૨૧૦ ૭૨૧૦૧

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શાન્તાબેન પરસોત્તમભાઈ પરમાર**
જન્મઃ ૧૬-૦૯-૧૯૪૯
અવસાનઃ ૦૬-૦૫-૨૦૧૩



**સ્વ. દિવાળીબેન(મોનિકા) પી. પરમાર**
જન્મઃ ૨૨-૦૭-૧૯૨૩
અવસાનઃ ૧૦-૦૪-૨૦૧૩



**સ્વ. જોસ્ફીનાબહેન શાંતિલાલ પરમાર**
જન્મઃ ૧૨-૦૪-૧૯૪૨
અવસાનઃ ૧૮-૦૫-૨૦૧૩

''સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી.
વિદાય આપની અણધારી હશે, એ ક્યાં ખબર હતી.''

આપની અણધારી અને એકસાથે વિદાયને એક વર્ષ વિતી ગયું. મન માનતું નથી કે તમે નથી. આપની ગેરહાજરીનો અહેસાસ સતત થયા જ કરે છે. આપના જીવનભર સખત પરિશ્રમે જ પરિવારને સુખી-સમૃદ્ધ બનાવ્યો છે. આપના પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય મહેંકતી રહેશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એ જ અમારી પ્રાર્થના.

**લિ.**

**શાંતિલાલ પી. પરમાર**
**પરસોત્તમભાઈ પી. પરમાર**
**રસિકભાઈ પી. પરમાર**
**સવિતાબેન આર. પરમાર**
**મરિયમબેન શાંતિલાલ પરમાર (આમોદ)**
**વંદનાબેન થોમાસભાઈ દાવલા (આણંદ)**
**તથા સમગ્ર દુઃખી પરિવાર**
સર્વોદય સોસાયટી, નડીઆદ

# ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

વસ્યાં સ્મૃતિ થૈને, જીવન પથ, નિત તેજ ભરતાં, ઉલેચી અંધારાં, અમ જીવનમાં હેત ભરજો.



**સ્વ. મેથીઅસ રાફાએલ જોબ**

**આલોક આગમનઃ ૨૪-૦૧-૧૯૪૩**

**સ્વર્ગે પ્રયાણઃ ૧૧-૦૫-૨૦૧૦**

સમયનાં વ્હેણ વહેતાં જાય છે...

ને છતાં તમારી યાદ સ્મૃતિપટ પર હંમેશાં
છવાયેલી રહે છે.

હૃદય સ્વીકારવા તૈયાર નથી કે તમે

અમારી મધ્યે નથી...

છતાં, દરેક પળે તમારી હાજરીનો અનુભવ
થાય છે.

પ્રકૃતિનો આનંદ લેતાં તમે શીખવ્યું.

સમય સાથે ચાલવાનું તમે શીખવ્યું.

પૃથ્વીના કણકણમાં વ્યાપ્ત ઈશ્વરની
પ્રસ્તુતતાનાં દર્શન પણ તમે જ કરાવ્યાં.

અમારું કેવું અહોભાગ્ય, કે અમે તમારા

જીવનનો એક ભાગ બન્યા...!!

દૈહિક રીતે અપ્રસ્તુત અને છતાં પણ

કેવા અમ હૈયે ધબકી રહો છો.!!

અમે સૌ પરમપિતાનો આભાર માનીએ
છીએ અને પ્રાર્થીએ છીએ કે,


પ્રભુના સાંનિધ્યમાં પુનરુત્થાનની
પ્રભાતે આપણે સહુ ફરી મળીશું...

હે કૃપા સાગર પિતાજી,
નાથ; જડચેતન તણાં... હે કૃપા
તેં નથી રાખી મારા જીવનમાં મણા... હે કૃપા
સાંભળુ, સ્પર્શું તને હું પ્રાણ ચેતન તણાં
આગળા ને આ હુલાળા ખોલ, મમ દષ્ટિતણાં હે કૃપા
કોક ગભરૂ બાળને તું પાંખમાં પંપાળતો,
ક્રૂર સાગરના ભરવને ક્ષાર દઈને ઠારતો
હે કૃપા સાગર પિતાજી,
નાથ, જડચેતન તણાં

(રચયિતાઃ સ્વ. મેથિઅસ જોબ)

**લિ.**
**ઈલિઝાબેથ મેથિઅસ જોબ**
**આપનાં વ્હાલાં સંતાનો, ભાઈ-બહેનો**
**અને પરિવાર**


ઈલિઝાબેથ મેથિયસ જોબ
૯૮/૭૮૯, નિર્મલ એપાર્ટમેન્ટ,
B.R.T.S. સામે, જયમંગલ સોસાયટી સામે,
નારણપુરા, રીંગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૬૩
ફોનઃ ૦૭૯-૨૭૪૫૫૭૦૦



# દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ

પૂજ્ય બાપુજી,

આપનો સથવારો ગુમાવ્યાને બે વર્ષના વહાણાં વહી ગયાં. છતાં આપની યાદ, અમ સર્વના હૈયામાં હજી એવીને એવી જ અકબંધ છે.

પ્રભુ આપના આત્માને શાંતિ બક્ષે એ જ પ્રાર્થના.

**સ્વ.દાઉદભાઈ એ. મેકવાન**

જન્મ: ૦૮-૦૫-૧૯૨૬

અવસાન: ૨૯-૦૫-૨૦૧૨

**આપનો**
**દુઃખી પરિવાર**
રવિકુંજ સોસાયટી, આણંદ

## સ્મરણાંજલિ



**સ્વ. એલિસાબેથ વિલ્યમ મેકવાન**

જન્મ: ૦૬-૧૧-૧૯૨૬

અવસાન: ૧૨-૦૧-૨૦૧૪

**પ્રભુમાં સદાય આનંદિત રહો.** (ફિલીપી ૪:૪)

વ્હાલી મમ્મીને કોટિ કોટિ વંદન,

"પ્રભુમાં શ્રદ્ધા રાખનારનું કદી મૃત્યુ થતું નથી."

હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે. વ્હાલી મા, પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

૩૨/એ, આશુતોષ એપાર્ટમેન્ટ,
નારણપુરા, અમદાવાદ - ૧૩
ફોન: ૦૭૯-૨૭૪૫૨૮૯૩

**આપની યાદમાં,**
**વિલ્યમ કાર્લ મેકવાન**
**તથા સમસ્ત પરિવાર**

અમારા નાજુક સમયમાં સહભાગી બનવા માટે લોયોલા પેરિશના સર્વ ફાધરો-સિસ્ટરો તથા પૂજ્ય બિશપ થોમાસ મેકવાન તથા સર્વ શ્રદ્ધાળુ ભાઈ-બહેનોનો તેમજ મણીનગર પેરિશ પ્રિસ્ટ તથા ધર્મજનોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. **લિ. વિલ્યમ કાર્લ મેકવાન તથા સમસ્ત પરિવાર**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. આનાબેન મગનભાઈ પરમાર**

જન્મ: ૨૪-૦૨-૧૯૪૩

અવસાન: ૧૯-૦૫-૨૦૦૫

વીતી ચૂક્યો એક દશક,
તોયે હૈયે રહી એક કસક.
તુજ જાણ કેવું ખાલી ઘર!
બસ રહી યાદો વચાળે ઝલક.

તસ્વીરમાં તારો હસતો ચહેરો,
અમ સૌની આંખોમાં રમતો.
વાર-તહેવાર અવસર ટાણે,
ઘરને ખૂણે ખૂણે ઘૂમતો.

લીલુડી તારી વાડીના રોપા,
તુજ સિંચ્યા સંસ્કારે પાંગરતા.
બસ સ્પર્શ તારો મીઠડો,
પામવાને હરઘડી તરસતા.

હૈયે તોયે વ્યાપ્ત અહેસાસ
તું હશે ચોક્કસ યહોવાહ પાસ.
મળશું પુનઃ એ નૂતન પ્રભાત
હૃદયમાં અમે રાખ્યો છે વિશ્વાસ

**પ્રભુ પ્રાર્થના કરતા**
**મગનભાઈ પરમાર તથા પરિવાર**
**નિર્મળાબેન - અરવિંદભાઈ**
**નિલેશ - પ્રકૃતિ**
**રીટાબેન - અશ્વિનભાઈ**
**સંજય - શ્વેતા**
**સેજલબેન - સુનિલભાઈ**
**વિમલ, અભિષેક, જોયલ, સૃષ્ટિ, સૌમ્ય, શ્રેય, સ્ટેસી**
૮૨, નવદીપનગર, નડીઆદ

# "દુનિયામાં જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચિત છે."



## સ્વ. પીટર જે. પરમાર

### જન્મ: ૦૮-૦૧-૧૯૪૨

### અવસાન: ૧૬-૦૧-૨૦૧૪


કુદરતે તેનું ધાર્યું જ કર્યું. અમારાં ઘરની ભરપૂર વસંતનું લીલુંછમ પાન ઓચિંતું જ ખરી ગયું. અમે કશું જ ના કરી શક્યાં. પ્રભુ અમારી શું ભૂલ કે આટલી આકરી સજા અમને આપી! અમારા કુટુંબના વટવૃક્ષ સમાન પરમ આદરણીય અમારા મોટાભાઈ, તમે તમારા જીવનની યાદોને મહેંકમાં પલટાવીને યાત્રી બનીને ચાલ્યા, અનંત યાત્રાએ અમને નોંધારાં મૂકીને મા-બાપુની પાસે. તમારાં સત્કર્મો અને ધાર્મિક જીવન, પવિત્રતા અને નિષ્ઠાથી શોભાવ્યાં. સાદગી સાથે સમૃદ્ધિ જીવનમાં ફૂલ બનીને મહેંકાવ્યાં. દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં, એવું તમારું સાર્થક અને ઉમદા જીવન અમારા જીવનનો ધ્યેય બની રહો. અમારા મોટાભાઈ દાન અને સ્નેહનો સાગર. અમારા સાચાર પથદર્શક. સાચી સમજ-સૂઝના જલતા દીપ સમાન. અમારા સાચા મિત્ર અને પિતાતુલ્ય અમારા મોટાભાઈને એમના લગ્નની ૫૦ વર્ષની સોનેરી યાદ નિમિત્તે અમારાં કોટિ કોટિ વંદન અને કોટિ કોટિ પ્રણામ. સાચા દિલથી અર્પેલી અમારી અંજલિ સ્વીકારજો.

પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ બક્ષે અને પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું એવી આશા સેવતી તમારી દુઃખી બહેનો

**લિ. સુશીલા જે. પરમાર**
**જુલિયાબહેન, વિમળાબહેન,**
**ઈન્દરાબહેન, માર્ગેટબહેન**

વટવા, અમદાવાદ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. મણીબેન લાલાભાઈ મેકવાન**

જન્મ: ૧૪-૧૧-૧૯૨૭ ★ અવસાન: ૨૯-૪-૨૦૧૩

વ્હાલી મા, આપની વિદાયને એક વર્ષ વિતી ગયું
હજી અમો તમને યાદ કરી આંસુ સારીએ છીએ.

**લિ. પુષ્પાબેન જોસેફભાઈ પરમાર તથા સમગ્ર પરિવાર**
લાલપુંજાની ચાલી, આણંદ

## બીજી પુણ્યતિથિ



**સ્વ. શાંતાબેન (માર્ટિના) દોમિનિક આમોદિયા**

જન્મ: ૩૦-૧-૧૯૨૯ ★ અવસાન: ૨૧-૫-૨૦૧૨

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું, જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે."

**લિ. દોમિનિક વિલ્યમ આમોદિયા તથા પરિવાર**
વેજલપુર - અમદાવાદ

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. બાબુભાઈ દાઉદભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૬-૧૯૫૯
અવસાન: ૧૩-૦૫-૨૦૧૩

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. કપિલાબેન, હેમંત, પારૂલ, મયુરી**

## શ્રદ્ધાંજલિ



**સદગત્ મનુભાઈ પી. ખ્રિસ્તી**

જન્મ: ૧૨-૯-૧૯૫૩ ★ અવસાન: ૨૯-૫-૨૦૦૪


"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું સ્વર્ગમાં રાહ જોઉં છું, પ્રભુકૃપા ક્યારે વરસે છે."

**લિ. માનસી, માન્યતા, રિયોન**
**તથા સહ પરિવાર**

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. સીસ્ટર અનિતા એલ.ડી.નાં સ્મરણાર્થે | આણંદ | ૫૦૦ |
| ભૂપેન્દ્રકુમાર ડોડિયા | ખેડા | ૨૫૦ |
| સ્વ. સુમિત્રાબેન પી. પરમાર | આણંદ | ૨૦૦ |
| મનુભાઈ એમ. મેકવાન | વડોદરા | ૨૦૦ |
| પારૂલ બેન્જામીન મેકવાન | આણંદ | ૧૫૦ |
| સ્વ. શાંતાબેન નરોત્તમભાઈ પરમાર | ગંગાપુર | ૧૦૧ |
| સ્વ. બોનીબેન જોસેફભાઈ પરમાર | પેટલાદ | ૧૦૧ |
| સ્વ. ભાનુબેન પ્રફુલ્લભાઈ | ગામડી-આણંદ | ૧૦૧ |
| સ્વ. સુનીલભાઈ બાબુભાઈ મેકવાન | નડિયાદ | ૧૦૦ |
| સ્વ. પાઉલભાઈ એસ. મેકવાન | લીંગડા | ૧૦૦ |
| નીરૂબેન વિક્ટરભાઈ | ગામડી-આણંદ | ૧૦૦ |
| મરિયામબેન કાંતિલાલ મેકવાન | વડોદરા | ૧૦૦ |
| સ્વ. શારદાબેન કાંતિલાલ ક્રિશ્ચિયન | આણંદ | ૧૦૦ |

# સ્મરણાંજલિ



**સ્વ. પાઉલ સિક્વેરા**

અવસાનઃ ૧૦-૦૩-૨૦૧૪

વ્હાલાં ડેડી-મમ્મી,

આજે તમે અમારી મધ્યે નથી; પરંતુ તમારા આશીર્વાદ અમારી સાથે છે; તેનો અમને વિશ્વાસ છે. તમારો આભાર માનીએ છીએ; કારણ કે અમારાં જીવનો તમારાથી ઉજ્જવલ બન્યાં છે. અમારાં જીવનો તમારા સંસ્કારોથી શોભી રહ્યાં છે. તમારા અથાક પરિશ્રમથી આજે અમે સફળ છીએ. તમારું ઋણ અમે અદા કરી શકવાના નથી.

તમારો પ્રેમાળ સ્વભાવ, ધાર્મિક જીવન અમને હંમેશાં તમારી યાદ અપાવે છે. અમને વિશ્વાસ છે કે તમે પરમપિતાના પુનિત સાંનિધ્યમાં અનંત જીવનનું સુખ માણી રહ્યાં છો.

પુનરુત્થાનની પ્રભાતે પુનઃ મળીશું એ આશા સાથે,



**સ્વ. ફિલોમીના પી. સિક્વેરા**

અવસાનઃ ૦૬-૦૬-૧૯૯૨

**આપનાં બાળકો**

**અનિતા જેરોમ મેકવાન**
**ઓવિતા - જોયસ**

**મિલાગ્રીન બેંજામીન ડીસોઝા**
**અંજુ એલેક્ષ ફીગેડો**

**તથા સમસ્ત**
**સિક્વેરા પરિવાર**

## ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. અશ્વિન સિમોનભાઈ ભાટીયા**

જન્મઃ ૦૮-૧૧-૧૯૬૬

અવસાનઃ ૦૭-૦૫-૨૦૧૨



સમય જિંદગીનો ઓછો હશે, એવી ક્યાં ખબર હતી;
તમે વિદાય અણધારી લેશો, એવી ક્યાં ખબર હતી!
કોઈ કહેશે બધું જ પુણ્ય કમાઈને ગયા
કોઈ કહેશે એમનું જીવન ધન્ય બનાવીને ગયા,
કોઈ કહેશે એ તો પરિવારનો મોભ બનાવીને ગયા,
પરંતુ તમે તો અમોને છોડીને રડાવીને ગયા...
હશે...પરમાત્મા તમારા આત્માને શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના.

**લિ.**

**સિમોન ભાટીયા**
**તથા સમસ્ત દુઃખી**
**ભાટીયા પરિવાર**

**તમારી પત્ની દક્ષા ભાટીયા**
**તમારાં વ્હાલાં બાળકો**
**રીયા, શ્રેયા, અનંત**


એલ.કે. નગર, વડોદરા

## શ્રદ્ધાંજલિ

**સ્વ. નગીનભાઈ મૂળજીભાઈ પરમાર**

જન્મઃ ૩૦-૧૨-૧૯૫૬


અવસાનઃ ૦૩-૦૫-૨૦૦૨



અમને એજ સમજાતું નથી,
આવું શાને થાય છે?
આંગળીઓ રહી જાય ને,
અંગૂઠો ખરી જાય છે!
હજી તો તમારા જીવનની વસંત હતી,
પાનખરને તો હજી ઘણી વાર હતી,
ભલે પાનખરમાં પીળાં પર્ણો ખરી પડે,
પણ અહીં તો ભરી વસંતે કુમળી દેહકળી,
અરે! વસંતની ફૂંક માંહી ખરી પડી,
છતાં **ઈશ્વરેચ્છા બલિયસી,**
પુનરુત્થાનના દિને ફરી મળીશું,
એજ એક આશ્વાસન સહ,

**આપના જ,**
**કનુભાઈ પરમાર**
**તથા સહપરિવાર**
પેટલાદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મોતીભાઈ ડાહ્યાભાઈ વાઘેલા**
(બાંધણીવાળા)


જન્મ: ૨૬-૧૦-૧૯૩૦

અવસાન: ૧૫-૦૫-૨૦૧૩

**મો**ટા હતા પરિવારમાં,
**તી**ખા હતા પરિવારમાં,
**ભાઈ**ચારો રાખવામાં,
**ઈ**લમી હતા પરિવારમાં,
**ડા**હપણ વ્હેંચ્યું પરિવારમાં,
**હ્યા**દો મૂકી ગયા પરિવારમાં,
**ભા**ર સંસારનો વહેતો મૂકી,
**ઈ**શ્વરનું ધ્યાન ધરવા,
**વા**ટે સિધાવ્યા પરલોકની,
**ઘે**ર ઘેર સ્મરણો મૂકી,
**લા**ગણીઓ સંકેલી સિધાવ્યા પરલોકમાં,
પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે
એ જ અમ અંતરની પ્રાર્થના.
પુનરુત્થાનની સુપ્રભાતે ફરી મળવાની અપેક્ષા સહ

**આપનો સમસ્ત પરિવાર**

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કેશવભાઈ કે. મેકવાન**

જન્મ: ૧૮-૦૫-૧૯૨૫

અવસાન: ૧૩-૦૫-૨૦૧૨

વ્હાલા બાપુજી,
અશ્રુભીની આંખો અધીરી બની શોધે છે તમને,
સૂનું થયું ઘર, સૂનો થયો આપનો પરિવાર.
જ્યારે જ્યારે સ્મરણ થાય છે તમારું,
ત્યારે ત્યારે હૈયું રડે છે અમારું.
દુઃખમાં ડર્યા નહીં ને,
સુખમાં છલકાયા નહીં,
સત્ય, નમ્ર, સેવાના પાઠ શીખવ્યા તમે,
તમારા માર્ગે ચાલીશું સદા અમે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. વાલીબેન કે. મેકવાન તથા આપનો પ્રેમાળ પરિવાર**
**આર્ચી, પ્રાર્ચી, ઈવાન, બ્લેસી**
મલારપુરા, નડીઆદ

## तिसरी श्रद्धांजलि



**स्व. एलीस थोमस**

जन्म: १५-०६-१९५६

निधन: २४-०५-२०११

साथ बिताये पल लगता है। कितने है कम आपसे बिछडनेसे आज भी हमारी आँखे हे नम। बहुत चाहेंगे मगर आपको भूल ना शकेंगे। खयालोमें भी आपका अहसास मीटा ना शकेंगे। किसीको देखकर आंसु तो पौंच लेंगे हम, पर कभी आपके बीना मुस्कुरा ना शकेंगे हम। आप जहाँ भी है हमारे आसपास है, हमारे साथ है, हमारे दिल मे है पुनरुत्थान के समय फिर मिलेंगे।

**विमला व परिवार**
इन्दोर

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ
૦૧-૦૬-૧૯૬૨



અવસાન
૧૩-૦૫-૨૦૦૯

**સ્વ. માયકલ જોસેફ મેકવાન**

જગતમાં નથી પણ આપનું હૃદયમાં છે અસ્તિત્વ.
ઘરમાં નથી પણ રોમેરોમમાં આપનું છે અસ્તિત્વ.
આપ નથી આપની યાદોનું છે અસ્તિત્વ.
અહીં નથી પણ પ્રભુના ચરણોમાં આપનું છે અસ્તિત્વ.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના.

સી/૧૪૧, ભક્તિનગર,
મકરપુરા, વડોદરા

**એડવીન જોસેફ મેકવાન**
**તથા સમગ્ર મેકવાન પરિવાર**

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### પોપે કહ્યું : મુસાફરી દરમ્યાન પોકેટ બાઈબલ વાંચો

૧૬મી માર્ચના રોજ રોમના ઉત્તર-પૂર્વના પેરિશમાં પોતાના બોધમાં મહાશ્રી પોપ ફ્રાન્સિસે જણાવ્યું હતું કે, જેઓ કામ પર જવા માટે ટ્રેઈન કે બસ પકડે છે તે બધી જ વ્યક્તિઓએ પોતાની સાથે એક પોકેટ બાઈબલ રાખવું જોઈએ. જેવી તમને ભીડવાળી બસ કે ટ્રેઈનમાં જગ્યા મળે કે તમારે તમારું પોકેટ બાઈબલ વાંચવાની શરૂઆત કરવી જોઈએ. ક્રિશ્ચિયન વ્યક્તિનું પાયાનું કામ તો પ્રભુનો શબ્દ સાંભળવો તે છે. પ્રભુ ઈસુખ્રિસ્તને સાંભળવા તે આપણું મુખ્ય કાર્ય છે. કારણ કે પ્રભુ આપણી સાથે વાત કરે છે અને પ્રભુના શબ્દ દ્વારા આપણો ચમત્કારિક બચાવ થાય છે. જેનો જાતે પોતે અનુભવ કરવા જેવો છે. (CNS દ્વારા)

### વેટિકન ખાતે માનવ તસ્કરી વિરુદ્ધ કેથોલિક, ઍંગ્લિકન અને મુસ્લિમ નેતાઓએ સંયુક્ત રીતે 'ગ્લોબલ ફ્રિડમ નેટવર્ક' ઊભું કર્યું

કેથોલિક, ઍંગ્લિકન અને મુસ્લિમ નેતાઓએ સંયુક્ત રીતે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ નેટવર્ક ઘડી કાઢ્યું છે. તેઓ ઈચ્છે છે કે ૨૦૨૦ સુધીમાં દેશ અને દુનિયામાંથી માનવ તસ્કરીની ઘટનાઓ નેસ્તનાબૂદ થાય, અને તે માટે તેમણે ધાર્મિક સમુદાયોને કાર્યરત કરવાનું નક્કી કર્યું છે.

પોન્ટિફિકલ એકેડેમી ઓફ સાયન્સિસ અને પોન્ટિફિકલ એકેડેમી ઓફ સોશ્યલ સાયન્સિસના ચાન્સેલર બિશપ માર્સેલો સાઝે સોરોન્ડોએ જણાવ્યું હતું કે, આને આધુનિક ગુલામી ને માનવતા વિરુદ્ધનો ગુનો એટલું જ કહેવું તે સાચું નથી. પરંતુ આપણા આ બાબતના વિચારોનો પડઘો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કાયદામાં પણ પડઘાવો જોઈએ. 'ગ્લોબલ ફ્રીડમ નેટવર્ક' નામના એક નવા ઓર્ગેનાઈઝેશનની તારીખ ૧૭મી માર્ચ, ૨૦૧૪ના રોજ વેટિકન ખાતે રચના કરવામાં આવી હતી. બધા જ ધર્મની વ્યક્તિઓ ભેગી થઈને હ્યુમન ટ્રાફિકિંગ વિરુદ્ધ એક મજબૂત લડત આપશે, જેમાં બિશપ સાઝે પણ એક છે. આ બધાએ ભેગા થઈને એ દિવસે નવા એગ્રીમેન્ટ પર સહી કરી હતી. તેમની સાથે ઍંગ્લિકન બિશપ ડેવિડ મોક્ષોન કે, જેઓ આર્ચબિશપ ઓફ કેન્ટરબરીનું પ્રતિનિધિત્વ કરે છે, અને રોમ ખાતે આવેલ ઍંગ્લિકન સેન્ટરના ડિરેક્ટર છે, તેમણે પણ આ નવા એગ્રીમેન્ટ પર સહી કરી હતી. બિશપ મોક્ષોને જણાવ્યું હતું કે, જો તમે કેથોલિક, ઍંગ્લિકન કે અન્ય શ્રદ્ધા ધરાવતા મિશનના કામ પર નજર કરશો તો છેલ્લા ત્રણ-ચાર દાયકાઓથી તેઓ બધા જ હ્યુમન ટ્રાફિકિંગ સામે જોરદાર રીતે લડત આપી રહેલ છે. પરંતુ એમાં સૌથી મોટી અડચણ એ છે કે, બધા જ ગ્રૂપોનું એકમેક સાથે કોઈ જોડાણ કે સંકલન નથી, જે હવે શક્ય બનશે.

નવા એગ્રીમેન્ટ પર સહી કરનાર અન્ય એક સભ્ય ડો. મોહમંદ કે જેઓ કેરો ખાતે આવેલ ગ્રાન્ડ ઈમામ ઓફ અલ-અઝાર સમુદાયના પ્રતિનિધિ હતા, અને સુન્ની મુસ્લિમો દ્વારા ચલાવાતા ખૂબ જ અગત્યના સેન્ટરોના તેઓ વડા હતા. ઓસ્ટ્રેલિયાના બિઝનેસમેન એન્ડ્રુ ફોરેસ્ટે પણ આ નવા એગ્રીમેન્ટ પર સહી કરી હતી. તેઓ ઓસ્ટ્રેલિયામાં 'વોક ફ્રી ફાઉન્ડેશન' નામની સંસ્થા ચલાવે છે. માનવ તસ્કરીની વિરુદ્ધમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેઓ જબરજસ્ત આંદોલન ચલાવે છે. (EWTN News દ્વારા)

### પૃથ્વી સિવાય અન્યત્ર માનવજીવનની શોધ માટેની કોન્ફરન્સનું સંયુક્ત યજમાનપણું વેટિકનના વિજ્ઞાનીઓએ કર્યું

વેટિકન ઓબ્ઝર્વેટરી અને યુનિવર્સિટી ઓફ એરીઝોનોઝ સ્ટુવર્ડ ઓબ્ઝર્વેટરીના સંયુક્ત યજમાનપદ હેઠળ ૧૬ થી ૨૧મી માર્ચ, ૨૦૧૪ દરમ્યાન એરીઝોનાના ડકસન ખાતે ૨૦૦ વિજ્ઞાનીઓની એક કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેનો વિષય હતો 'The Search for life Beyond the Solar System : Exoplonets, Bio-signature and Instruments'.

કોન્ફરન્સના કો-ચેર ડેનિયલ અપાઈએ જણાવ્યું હતું કે, પૃથ્વી સિવાય અન્યત્ર જીવન છે. તે શોધવું આજના સમયની સૌથી મોટી ચેલેન્જ છે. મોર્ડન સાયન્સ અને બધા જ વિજ્ઞાનીઓ આ માટે ખૂબ જ ઉત્તેજીત છે અને ખૂબ કટ્ટીબધ્ધ છે. ડેનિયલ પોતે સ્ટુવર્ડ યુનિવર્સિટીના એસ્ટ્રોનોમી અને પ્લેનેટરી સાયન્સના આસિ. પ્રોફેસર છે. તેમની ચર્ચાનો મુખ્ય વિષય એ હતો કે, હવેના બે દાયકા દરમ્યાન તારાઓનું સંશોધન કરીને ત્યાં રહેલા જીવનને શોધી કાઢવું.

વેટિકન ઓબ્ઝર્વેટરીના રેવ. પાઉલ ગાબોર કે, જેઓ કોન્ફરન્સના કો-ચેર પણ હતા તેમણે જણાવ્યું હતું કે, વિજ્ઞાનીઓએ ૧૬૦ જેટલાં રીસર્ચ પેપર્સ રજૂ કર્યાં હતાં.

(કેથન્યુઝ દ્વારા)

## ધર્મભારતી

### યુ.જી.સી.એ ચાર ઈસુસંઘી કોલેજોને 'કોલેજ ઓફ એક્સલન્સ' એવોર્ડથી સન્માનિત કરી

આપણા સહુ માટે આનંદના સમાચાર છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ચાર ઈસુસંઘી કોલેજો : ૧) સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈ, ૨) લોયોલા કોલેજ ચેન્નાઈ, ૩) સેંટ જોસેફ કોલેજ, બેંગ્લોર અને ૪) સેંટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા, એમ ચાર કોલેજોને 'કોલેજ ઓફ એક્સલન્સ' એવોર્ડથી સન્માનિત કરી છે. આ એવોર્ડની સાથે સાથે પ્રત્યેક કોલેજને બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ પણ આપવામાં આવી છે, જે તેમણે પાંચ વર્ષના ગાળામાં ચોક્કસ હેતુસર ઉપયોગમાં લેવાની છે. એક દાયકા પહેલાં યુજીસીએ પોટેન્શ્યલ ફોર એક્સલન્સ એવોર્ડની શરૂઆત કરી હતી. સમગ્ર ભારત દેશની ૩૦,૦૦૦ કોલેજોમાંથી ફક્ત ૨૦૦ કોલેજોને પોટેન્શ્યલ ફોર એક્સલન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ દ્વારા જે રકમ મળે છે તેનાથી કોલેજના શૈક્ષણિક સ્તરની સુધારણા અને કોલેજના ઈન્ફ્રાસ્ટ્રકચરની નોંધપાત્ર સુધારણા કરવાની હોય છે.

૨૦૦૬ની સાલમાં સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈ આ પૉટેન્શીયલ ફોર એક્સલન્સ એવોર્ડ જીતી ચૂકી છે, અને તેમના આઠ વર્ષના ગાળા માટે ૨.૫ કરોડ રૂપિયાની રકમ પણ પ્રાપ્ત થઈ હતી. થોડા મહિનાઓ પહેલાં યુજીસીએ આ એવોર્ડના જેવો જ એક બીજો એવોર્ડ, 'ધ કોલેજ ઓફ એક્સલન્સ' એવોર્ડની જાહેરાત કરી હતી. સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈના પ્રિન્સિપાલ ફા. ફ્રેઝર મેસ્ક્રાહન્સે કહ્યું કે, યુજીસી એક્સપર્ટ કમિટિએ 'પોટેન્શ્યલ ફોર એક્સલન્સ' એવોર્ડ, સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈને મળ્યો પછી તેની થઈ રહેલી સતત પ્રગતિને ધ્યાનમાં લઈને ફરી એકવાર 'કોલેજ ઓફ એક્સલન્સ' એવોર્ડ આપીને સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈને અભૂતપૂર્વ રીતે સન્માનિત કરવામાં આવી છે. સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પબ્લિકેશનમાં નાવીન્યપૂર્ણ રીસર્ચ પેપરો રજૂ કર્યાં છે. સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈએ આંતરરાષ્ટ્રીય પેટન્ટ, આઠ મેજર અને અગિયાર માઈનોર રીસર્ચ પ્રોજેક્ટો અને ચાર કન્સલટન્સી પ્રોજેક્ટો ઈન્ડસ્ટ્રીની સાથે રહીને સફળતાપૂર્વક પૂરાં કર્યાં છે. (The Examiner દ્વારા)

## પટનામાં આર્ચબિશપ વિલ્યમ ડિસોઝાએ ન્યાયી સમાજની સંરચના માટે એક વર્કશોપ યોજી

૧૯મી માર્ચ, ૨૦૧૪ના રોજ બિહારના પટનાની ઓફિસ ફોર જસ્ટિસ્, પીસ એન્ડ ડેવલોપમેન્ટ - કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (OJPD-CBCI)એ ગોઠવેલ 'કેથોલિક સોશ્યલ ટીચિંગ'ની બે દિવસની વર્કશોપમાં બીજરૂપ વક્તવ્ય આપતાં, પટનાના આર્ચબિશપ વિલ્યમ ડિસોઝાએ કહ્યું હતું કે, ક્રિશ્ચિયનોએ તો હંમેશાં ન્યાય માટેની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. સંત મિકાહને ટાંકતા તેમણે મિકાહના શબ્દોમાં કહ્યું હતું કે, 'ન્યાયી બનો અને પ્રેમપૂર્વક ઉદાર બનો.'

OJPD-CBCIના સેક્રેટરી ફા. ચાર્લ્સ ઈરૂદયામે કહ્યું હતું કે, કેથોલિક સામાજિક શિક્ષણએ આજના સમયના જરૂરી એવા સામાજિક એક્ટિવિઝમની માંગ છે. માનવ ડિગ્નિટિનું સંરક્ષણ એ ચર્ચનાં સામાજિક એક્ટિવિઝમમાં સૌથી અગત્યનું છે. નબળા વર્ગનાં અધિકારોનું સંરક્ષણ એ ચર્ચ માટે પાયાની વાત છે. અન્ય રીસોર્સ પર્સનમાં બિહાર રીજીયોનલ ફોરમના ડાયરેક્ટર ફા. અમલરાજ, સોશ્યલ એક્ટિવિસ્ટ સિસ્ટર દોરોથી, પટના હાઈકોર્ટના સિનિયર એડવોકેટ સિસ્ટર સિન્થીયા અને કાયદાના પ્રોફેસર ફા. પીટર લાડીસ હતાં. સોશ્યલ એક્ટિવિઝમ અંગેનું ત્યાં વિતરણ કરવામાં આવેલ અંગ્રેજી સાહિત્યનું હિન્દીકરણ કરવાનું સૂચન આર્ચબિશપ વિલ્યમે કર્યું હતું કે, જેથી પેરિશના સ્તરે અને ગ્રાસરૂટ લેવલે ધર્મજનોને આ બાબતે વધારેમાં વધારે ખબર પડે, અને એ રીતે તેમને ઝડપથી પ્રશિક્ષિત કરી શકાય. આ વર્કશોપમાં ભાગ લેનાર ૪૫ સભ્યોએ તેમના પ્રદેશના સળગતા પ્રશ્નો વિષે વિશદ ચર્ચાઓ કરી હતી, અને સ્ત્રીઓ, બાળકો, શિડ્યુલ્ડ કાસ્ટ અને શિડ્યુલ્ડ ટ્રાઈબ અને લઘુમતીઓના અધિકારોનું પ્રેક્ટિકલ કેવી રીતે સંરક્ષણ કરવું તેની ઊંડી સમજ તેઓએ પ્રાપ્ત કરી હતી. વર્કશોપમાં ભાગ લેનાર ૪૫ વ્યક્તિઓને વર્કશોપ દરમ્યાન ઘણું શીખવા મળ્યું હતું. ન્યાયી સમાજની સંરચના માટેની આ પ્રકારની વર્કશોપમાં સક્રિય ભાગ લેનાર સભ્યોમાં ફાધરો, સિસ્ટરો અને શ્રદ્ધાળુઓ હતાં. તેઓ બધાંજ ઈચ્છતાં હતાં કે, કેથોલિક ઈફેક્ટિવ સોશ્યલ એક્ટિવિઝમ માટે આ પ્રકારની વર્કશોપો વધારેમાં વધારે થાય.

(CBCI News દ્વારા)

## સારા ભોજન દ્વારા સારું સ્વાસ્થ્ય

છત્તીસગઢમાં એક અનોખી હોસ્પિટલ છે, જ્યાં માંદગીની સારવાર સાથે તેને આવતી અટકાવવા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. સ્વસ્થ રહેવા માટે લોકોને સારું ભોજન મળે એને માટે જન સ્વાસ્થ્ય સહયોગ સંસ્થા દ્વારા જેકબ નેલ્લીયાનમ કૃષિ કાર્યક્રમ ચલાવે છે, જેઓ બાબા આમટેથી પ્રભાવિત થઈને ઠેઠ કેરલથી અહીં આવ્યા હતા, અને વર્ષોથી પરંપરાગત ખેતી તથા જૈવિક ખેતીના પ્રયોગોથી લગાતાર જોડાયેલા છે. મોટાભાગની માંદગીઓનો સંબંધ કુપોષણ સાથે છે, ત્યારે રસાયણ વિનાની જૈવિક ખેતી શરૂ કરવામાં આવી. આજે બિલાસપુર જીલ્લામાં ડાંગરની દોઢસોથી વધારે જાતો સંગ્રહાયેલી છે. આ ઉપરાંત જુવારની ત્રણ, મઠની છ, ઘઉંની છ અને તુવેરની છ દેશી જાતો છે. ચણા, અળસી, સૂર્યમુખી, વટાણા, ભીંડા વગેરેની દેશી જાતો પણ છે. રંગબેરંગી દેશી બીજો માત્ર સૌંદર્યપ્રચુર જ નહીં પણ સ્વાદમાં પણ બેજોડ છે, ઔષધિય ગુણોથી સંપન્ન છે અને સ્થાનિક માટી, પાણી અને હવાને અનુકૂળ છે. આ રીતે આપણે જે ખોરાક લઈએ છીએ તે પોતે જ ઔષધનું કાર્ય કરે છે. બધું મળીને એવું કહી શકાય કે, આ બધા પ્રયોગો અનોખા છે. છત્તીસગઢમાં આ એક મૌન ક્રાંતિની રીત છે, જે વખાણવા લાયક હોવા સાથે અનુકરણીય પણ છે.

(જન સ્વાસ્થ્ય સહયોગ દ્વારા)

# ધર્મગુર્જરી

## રાજકોટ કેથોલિક એસો. દ્વારા યોજાયેલ વાર્ષિક જન. મીટિંગ અને ઈલેક્શન

તા. ૨૩-૦૨-૨૦૧૪ના રોજ રાજકોટ કેથોલિક એસોસિએશનની પાંચમા વર્ષે જનરલ મીટિંગ પ્રેમમંદિર ખાતે રાજકોટના ધર્મપ્રાંતના પૂર્વબિશપ ગ્રેગરી અને ફા. જોષી તથા ફા. ફ્રાન્સિસના માર્ગદર્શન હેઠળ થઈ હતી. એક્ઝીક્યુટીવ કમિટિ મેમ્બર્સની ચૂંટણીમાં એકપણ નવા મેમ્બર્સ ન આવતાં, હાલની જૂની કમિટિને ઈલે. કમિ. ડેરેલ ડાયસે ચૂંટાયેલી જાહેર કરી હતી. આ વર્ષે એક્ટિવિટિમાં, બાળકો માટે ડ્રોઈંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પેરિશના ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓના ઘેર જઈને પ્રાર્થના કરીને શુભેચ્છા આપવામાં આવી હતી. પ્રેમમંદિર પેરિશ અને ઈમાક્યુલેટ કન્સેપશન ચર્ચ, મોચીબજાર પેરિશના કેટેકીઝમના બાળકોને રાજકોટની શાન સમા પિકનીક પોઈન્ટ 'ચૌકી ધાની' લઈ જઈને ઉજાણી કરવામાં આવી હતી. ધો-૧૦ અને ધો-૧૨ના બોર્ડના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને મોમેન્ટો

આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સંચાલક અને ઈલે. કમિ. ડેરેલ ડાયસનો, પેરિશ કાઉન્સિલર્સનો, લિજેન્ડ ઓફ મેરી ગ્રૂપનો અને યુથનો આભાર માનવામાં આવ્યો હતો.

(રાજેશ પી. ક્રિશ્ચિયન દ્વારા)

## હાલોલ કેથોલિક ચર્ચમાં તપઋતુ દરમ્યાન એક દિવસની રીટ્રીટ સંપન્ન થઈ

તા. ૧૭-૦૩-૨૦૧૪ના રોજ ધૂળેટીની જાહેર રજાના દિવસે પંચમહાલના હાલોલ કેથોલિક ચર્ચના સભાપુરોહિત, પેરિશ કા. કમિટિ અને યુથગ્રૂપના સભ્યોના સહયોગથી એક દિવસની રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. રીટ્રીટ માટે ફા. આરસકુમાર રાયપ્પન (ગુજરાત વિદ્યાદીપ, સેવાસી) ને આમંત્રિત કર્યા હતા. હાલોલ તાબાના સભાપુરોહિત ફા. બ્રિટોએ ફા. કુમારનો પરિચય આપ્યો હતો. પે.કા.ક.ના વા. પ્રેસિડન્ટ સ્ટીફન આઈ. પરમારે ફા. કુમારનું ફૂલહારથી સ્વાગત કર્યા બાદ, બે સેશનમાં ફા. કુમારે જીવનના ધ્યેય વિષે વાતો કરી હતી. જીવનના ધ્યેયને પૂરો કરવો, પોતાના જીવનમાં જબરજસ્ત યુ-ટર્ન લગાવીને, ભૂતકાળને ભૂલી જઈને, કોઈકે આપણી સાથે અન્યાય કર્યો હોય તો તેને માફ કરીને નવું જીવન જીવવું, અને પ્રભુ તરફ સાચા અર્થમાં પાછા વળવું અને તે માટે બાઈબલનાં વચનો જીવનમાં કેવી રીતે સાર્થક નીવડે છે તે વિષે વિગતે સમજણ આપી હતી. ત્યારબાદ, ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. રીટ્રીટમાં સ્થાનિક ધર્મજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. અંતે અનિલ મેકવાને આભારવિધિ કરી હતી.

(સૂચિત એસ. પરમાર દ્વારા)

## ડાકોર - પુષ્પાંજલિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ભવ્ય ઉજવણી

તા. ૨૨-૦૩-૨૦૧૪ના રોજ બપોરે એક વાગ્યે ડાકોરની પુષ્પાંજલિ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી પુષ્પાંજલિના સુપીરિયર સિસ્ટર રીટા, KSSSના ડાયરેક્ટર ફા. જોસફ અપ્પાઉ, જિલ્લા સમાજ સુરક્ષા એકમના શ્રીમતિ રાખીબહેન, ડોમનિકન સેન્ટર બાલાસિનોરના વકીલ સિ. મંજુલા, કાલસર ગામના સરપંચ બરકતઉલ્લા શેખ, યોગેશ્વરકુમાર છાત્રાલયના પ્રમુખ અમરસિંહ પરમાર અને ઠાસરા તાલુકાની વિવિધ ગામડાંઓની ૩૫૦ બહેનોની હાજરીમાં ભવ્ય રીતે કરવામાં આવી હતી.

પ્રાર્થના, દીપ પ્રાગટ્ય, સ્વાગત પ્રવચન, ત્રણ મહિલા સ્વ-સહાય જૂથોને ટ્રોફી એનાયતવિધિ તથા સોશિયલ વર્કર બહેનોને પુષ્પાંજલિ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં. KSSSના ડાયરેક્ટરનું સન્માન સરપંચ અને બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. સિ. મારીયા દ્વારા પુષ્પાંજલિ સંસ્થાનો વાર્ષિક રિપોર્ટ અને કાર્યસૂચી જણાવ્યાં હતાં. કાયદાનિષ્ણાત સિ. મંજુલાએ બહેનોના અધિકારો, હક્કો તેમજ બહેનોને લાગુ પડતા કાયદાઓ જેવાકે ઘરેલું હિંસા, ખાદ્યાખોરાકી, દહેજ વિષેની કલમોની બહેનોને સવિસ્તાર માહિતી આપી તેમને જાગૃત કરી હતી. રાખીબહેન અને ફા. અપ્પાઉએ પ્રસંગોચિત્ત વક્તવ્યો આપ્યાં હતાં. સાંસ્કૃતિક પ્રોગ્રામ પછી સિ. વંદના દ્વારા આભારવિધિથી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

(પુષ્પાંજલિ પરિવાર દ્વારા)

## ઉત્તરસંડામાં નવા કેથોલિક સેંટ જોસેફ ચર્ચની રચના થઈ

નડિયાદ ધર્મપ્રાન્તમાં આવેલ ઉત્તરસંડા ગામમાં એંસીથી નેવુ જેટલાં કેથોલિક કુટુંબોની વસ્તી છે. પ્રસંગોપાત નડિયાદ પેરિશમાંથી ફાધરો આવીને અહીં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા હતા. વર્ષો જૂના, તદ્દન બિસ્માર હાલતના આ ચર્ચના નવીનીકરણનું કાર્ય બિશપ થોમસ મેકવાન, સભાપુરોહિત ફા. મેરી જોસફ અને ગામના શ્રદ્ધાળુઓના સહકારથી શક્ય બન્યું. તા. ૧૯-૦૩-૨૦૧૪ના રોજ પવિત્ર યોસેફના તહેવારના દિવસે, આ સંત ગામના રક્ષક સંત હોવાના લીધે, ચર્ચને સંત જોસેફ ચર્ચ એવું નામ આપવામાં આવ્યું હતું. બપોરે ધર્મજનોનું સરઘસ હર્ષોલ્લાસથી નીકળ્યું હતું. પ્રમુખ પાઉલભાઈએ તેમનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. જ્યારે સભાપુરોહિત ફા. મેરી જોસફનું મહિલા પ્રમુખ શ્રીમતી ઉર્મિલાબહેને ફૂલહારથી સ્વાગત કર્યું હતું. આ બન્નેની સાથે ગામના સપૂત એવા ફા. અશોક મેકવાનને બગીમાં બેસાડીને સભામંડપમાં લાવવામાં આવ્યા હતા. સહુની હાજરીમાં બિશપશ્રીએ પવિત્ર તેલથી વેદીનો અભિષેક કર્યો અને ધર્મજનો માટે નવા બનાવેલા ચર્ચને ખુલ્લું મૂક્યું હતું. ત્યારબાદ બિશપશ્રી, સભાપુરોહિત, વિકાર જનરલ અને ફા. અશોક મેકવાન અને અન્ય ફાધરો દ્વારા ભવ્ય ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. ખ્રિસ્તયજ્ઞ પૂર્ણ થયા બાદ, બિશપશ્રીએ રિબિન કાપીને ચર્ચ હોલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ હોલ બનાવવા માટેનો સંપૂર્ણ ખર્ચ દાતા સતિષ મેકવાન તરફથી મળેલ રૂા. ૨૧,૦૦,૦૦૦/-ના દાનથી પૂરો થયો હતો. ત્યારબાદ, મંચસ્થ મહાનુભવો ના દીપપ્રાગટ્યવિધિ બાદ ડાન્સ સંગીતનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. મહાનુભાવો, દાતાશ્રી સતિષ મેકવાન, ગામના અગ્રણીઓ ચીમન મેકવાન, જોસેફ સેવરીન, રમણ પટેલિયાનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગનું આયોજન મનીષ સેવરીને કર્યું હતું. બિપિન મેકવાન, માયકલભાઈ અને ગામના યુવાધને આરંભથી અંત સુધી સઘળી જવાબદારી પોતાના શિરે ખડેપગે ઉપાડી લીધી હતી. અંતે સહુએ સાથે પ્રેમભોજન લીધું હતું. જયઈસુ.

(પોલ વિલ્યમ મેકવાન દ્વારા)

## વડોદરાના ડોન બોસ્કો ચર્ચમાં ફા. વિનયની એક દિવસીય કથાનું આયોજન કરવામાં આવ્યું

તા. ૨૩-૦૩-૨૦૧૪ના તપઋતુના ત્રીજા રવિવારે ડોન બોસ્કો, મકરપુરા, વડોદરા ખાતે ફા. વિનય એસ.જે. અને તેમની ટીમ દ્વારા એક દિવસીય કથાનું આયોજન, ભજનો અને સંગીતમય વાતાવરણ સાથે કરવામાં આવ્યું હતું. સવારે ૯.૧૫ વાગ્યે પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યા બાદ કથાનો શુભારંભ થયો હતો.

ફા. વિનયે કથા દ્વારા પ્રભુનો શુભસંદેશ આપ્યો હતો. તપઋતુ એ પ્રેમની ઋતુ છે, તપઋતુ એ તપની ઋતુ છે. પ્રભુ સાથે નાતો પાકો કરવા, પસ્તાવો કરી પાપની ક્ષમા માંગવી, બીજાના દુઃખમાં અચૂક સહભાગી થવું, આપણાં જીવનની રોજિંદી કુટેવો ઈર્ષા, અદેખાઈ, ક્રોધ, અભિમાન, વેરઝેરને સંપૂર્ણતઃ દફનાવી દઈને સાચેસાચ પ્રભુને પગલે ચાલવા, તેમની આજ્ઞાઓ પાળવા અને એ રીતે પોતાના જીવનમાં પ્રભુને પ્રથમ સ્થાન આપવું. આપણું શરીર એ તો પવિત્ર આત્માનું મંદિર છે, તેને ખૂબ જ શુદ્ધ રાખીને આપણામાં જ પવિત્ર આત્માને જાગૃત કરવો. સંત પાઉલના ઉદાહરણ દ્વારા સુંદર રીતે પ્રભુમય જીવન જીવવા, દુઃખો સહન કરવા, કસોટીઓનો દૃઢતાપૂર્વક સામનો કરવાની તેમણે હાકલ કરી હતી.

છેલ્લે, ક્રૂસના માર્ગની ભક્તિમાં ધર્મજનોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. પ્રાયશ્ચિત સંસ્કાર પામી, સઘળાં ભક્તજનોએ પાપના બોજથી હળવા થઈને પવિત્ર-પ્રાર્થનામય-નિષ્કપટ જીવન જીવવાના શપથ લીધા હતા. સભાયાજ્ઞિક ફા. ગ્રેગરીની અથાગ જહેમતથી કથાનો કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો. ફા. ગ્રેગરીએ ફા. વિનય અને તેમની સંગીત ટીમનો આભાર માન્યો હતો.

(ત્રિભોવન પરમાર દ્વારા)

## KSSS સ્ટાફ માટે નગરા ખાતે આધ્યાત્મિક રીટ્રીટ યોજાઈ

તા. ૧૯, ૨૦ અને ૨૧મી માર્ચના રોજ કૈરા સોશ્યલ સર્વિસ સો. અમદાવાદ દ્વારા નગરા ખાતે તપઋતુને ધ્યાનમાં રાખીને, સંસ્થાના કેથોલિક સ્ટાફ માટે ત્રિ-દિવસીય રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર રીટ્રીટ, ફા. પરેશ દ્વારા બાઈબલ આધારિત જ્ઞાન પીરસીને ચલાવવામાં આવી હતી. ફા. પરેશે બાઈબલના ૬૧૩ નિયમો વિશે ખૂબ સરસ સમજણ આપી હતી.

શાંતિ મેળવવા સાચું પ્રાયશ્ચિત કરવું પડે. સાચું પ્રાયશ્ચિત કોને કહેવાય અને ઘમંડી માટેના ૨૫ મુદ્દાઓ વિસ્તૃત રીતે તેમણે સમજાવ્યા હતા. ત્યારબાદ, પ્રત્યેકે પૂરા મનથી પ્રાયશ્ચિત કર્યું હતું. ફા. પરેશે પ્રાર્થના, ભજનો, ધર્મબોધ અને ઈસુના જીવનચરિત્ર પર ફિલ્મ બતાવીને, છેલ્લે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરીને રીટ્રીટની સુંદર રીતે પૂર્ણાહુતિ કરી હતી. આ રીટ્રીટમાં સંસ્થાનાં ૩૫ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. નગરા સેંટ ઝેવિયર્સના નાની દીકરી મંડળનાં સિ. આનંદી અને ફા. પરેશ સાથે સેવા આપતા ધર્મિષ્ઠ યુવાનો દ્વારા રીટ્રીટને પોતાનું યોગદાન આપીને સફળ બનાવી હતી. સંસ્થાના ડાયરેક્ટર ફા. જોસેફ અપ્પાઉના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ઈવેન્ટ ઓફિસર શૈલેષ જે. ખંભાલીયા દ્વારા રીટ્રીટનું તમામ આયોજન કરવામાં આવ્યું હતું. આભારવિધિ કઠલાલ સેન્ટરના મંજુલાબહેને કરી હતી.

(નીલા પી. પરમાર દ્વારા)

## નડિયાદથી ઉપડી મીની કાલવારી - કાટકૂવા - દક્ષિણ ગુજરાત ભક્તિયાત્રા

તા. ૩૦-૦૩-૨૦૧૪ના રોજ નડિયાદના નિર્મલ મરીયમ દેવાલયના સેંટ વિન્સેન્ટ-ડે-પોલ મંડળ દ્વારા 'મીની કાલવારી' કાટકૂવા યાત્રા-પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. નડિયાદથી ઉપડેલી યાત્રાએ કાટકૂવા, ઝંખવાવ, ઉમરપાડા, કોરવીમાતા, ડેડિયાપાડા સ્થિત દેવળોની મુલાકાત લઈ ગુલાબમાળાની ભક્તિ કરી હતી. દક્ષિણ ગુજરાતના દેવગઢ ખાતે મૂળ નડિયાદના વતની એવા જોનભાઈના ખૂબજ સહકારથી અમારો સંપૂર્ણ પ્રવાસ સગવડભર્યો અને આનંદીત બની રહ્યો હતો. જોનભાઈ પ્રવાસીઓને અડધી રાતે ઠેઠ અંકલેશ્વર પોતાની ગાડી લઈને લેવા માટે આવ્યા હતા, આગળ રસ્તો બતાવતા યાત્રાળુઓને દેવગઢ લાવ્યા હતા.

ચારે તરફ જંગલ જ જંગલની વચ્ચે આવેલું મીની કાલવારી - કાટકૂવા યાત્રાધામમાં ડુંગરના ઢોળાવ પર અલગ અલગ જગ્યાએ ક્રૂસના માર્ગનાં ચૌદ સ્થાનો બનાવવામાં આવેલાં છે. છેક ઉપર ડુંગરની ટોચે 'પવિત્ર મારીયા ઈસુના શબને ખોળામાં લે છે' એની સુંદર પ્રતિમા 'સુતોપાસીકા' બનાવવામાં આવેલી છે. સઘળા યાત્રાળુઓએ ખૂબ ભક્તિભાવથી ક્રૂસના માર્ગની ભક્તિ કરી હતી. ઝંખવાવની હાઈસ્કૂલના આચાર્ય ફા. પેટ્રીક્સ દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. સમગ્ર ભક્તિયાત્રાનું સફળ આયોજન દાનિયેલભાઈ અને રાજેશભાઈએ કર્યું હતું. (મહેન્દ્ર રાઠોડ દ્વારા)

## કેથોલિક વરિષ્ઠ પત્રકારનું બહુમાન

તા. ૨૩-૦૨-૨૦૧૪ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારકભવન, શાહીબાગ, અમદાવાદ ખાતે 'ગુજરાત પત્રકાર સંઘ' તરફથી 'નિરંજન પરીખ મેમો રિઅલ અમૃત મહોત્સવ'ના શુભ અવસરે ગુજરાતમાં પત્રકારત્ત્વ ક્ષેત્રે બહુમૂલ્ય યોગદાન આપનાર પત્રકારોને સન્માનવાના સમારંભમાં, આપણા પીઢ પત્રકાર ઈગ્નેશિયસ જોન ડાભી ઉર્ફે ચીમનભાઈ ડાભીનું પણ ભૂ. નાણામંત્રી સનત મહેતાના વરદ્‌હસ્તે શાલ તથા સન્માનપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. પત્રકારોને અપાતી તાલીમમાં તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું, અને પત્રકાર સંઘના મુખપત્ર 'ગુજરાત જર્નલ'ના સંચાલનમાં તેમના ફાળાની ખાસ કદર કરવામાં આવી હતી.

(નિ.અધ્યા. રેમંડ આર. પરમાર દ્વારા)

## એદન પાર્કમાં ક્રૂસના માર્ગની ભક્તિ

આણંદમાં ગામડી ગામથી તુલસી ગરનાળા વચ્ચેના ખૂબ ઝડપથી અદ્યતન - સુવિધાસજ્જ રહેણાંકો બની રહ્યાં છે. આ વિકસિત વિસ્તારમાં શ્રદ્ધાની સંપત્તિ-ભક્તિની પૂંજી સાથે કેથોલિક પરિવારોની સંખ્યામાં પણ વધારો થતો રહ્યો છે. તપઋતુ દરમ્યાન એદનપાર્ક - નવા ગામડી રોડ - તુલસી ગરનાળા વિસ્તારમાં પ્રથમવાર જ ક્રૂસના માર્ગની ભક્તિનું અનોખું આયોજન થયું હતું. ભાઈચારાની ભાવના અને સમુહ પ્રાર્થનાના શુભ હેતુસર ભાઈ સૂરેન્દ્ર અને અલ્પેશના પ્રસ્તાવથી ભક્તિ શરૂ થઈ હતી અને સહુ શ્રદ્ધાળુઓ સમયસર-શિસ્તબદ્ધ તેમાં જોડાયાં હતાં. ભક્તિના પ્રેરણાસ્રોત પીટરભાઈ, પ્રદીપભાઈ અને ગાયત્રીબહેનને અભિનંદન.

(મેન્યુએલ મેકવાન પે.કા. સભ્ય દ્વારા)

## અભિનંદન

સુરુચિપૂર્ણ 'કુમાર' સામાયિકમાં કાવ્યો, ચરિત્ર-સાહિત્યિક લેખો વગેરે સાહિત્ય સ્વરૂપો પ્રગટ થતાં રહે છે. આ બધા વિષયોમાંથી જે-તે વિષયના નિષ્ણાતો કૃતિને વર્ષની ઉત્તમ કૃતિ તરીકે જેને નક્કી કરે તેને તે વર્ષનો 'કુમાર સુવર્ણ ચંદ્રક' આપવામાં આવે છે. આ રીતે વર્ષ ૨૦૧૩નો કવિતા માટેનો કુમારચંદ્રક કવિશ્રી યોસેફ મેકવાનને મળે છે. તેમણે બાઈબલના સામ્સનો (સ્તોત્રો) છંદોબધ્ધ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે તે ઉપરાંત કવિતા, વાર્તા, નવલકથા, આસ્વાદ અને બાળસાહિત્યમાં તેઓ કાર્યરત છે. 'દૂત' પરિવાર તેમને અભિનંદન પાઠવે છે. (દૂત દ્વારા)

## નગરા ખાતે યોજાયું બાઈબલ અધિવેશન

તા. ૧૨, ૧૩ અને ૧૪મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ નગરા ખાતે ફ્રા. પરેશ દ્વારા યુવાનો અને ધર્મજનોને પૂરા દિલથી પ્રભુ તરફ પરત લાવવા - હૃદયપલટો કરવાના હેતુસર બાઈબલ અધિવેશન ગોઠવ્યું હતું. આ અધિવેશનમાં ફ્રા. લુઈસ લોયોઝ અને ફ્રા. અશોક જોડાયાં હતાં. આ સુંદર આયોજનમાં આનંદ-ઉમળકાથી બે હજાર ધર્મજનોએ ભાગ લીધો હતો.

આ અધિવેશનનો હેતુ અભિમાનમાંથી મુક્ત થવા માટેનો હતો. ફ્રા. પરેશે અભિમાનમાંથી મુક્ત થવા પચ્ચીસ મુદ્દા ખૂબ સરસ રીતે સમજાવ્યાં હતાં. જેથી દરેક વ્યક્તિ ઘમંડ - અભિમાનથી દૂર થાય અને પ્રભુમાં ખૂબ નમ્ર બને. તમામ ધર્મજનોને આની ખૂબ સારી અસર થઈ હતી.

(મર્સીબેન ક્રિશ્ચિયન દ્વારા)

## કલોલની સેંટ ઝેવિયર્સને શ્રેષ્ઠશાળાનો એવોર્ડ તથા પુરસ્કાર

ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતા દ્વારા દર વર્ષે જે શાળાએ ખૂબ સરસ રીતે વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડ્યું હોય તેવી શાળાઓની શૈક્ષણિક ચકાસણી કરીને જિલ્લા શિક્ષણધિકારી દ્વારા શ્રેષ્ઠ એવોર્ડ સાથે રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૧૪માં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે ત્રણ શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. તેમાં કલોલ શહેરની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ પ્રથમક્રમે આવી હતી. જેને ગાંધીનગર જિલ્લા શિક્ષણધિકારી દ્વારા રૂા. એક લાખનું ઈનામ પ્રાપ્ત થયું હતું. શાળાના આચાર્ય ફ્રા. જેમ્સ, એસ. જે.એ સહુને અભિનંદન પાઠવ્યાં હતાં અને આભાર માન્યો હતો.

(કિરણ પટેલિયા દ્વારા)

## નડિયાદમાં ફ્રા. શાંતિલાલની રીટ્રીટ

તા. ૧૭-૦૩-૨૦૧૪ના રોજ નડિયાદના સેંટ મેરીસ ચર્ચ ખાતે ગાંધીનગર ધર્મવિભાગના ફ્રા. શાંતિલાલ દ્વારા એક દિવસની રીટ્રીટનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટાભાગના સિનિયર સીટીઝન વડીલોએ તેમાં ભાગ લીધો હતો. ફાધરને દીક્ષાગ્રહણ કર્યા પછી પ્રથમવાર જ ભક્તજનોની આટલી મોટી હાજરીમાં રીટ્રીટ આપવાનો પ્રસંગ આવ્યો હતો. આ સોનેરી તકને તેમણે ઝડપીને શ્રદ્ધાળુઓને આખા દિવસની સુંદર રીટ્રીટ આપી હતી અને તેમાં તેમણે ઉપવાસ, પ્રાર્થના અને દાનધર્મનું મહત્ત્વ સમજાવ્યું હતું. બપોરના ભોજન બાદ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો, છેલ્લે વિલ્યમભાઈએ આભારવિધિ કરી પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતાં.

(કનુભાઈ વાઘેલા દ્વારા)

## વડોદરાના રોઝરી ચર્ચ પેરિશના ગુ. કે. પરિવારની વિવિધ પ્રવૃત્તિઓ

તા. ૮મી માર્ચ, ૨૦૧૪ના રોજ વડોદરાના રોઝરી ચર્ચ પેરિશના ગુ.કે. પરિવારની મહિલા પાંખે પ્રમુખ વિમલબેન અને ઉપ. પ્રમુખ પ્રેમિલાબેનના માર્ગદર્શન હેઠળ નારીદિનની ઉજવણી કરી હતી. ફ્રા. વિલિયમે મહિલા પાંખની સક્રિયતામાં 'ખ્રિસ્તયજ્ઞ' અર્પણ કર્યો હતો. બીજા બેઠકમાં મંચસ્થ મહાનુભવોની સ્વાગતવિધિ બાદ મહિલાપાંખ માટે દાનાર્પણ મળ્યાં હતાં. સહિયરવાડીના ડાયરેક્ટર દિપાલીબેને પ્રસંગને અનુરૂપ સૂત્ર આપતાં જણાવ્યું હતું કે, '૮મી માર્ચ મહિલાદિન, વર્ષનો પ્રત્યેક દિન અમારો.' ઓળખ સંસ્થાના નિમિષાબેન દેસાઈએ 'ન્યાય, સમાનતા અને શાંતિ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ગુ.કે. પરિવારના પ્રમુખ રાજેશભાઈ અને ફ્રા. વિલિયમે પ્રસંગોચિત વાતો કરી હતી. સ્નેહભોજન બાદ સહુ વિખરાયાં હતાં.

તા.૧૫ અને ૧૬મી ફેબ્રુ, ૨૦૧૪ના રોજ ગુ.કે. પરિવાર તરફથી ફ્રા. ઈગ્નાસની કથા રાખવામાં આવી હતી. ૨૩મી ફેબ્રુઆરીના રોજ સાતધામની કાલવારીની ભક્તિયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

('રાજબંધુ' જયંત પરમાર દ્વારા)

### SUMMONS BY EDICT
### Marriage Case

P - John Valentine Kantharia    R - Shiela Nirubutti Rao Suryavanshi

Since the present whereabouts of Shiela Nirubutti Suryavanshi, Respondent, in the above-mentioned marriage case are not known, she is, hereby summoned by this Edict to appear in person before the undersigned Judge in the Office of the Gandhinagar Inter-diocesan Ecclesiastical Tribunal, Diocesan Pastoral Center, Nirmal Nagar, Nadiad - 387002 on Monday 9 June, 2014 at 9.00 a.m. to give evidence in the above case presently being heard before the Gandhinagar Inter-diocesan Ecclesiastical Tribunal, Diocesan Pastoral Centre, Nirmal Nagar, Nadiad-387002. Anyone knowing about the whereabouts of Shiela Nirubutti Suryavanshi in the measure possible should duly apprise her of this summons.

Similarly, anyone knowing of Shiela Nirubutti Suryavanshi is kindly requested to inform this office of the same.

Fr. Appathurai S.
Judge

❈ પ્રવેશ જાહેરાત ❈

# ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ

**સેવાસી, વડોદરા**

**રજી. નં. બી.એ.ડી. - ૩૨ ટેકિનકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય માન્ય.**

**૧. ટી.ઈ.બી. પ્રમાણપત્ર અભ્યાસક્રમ** (સરકાર માન્ય)

| અ.નં. | અભ્યાસક્રમનું નામ | મુદત | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | **ફિટર** | ૨ વર્ષ | ધોરણ ૯ પાસ (એસ.એસ.સી. પાસ/નાપાસ) |
| ૨. | **ટર્નર** | ૨ વર્ષ | ધોરણ ૯ પાસ (એસ.એસ.સી. પાસ/નાપાસ) |
| ૩. | **પ્રેસ ટૂલ્સ એન્ડ ડાઈમેકિંગ** | ૨ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૪. | **ઈલેક્ટ્રિકલ સર્વીસ ટેકનિશ્યન** | ૨ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૫. | **એડવાન્સ ઓટોમોબાઈલ્સ એન્જી.** | ૨ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૬. | **ઈલે. ઈન્સ્ટોલેશન વાયરિંગ એન્ડ જોઈન્ટીંગ** | ૧ વર્ષ | ધોરણ ૯ પાસ (એસ.એસ.સી. પાસ/નાપાસ) |
| ૭. | **સેક્રેટરી આસી. ઈન ઈન્ફો. ટેક.** | ૧ વર્ષ | એસ.એસ.સી. પાસ (અંગ્રેજી સાથે) |
| ૮. | **સર્ટિ. કોર્ષ સોલાર એનર્જી સર્વિસ ટેકનિશ્યન** | ૧ વર્ષ | ધોરણ ૯ પાસ |

**૨. સંસ્થાકીય અભ્યાસક્રમ**

| અ.નં. | અભ્યાસક્રમનુ નામ | મુદત | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | **ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્કીંગ** | ૧ વર્ષ | એસ.એસ.સી. પાસ |
| ૨. | **સી.એન.સી. - ઓપરેટર (ટર્નિંગ સેન્ટર અને વી.એમ.સી.)** | ૨ માસ | મિકેનિકલ બે વર્ષના અભ્યાસક્રમ (આઈ.ટી.આઈ./ટી.ઈ.બી.) પાસ અથવા ડી.એમ.ઈ. પાસ |
| ૩. | **સી.એન.સી. - પ્રોગ્રામર (ટર્નિંગ સેન્ટર અને વી.એમ.સી.)** | ૪ માસ | મિકેનિકલ બે વર્ષના અભ્યાસક્રમ (આઈ.ટી.આઈ/ટી.ઈ.બી. પાસ અથવા ડી.એમ.ઈ. + **સી.એન.સી. - ઓપરેટર (X.T.I.) પાસ** |

☞ નવા શૈક્ષણિક વર્ષ: ૨૦૧૪-૨૦૧૫ માટેનાં અરજી પત્રક પરત કરવાની છેલ્લી તારીખ - **એસ.એસ.સી. પરિણામ જાહેર થયાના દસમા (૧૦) દિવસે રહેશે.**

☞ અરજી પત્રક **તા: ૨૮-૦૪-૨૦૧૪** થી ઓફિસમાંથી રૂબરૂ મેળવી શકાશે.

☞ માન્ય અભ્યાસક્રમો માટે બસ/રેલ્વે પાસ અને બહારગામના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સગવડ ઉપલબ્ધ છે.

☞ વધુ માહિતી માટે મળો:
**ફોન નં.: (૦૨૬૫) ૨૩૭૦૦૮૪**

**ડાયરેક્ટર શ્રી,**
**ઝેવિયર ટેકિનકલ ઈન્સ્ટિટ્યૂટ**
**સેવાસી, તા. જિ. વડોદરા - ૩૯૧૧૦૧**

# વ્હાલી "મા"ને પ્રથમ પુણ્યતિથિએ સ્નેહભરી શ્રદ્ધાંજલિ

"જીવન એવું જીવી ગયા કે, મૃત્યુ શરમાઈ ગયું.
દુ:ખને ગાયું નહીં, સુખને છલકાવ્યું નહીં,
હસતો રાખી ચહેરો, વિદાય લીધી ઓચિંતી
સદ્ગુણ થકી વસી ગયા, સૌના હૃદયમાં."



**સ્વ. દિવાળીબેન શીવાભાઈ મેકવાન**

પરલોક ગમન: ૦૯-૦૫-૨૦૧૩

વ્હાલી મા,

તારા સ્નેહના ઉપવનમાં, અમે પંખી બની કિલ્લોલ કરતા હતા. તારી છાયાની શીતળતામાં અમે નિર્ભય બની સૂતા હતા. એવામાં અચાનક અમ તમામને રડતા મૂકીને તું કેમ ચાલી નીકળી? અમારા બધાનો સંગાથ છોડીને, અમને સૌને નોંધારા મૂકીને, કોઈને કંઈપણ કહ્યા વગર આમ સાવ અચાનક કેમ જતી રહી? તને એમ કે, અમારી તો લીલીવાડી છે. અને હવે મારી ક્યાં કોઈને જરૂર છે? પણ વ્હાલી મા, એવું થોડું બને કે "મા"ની જરૂર પૂરી થાય? તારી હજુ અમારે બહુ જરૂર હતી. ત્યારે જ અમને તેં નોંધારા છોડી દીધા...

વ્હાલી "મા", તા. ૦૯-૦૫-૨૦૧૪ના રોજ તારાથી અળગા થયે એક વર્ષ પૂરું થશે. પરંતુ "મા"નો અંત નથી, જેથી આપના સ્મરણોની મીઠી છાંય આંખ પર નિરંતર છવાયેલી છે. આપના મમતા ભર્યા હાથનો અહેસાસ હંમેશાં શિરે અનુભવાય છે. આપની પ્રત્યક્ષ ગેરહાજરી છતાં સદાય સાથે હોવાનો અહેસાસ, પ્રેમાળ છબી અને તારી આંખોમાંથી છલકાતું અમી કેમ કરીને ભૂલી શકાય? આપની પ્રેમાળ છબી અમ સૌના દિલમાં કાયમી અંકિત રહેશે.

અમારી "મા" બનવા માટે તારો આભાર,
તારા જેવી "મા" આપવા માટે પ્રભુજીનો આભાર.

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપે એવી અભ્યર્થના.

**લિ. આપનાં દુ:ખી બાળકો**
**શાંતિલાલ, વિમળા, અર્ચના, વંદના (નડીઆદ)**
**પ્રવિણ, નીરૂ, સેલ્વીન, સેરેના (વટવા)**
**વિજય, પારૂલ, તન્વી, સ્મિત (વટવા)**
**કોકીલા, કનુ, ઉમંગ, નીરવ (હાલોલ)**
મુ. ખડાણા, તા. પેટલાદ, જિ. આણંદ

"મારે માટે જે કોઈ પોતાનું જીવન અળખામણું કરે છે
તે શાશ્વત જીવન માટે તેને સલામત રાખે છે."



# પ્રથમ પુણ્યતિથિએ પ્રેમાંજલિ

**સ્વ. દક્ષાબેન બીપીનચંદ્ર પરમાર**

**આલોકે આગમનઃ ૧૩-૦૭-૧૯૭૪**

**પરલોકે પ્રયાણઃ ૦૪-૦૧-૨૦૧૪**





૪૦ દિવસના ઉપવાસી ઈમાનુએલ, ઈસુખ્રિસ્તે તને ૪૦ વર્ષનું ટૂંકુ છતાં સંપૂર્ણ આયુષ્ય આપ્યું હતું. વજનદાર અને ભારે ક્રોસ તને પિતાએ પ્રદાન કર્યો હતો. તેં આનંદથી એ ક્રોસ ઊંચકીને ૪૦ વર્ષ સુધી આકરી તપશ્ચર્યા કરી. ૪૦મા વર્ષે એ બોજો અસહ્ય થતાં, જીવનરૂપી કાલવારી ડુંગર પર જ પિતાના ચરણોમાં ખરી પડી. અસીમ કરુણા સિંધુ - અતિપ્રેમાળ પિતા જાણે તારાં ખરવાની જ રાહ ન જોતા હોય તેમ તને ઊંચકી લીધી. માત્ર ૧૨ કલાકમાં જ તને નવજીવન પ્રદાન કર્યું. તારા સ્વજનોને પુનરુત્થાનની રાહ ન જોવડાવી. તારા પ્રાણનો તારા પ્રિયતમ પતિમાં સંચાર કર્યો.

૧૮ વર્ષના પૂર્ણ દામ્પત્ય જીવન દરમિયાન, તારી કૂખે પ્રભુ પિતાના પ્રસાદરૂપ આકાશ, અને આશિષ અવતર્યા. સંપૂર્ણ માતૃત્વથી તેં તેમનું ઉત્તમ કેથલિક બનાવવા માટે ઘડતર કર્યું.

અત્ર-તત્ર-સર્વત્ર તેં ઈસુ ખ્રિસ્તનો પ્રચાર કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. પિતાનો પરિચય કરાવવાની એક પણ તક તેં જતી નહોતી કરી; બલ્કે તેં એવી તકો પેદા કરીને ઉત્તમ પ્રૈષિતિક કાર્ય કર્યું હતું. 'પ્રેમ' એ જ તારું જીવન હતું. તારું મૃત્યુ એ જીવનનો ઉત્સવ બની રહ્યો, કારણ તું પુનરુત્થાન પામી છે.

**લિ. ખ્રિસ્તમાં તારા વ્હાલાં સ્વજનો,**

| | | |
|---|---|---|
| **રેગીનાબેન પી. પરમાર** | **જ્યોત્સનાબેન (મમ્મી)** | **બીપીન પી. પરમાર** |
| **તથા પરિવાર** | **રેવાભાઈ (પપ્પા)** | **આકાશ, આશિષ** |
| **અમદાવાદ** | **ઈન્દ્રણજ** | **તથા ખંભાત ધર્મવિભાગના ધર્મજનો** |



PAVAN HRUDAYA DOOT, May, 2014 No. of Pages 60 including cover R.N.I. No. GUJGUJ/2000/2975
Regd. No. AND/304/2012-14 valid up to Dec. 2014. Licensed to post without Prepayment Up to 30.06.2014
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# દાંપત્યજીવનની સુવર્ણ જયંતિ



તારી કરુણા જીવતરથીયે લાગે વ્હાલી વ્હાલી,
સ્તુતિ ગાશે મારા અધરો, સ્તુતિ ગાશે તારી. (સ્તોત્રસંહિતા ૬૩:૩)







**મનુભાઈ એમ. મેકવાન** **ગીતાબેન એમ. મેકવાન**

લગ્ન તારીખ: ૨૧-૦૫-૧૯૬૪ - ૨૧-૦૫-૨૦૧૪

**ઈશ્વરપિતાની અસીમ કૃપાથી અમારાં વ્હાલાં મમ્મી-પપ્પા, તા. ૨૧-૫-૨૦૧૪ના રોજ, તેમના લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂરાં કરીને ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે, ત્યારે અમો સમગ્ર પરિવાર પ્રભુ પરમેશ્વરનો આભાર માનીએ છીએ તથા તેઓને શુભેચ્છા પાઠવીએ છીએ. ઈશ્વરપિતા આવનાર હવે પછીના તેમના જીવનમાં તેમને સંભાળે, સાચવે સારી તંદુરસ્તી તથા દીર્ઘાયુષ્ય બક્ષે. એ જ અમારી પ્રાર્થના અને શુભેચ્છાઓ.**

**અમે અમારા વ્હાલા મમ્મી-પપ્પા બંનેએ અમારા જીવન ઘડતર માટે ઉઠાવેલ કષ્ટ અને ત્યાગ તથા અમારા જીવનની પ્રગતિ માટે આપેલ અમૂલ્ય યોગદાનને યાદ કરીએ છીએ. ઈશ્વરપિતા અમારા મમ્મી-પપ્પાને પુષ્કળ અને પુષ્કળ આશીર્વાદિત કરે તથા તેમનું જીવન પ્રભુના મહિમાર્થે વપરાય એ જ અભિલાષા.**

**લિ. અમો છીએ આપનાં જીવનપુષ્પો**

**મિલાપ-જ્યોત્સના** **સુરેશ-જ્યોતિકા** **ડો. રાકેશ-મનિષા**
**ઝીલ-નીલ** **તરંગ** **અપૂર્વ-રોમિલ**

૩, અભિલાષા સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા - ૨૪
(મો. ૯૪૨૭૦ ૫૪૯૭૭)



Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Dr. Thomas Parmar